उपोद्घात । १

पुरातनीभ्य समाभ्यो गीर्वाणवाणी प्रशस्तशिक्षणसरण्या उत्तमाङ्गत्वेन सबहुमानमाद्रियते विद्वद्भि । सा च दैवी वाक् पुराणप्रौढमहर्षिमुखपद्मनिर्गता पूर्वाचार्यै सिद्धसारस्वतैर्धार्यमाणा मध्यकालीनै प्रकाण्डपण्डितै सुकृतिभि सनिन्त धमार्थिजनताया उद्धारहेतोर्भगीरथप्रय नैर्वर्तमानभूमिमनायि । पर तस्या परमपुण्येष्वनिभव्येषु शास्त्रतीर्थेष्ववगाहनेन कतिपय एव यतिरेक अशकत्वा मान कृतकृत्यता नेतुम् । अथास्य पावनस्य पथ पुन सस्कारसमाधानसंमानमस्माक साम्प्रतशासितार सविशेषमर्हन्त । तैर्हि सोऽय क्लेशसहस्रसकुलो मार्ग सुगम सर्वजनानामकारि । एतैस्तु पाश्चात्यशिक्षणपद्धति भारते वर्षे सन्निहिताय प्रथयद्भिर्गीर्वाणवाण्या गरिमातिशय प्रपश्यद्भि परपरया चानवच्छिन्न प्रचारमालोचयद्भिरेतद्देशीयानामार्याणा तदधीत्युपपत्ति निरूपयद्भिर्नवानायामाङ्ग्लभाषया सपाद्याया सर्वसाधारण्यामुत्तमशिक्षणसरण्या सापि सगुरुगौरव समाधायि । ततश्चाङ्ग्लबोधाय पश्चिमपद्धतिमनुसृत्य नवा पाठावलि रचयितु दक्षिणापथ पाठशालाया साप्रतसस्कृतविद्यागुरुवर्या श्रीमद्रामकृष्णाचार्या आज्ञप्ता । तैश्चाङ्ग्लभाषया ग्रथिता खण्डद्वयेन सस्कृतपाठावलि । तेषा कृतधिया कृते सार्थकनोक्तियुक्तिभिर्निभावन नापेक्षते । सा जानकाशिक्षणाधिकारिणामुद्देशसाफल्ये च तस्या शतसहस्रगा द्राङ्नपोन पौ यथैवाल मानम् ।

अथात्र देशीयभाषासु प्रगास्त शिक्षण सक्रामितु स्थापितेषु शिक्षणमन्दिरेषु सस्कृतमध्यापयितु सुश्लिष्टे ग्रन्थावगाहेऽप्यक्षिन शिक्षाधिकारिभिर्निर्दिष्टाया पाठावल्या समीचीना रचनपरिपाटी

निर्वर्णयद्भिः सैव याथातथ्येन देशीयभाषासु प
धारि । ततश्च मार्गोपदेशिका नाम पाठावल्याः ∫
मानन्दशङ्करशर्मा गुर्जरीयभाषाया मेतेने । तच्च भाषान्तर मा
र्गोपदेशिकायाः प्रथमामावृत्तिमवलम्ब्यापादितमासीत् । तत ऊर्ध्व-
मितःप्रभृति नवकृत्वो मुद्रितायामाङ्ग्लभाषानिबद्धाया तस्यां शुद्धि-
वृद्धिविशेषबाहुल्यवशान्नवीनतमस्य संस्करणस्य कार्त्स्न्येन पुनरे-
वानुवादनं समादिष्टम् । तदनुरोधेनानुवादोऽयं प्राणायि । स चैव
तथा विशदीकृतः संस्कृतमधिजिगासूना वैक्लव्यलेशं निरस्ये-
दित्याशास्यते ।

પ્રસ્તાવના.

જુના કાળથી સંસ્કૃત ભાષા ઊંચી કેળવણીનું મુખ્ય અંગ મનાતી આવી છે એ પવિત્ર વાણી અતિ પ્રાચીન પ્રૌઢ મહર્ષિઓના મુખમાંથી નીકળી, તેને પૂર્વકાળના મુનિવરે ધારણ કરી, તથા મધ્યકાળના પંડિતોએ એ વૃદ્ધ કાળને પાવન કરનારી વાણીને આર્યવર્ગના ઉદ્ધારને અર્થે ભગીરથ પ્રયત્ને એકધારા અખંડિત પ્રવાહે વર્તમાન ભૂમિએ આણી પરંતુ તેના પરમ પાવન ભવ્ય જ્ઞાનતીર્થમાં ઝીલી વિરલા યાત્રિકો પોતાના આત્માને કૃતાર્થ કરી શકતા એ કલ્યાણકારી માર્ગને સુગમ અને સર્વ સામાન્ય કરવાનું માન આપણા વિદ્વાન વિદેશીય ગૌરવકર્ત્તાને છાજે છે પશ્ચિમની પદ્ધતિની કેળવણી તેમણે ભરતખંડમાં સર્વ હિતાર્થ દાખલ કરી, ત્યારે આપણી ગીર્વાણ વાણીની અપૂર્વ પ્રૌઢતા અને પરાપૂર્વથી ચાલી આવેલા અવિચ્છિન્ન પ્રચાર જોઇને, આપણું આર્યોને તેની આવશ્યકતા તેમની નજરમાં આવતાં તેમણે નવા પ્રકારની સર્વ-સાધારણ ઇંગ્રેજી ઊંચી કેળવણીના અંગ તરીકે આપણી દેવવાણીને દાખલ કરી તથા નવી પશ્ચિમની પદ્ધતિ ઉપર દક્ષિણ કૉલેજ સાંપ્રત સંસ્કૃત વિદ્યાગુરૂ પંડિતવર્ય રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર પાસે સંસ્કૃત પાઠાવળી ઇંગ્રેજીમાં રચાવી એવા વિદ્વાનની કૃતિ સર્વથા સાર્થક થાય એમાં કાંઈ કહેવા જેવું નથી તે પાઠાવળીની આજપર્યંત અનેક જથાબંધ આવૃત્તિઓ છપી ગઈ છે તે ઉપરથી સરકારનો ઉદ્દેશ કેટલે દરજ્જે પાર પડ્યો છે તેનો સહજ ખ્યાલ આવશે

એ પાઠાવળીની ઉત્તમ રચના જોઈ સરકારે દેશી ભાષામાં ઊંચી કેળવણી અને શિક્ષણ આપવા શિક્ષામંદિરો (ટ્રેનિંગ

કૉલેજ) સ્થાપ્યા તેમા સંસ્કૃત શિક્ષણના માટે એમણે પુસ્તકનુ ભાષાંતર કરાવવુ દુરસ્ત ધાર્યું. એથી કરીને એ પાઠાવળીના પ્રથમ પુસ્તકનુ ભાષાંતર રા. રા. નંદશંકર તુળજાશંકર પાસે એમણે પહેલવહેલુ કરાવ્યુ. એ એઓનુ ભાષાંતર મૂળ પાઠાવળીની પહેલી આવૃત્તિ ઉપરથી થયુ હતુ. ત્યાર પછી અત્યારસુધીમા માર્ગોપદેશિકાની નવ આવૃત્તિ થઈ ગઈ હોવાથી તથા તેમા ઘણો ફેરફાર થયેલો હોવાથી મૂળમાર્ગોપદેશિકાની નવમી આવૃત્તિનુ ભાષાંતર મૂળથી માંડીને નવુ તૈયાર કરવા મને સરકારે સોંપ્યુ તે ઉપરથી મેં આ તૈયાર કર્યું છે. આ ભાષાંતરથી, સંસ્કૃતના વિદ્યાર્થીઓને જે પહેલાં ગુંચવણ અને મુશ્કેલી પડતી હતી તે કેટલેક દરજ્જે દૂર કે ઓછી થશે એવી આશા છે.

અનુક્રમણિકા.



स्वर - विवेचना

कण्ठ तालु ओष्ठ मूर्धा दन्त कण्ठ तालु कण्ठ ओष्ठ

अ, आ, इ, ई, उ ऊ ऋ ॠ ऌ ए ऐ ओ औ

ं अनुस्वार ः विसर्ग

कण्ठ

नासिका

जिह्वामूलीय उपध्मानीय

1 विवार 2 श्वास 3 अघोष / 1 संवार 2 नाद 3 घोष

स्पृष्ट प्रयत्न

क	ख	ग	घ	ङ	कवर्ग
च	छ	ज	झ	ञ	चवर्ग
ट	ठ	ड	ढ	ण	टवर्ग
त	थ	द	ध	न	तवर्ग
प	फ	ब	भ	म	पवर्ग

अल्पप्राण / महाप्राण / अल्पप्राण / महाप्राण / अल्पप्राण

अन्तःस्थ वर्ण ईषत्स्पृष्ट — अल्पप्राण — तालु — य, दन्त-ओष्ठ — व, मूर्धा — र, दन्त — ल — 1 संवार 2 नाद 3 घोष

ऊष्म वर्ण ईषद्विवृत — महाप्राण — तालु — श, मूर्धा — ष, दन्त — स — 1 विवार 2 श्वास 3 अघोष

कण्ठ — ह — 1 संवार 2 नाद 3 घोष

यद्यपि ये 4 पञ्चमि वर्ग के अंदर इनके ग पांचो अल्प ... अल्पप्राण, अन्तःस्थ वर्ण के महाप्राण ... ति ... आने घोष ...

પાઠ ૧ લો.

પરસ્મૈપદ;*—વર્તમાનકાળ

એકવચન.

પ્રત્યય —પુરુષ ૧, मि; પુરુષ ૨, सि, પુરુષ ૩, ति.

પહેલા ગણના ધાતુ

गम् [गच्छ†] જવું	बुध (बोध्) જાણવું, સમજવું.	वद् બોલવું.
नी (नय्‡) દોરવું, લઈ જવું.	भू (भव्) થવું, હોવું.	वम् ઓકવું, વમવું.
	रक्ष् બચાવવું, સં[illegible]	— (सर, સરકવું,
पत् પડવું.	[illegible]	ખસવું, જવું.

* સંસ્કૃતમાં ક્રિયાપદના રૂપ [illegible] પ્રત્યયો બે પ્રકારના છે — પરસ્મૈપદ પ્રત્યય અને આત્મનેપદ પ્રત્યય. કેટલાક ધાતુએ કેવળ પરસ્મૈપદ પ્રત્યય લેનારા એટલે પરસ્મૈપદી, કેટલાક કેવળ આત્મનેપદ પ્રત્યય લેનારા એટલે આત્મનેપદી, અને કેટલાક બે પ્રકા[illegible]માંથી ગમે તે પ્રકારના પ્રત્યય લેનારા એટલે ઉ[ભય]પદી હોય છે.

† વિકરણ પ્રત્યય એટલે [illegible]ની નિશાની લાગતા કેટલાક ધાતુને બદલે જે વિશેષ રૂપ (જેમ કે गम् ને બદલે गच्छ) કે આદેશ (જેમ કે दृश ને બદલે पश्य) વપરાય છે, તે કાટખૂણ કૌંસમાં બતાવેલ છે.

‡ પહેલા ગણના વિકરણ પ્રત્યય પર સ્વરાંત ધાતુના અન્ત્ય સ્વરનો તથા વ્યંજનાંત ધાતુના ઉપાન્ત્ય (એટલે છેલ્લા વ્યંજનની પહેલાના) હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. इ તથા ई નો ગુણ ए, उ તથા ऊ નો ओ, ऋ તથા ॠ નો अर् અને ऌ નો अल् થાય છે.

ઉપર કહ્યાપ્રમાણે नी ધાતુનું ने રૂપ થાય તેને વિકરણ પ્રત્યય अ અને પછી પુરુષવાચક પ્રત્યય ति લગાડિયે. સંસ્કૃતમાં બે સ્વરો લગોલગ આવે છે ત્યારે સંધિ થાય છે તેથી કરીને આસ[પાસ]ના સ્વરોમાં સંધિ કરવી જોઈએ. [ત]ે નિયમ એવો છે કે ए अ

*બીજા ગણના ધાતુ

अस् હોવું | अद् ખાવું

પહેલા ગણનો ધાતુઓમાં પ્રથમે વિકરણ પ્રત્યય अ ઉમેરાય છે, ને ત્યારપછી તે તૈયાર થએલા રૂપ અથવા અંગને પુરૂષવાચક પ્રત્યય લાગે નહિ લગાડાય છે.

ગણ બીજાની ધાતુઓને પુરૂષવાચક પ્રત્યય લાગે નહિ લગાડાય છે.

પહેલા પુરૂષના म અને व થી શરૂ થતા પ્રત્યયો લાગતા તે म અને व ની પૂર્વના अ નો आ થાય છે

वदामि।	सरसि।	गच्छति।	बोधामि।
रक्षसि।	नयामि।	स्मरसि।	भवति।
पतति।	वदति।	लभति।	अर्हामि

। आरति।

पठ् पढ | पहेलो गण | गद् प्रति वद् लोडुं

चर् ચાલવું, ચરવું | दह् બાળવું

जीव् જીવવું | नम् નમવું

त्यज् તજવું, છોડી દેવું | पच् રાંધવું, પકાવવું

અને કોઈ સ્વર પછી કોઈપણ સ્વર આવે તે[redacted] બદલે अय्, आय्, अव्, आव् અનુક્રમે મૂકવામાં આવે છે [redacted] પછીનો સ્વર મળે છે તેથી કરીને न+अ=नय्+अ=नय તેને ति લાગવાથી नयति થાય છે તેજ પ્રમાણે भू+अ=भो+अ=भव्+अ=भव આવી રીતના સ્વર વિકારને લીધે ધાતુના જે રૂપ થાય છે તેને ગુણ કોશમાં આવ્યો છે

ग બીજા ગણના ધાતુનું રૂપાખ્યાન ઘણું કઠણ છે, તેથી આ ચોપડીમાં તેના જુજ ધાતુ આપ્યા છે આ ગણ બીજી ચોપડીમાં વિસ્તાર આપ્યો છે

ड અનુનાસિક સિવાય કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી અનુનાસિક વ્યંજન આવે, તો તે પૂર્વના વ્યંજનના બદલે તેનાજ વર્ગનો પહેલો અક્ષર મૂકવામાં આવે છે ह वाक्+मात्र=वाङ्मात्र

तु+पतति= कुशलपतति

(તું) બોલે છે.	(તે) ભમે છે.	(તે) તજે છે.
(તે) બોલે છે.	(તું) દોરે છે	(તું) નમે છે
(તું) જાય છે.	(તે) ખમે છે	(હું) ગાઉં છું
(હું) જાઉં છું.	(હું) થાઉં છું	(તું) બાળે છે
(તે) રહે છે	(તું) ખાય છે	(હું) બગાડું છું
(હું) રહું છું	(હું) છું.	(તે) ચાલે છે.
(તું) પડે છે.	(તું) છે.*	(હું) જીવું છું.

પાઠ ૨.

†બહુવચન.

પ્રત્યય—પુરુષ ૧, मस्; પુરુષ ૨, थ; પુરુષ ૩, अन्ति‡

ચોથો ગણ.	છઠ્ઠો ગણ
नश् નાશ પામવો, કનાં થવું	इष् [इच्छ] ઈચ્છવું, [illegible]
नृत् નાચવું.	प्रच्छ् [पृच्छ] પૂછવું. [illegible]
पुष् પોષવું, ઉછેરવું, પોષણ કરવું	मुच् [मुञ्च] મૂકવું, છોડવું
	विश् પેસવું, દાખલ થવું.
मुह् મુંઝાવું, ઘેલા થવું, બેભાન થવું	सृज् છોડી દેવું, સરજવું, પેદા કરવું.
लुभ् લોભ કરવો, લલચાવું.	स्पृश् અડકવું.

* સિ પ્રત્યય પર છતાં अस् ધાતુનો અન્ત્ય स લોપાય છે.

† સંસ્કૃત ભાષામાં દ્વિવચન (=બેવચન) ક્રિયાપદો [illegible] મુકવામાં આવે છે. એ દ્વિવચન નવા વિદ્યાર્થીઓને કઠણ [illegible] હોવાથી આ પાઠોના પાછળ મૂક્યું છે. બાકી ખરો અનુક્રમ એકવચન, દ્વિવચન ને બહુવચન એ પ્રમાણે છે.

‡ અન્તાદિ પ્રત્યય પર છતાં [illegible] લોપાય છે. [illegible] = [illegible] + अन्ति = [illegible]

પુરુષવાચક પ્રત્યય લાગતાં પહેલાં ચોથા ગણમાં य અને
ઠા ગણમાં अ ધાતુમાં ઉમેરાય છે.*

દ્વિવચન તથા બહુવચનનાં પુરુષવાચક પ્રત્યયો પર છતાં
स् (ग. २) નો अ નો લોપ થાય છે.

वदामः† ।	दहामः ।	लुभ्यन्ति ।
गच्छन्ति ।	सन्ति ।	सृजामः ।
चैतय ।	जीवथ ।	सृजथ ।
नयामः ।	नमन्ति ।	इच्छन्ति ।
भवथ ।	पुष्यामः ।	पृच्छथ ।
वसन्ति ।	नश्यन्ति ।	मुञ्चामः ।
स्थ ।	नृत्यथ ।	विशन्ति ।
अदन्ति ।	मुह्यामः ।	

(તમે) બીલો છો.	(તેઓ) પીએ છે.	(અમે) [illegible]
(અમે) જઇયે છિયે	(અમે) નાશ પામિયે છિયે	(અમે) [illegible]
(તેઓ) સમજે છે	(તેઓ) નાચે છે.	(તમે) યત્ન [illegible]
(તમે) દોરો છો.	(તમે) પેદા થાઓ છો.	(તેઓ) વડે
(તેઓ) થાય છે	(અમે) લોભ કરિયે છિયે	(અમે) સભાગિયે છિયે
(અમે) ગહિયે છિયે	(તેઓ) અડકે છે	(તમે) ફેંકો છો.
(તમે) આવ્યા છો.	(અમે) જીતિયે છિયે	(તેઓ) ભેટે છે
(અમે) છિયે.	(તમે) હરી જાઓ છો.	(અમે) ધગધિયે છિયે
(તેઓ) ભજે છે	(તેઓ) નવુંએ છે	(તેઓ) સુકાય છે
(અમે) જીવિયે છિયે		(તમે) લોટો છો.
(તેઓ) [illegible] છે.		(તમે) છાંટો છો.
(તમે) જીતો છો.		

પાઠ ૩.

દ્વિવચન.

પ્રત્યય—પુરુષ ૧, वस्. પુરુષ ૨, थस्; પુરુષ ૩, तस्

દશમા ગણનાં ધાતુ*

कथ् (कथय्) કહેવું. | चुर् (चोरय्) ચોરવું. | प्री [प्रीण्] ખુશ કરવું.
गण् ગણવું, ધારવું. | रच् રચવું. | [illegible] કરવું.
घुर् (घोर) [illegible] | पीड् નડવું, પીડવું. | मृड् [illegible], [illegible] કરવું.
[illegible] | [illegible] દેવું. | [illegible]
चिन्त् વિચારવું | प्रथ् પ્રસિદ્ધ કરવું. | रच् રચવું, [illegible]

* સામાન્ય રીતે કર્તરિ દશમા ગણનાં ધાતુઓ ઉભયપદી છે [illegible] વિકરણ પ્રત્યય अय લાગે છે, ઉપાંત ધાતુનો [illegible] તથા વ્યંજનાંત ધાતુના ઉપાંત્ય [illegible] થાય છે [illegible] આકારના ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે [illegible] [illegible] [illegible], [illegible] તથા [illegible] કેટલાક ધાતુમાં થતો નથી અર્થાત આ ધાતુનો સ્વર બદલાતો નથી [illegible] અથવા [illegible] થતા [illegible] અથવા [illegible], અને [illegible] ની વૃદ્ધિ [illegible] આ, [illegible]

પુરૂપવાચક પ્રત્યય લાગતા પહેલાં દશમા ગણના ધાતુમા વિકરણ પ્રત્યય अय ઉમેરાય છે.

चारयाव ।	घोषयथ ।	नमथ ।
पीडयथ ।	स्पृहयाव ।	स्त ।
कथयत ।	चिन्तयत ।	स्मराव ।
गणयाव ।	प्रीणयथ ।	जयथ ।
प्रथयाव ।	गच्छत ।	नश्यत ।
रचयत ।	नयाव ।	नृत्याव ।
अट ।	विशत ।	इच्छत ।

પહેલો ગણ.	ચોથો ગણ.	છઠ્ઠો ગણ.
अट् ભટકવું ભમવું.	कुप् ગુસ્સે થવું, કોપવું.	उञ्छ् વીણવું
चल् ચાલવું, જવું, ખસવું	क्षुभ ખળભળવું, ગભરાવું	कृष ખેડવું, ખેંચવું
जल्प् બબડવું, બકવું.	श्लिष् ભેટવું	स्फुर धડકવું, ફરકવું, તરફડવું
निन्द् નિંદવું, વખોડવું		
त्रास કહેવું, ત્રાસવું.		

દશમો ગણ.

पूज् પૂજવું. वर्ण વર્ણવવું, વખાણવું सान्त्व् શાંત પાડવું.

(તમે બે) ચોરો છો	(આપણે બે) પૂજિયે છિયે	(તમે બે) રાચો છો
(તેઓ બે) કને‍ડે છે	(તમે બે) ભમો છો	(અમે બે) મુસ્કિયે છિયે
(અમેબે) કહિયે છિયે	(તેઓ બે) ગુસ્સાય છે	(તેઓ બે) ખાય છે
(તમે બે) ગણો છો	(તમે બે) બોલો છો	(અમે બે) ગમિયે છિયે
(તેઓ બે) જુએ છે	(તેઓ બે) થાય છે	(તને બે) જઓ છો
(તમે બે) કોપો છો		
(તેઓ બે) ખેડે છે		

અને आल् છે ... चि ... चै + अव + नि =
+ अय + ति = चाययति तड् + अय + ति = (... ...)
+ अय + ति = ताडयति, घुष + अय + ति = (ગુસ્સ થવું)
+ अय + ति = पाययति

(તેઓ બે) જાહેર કરે છે.
(અમે બે) વિચારિયે છિયે.
(તમે બે) પ્રસિદ્ધ કરો છો.
(તેઓ બે) ખુશી કરે છે.
(અમે બે) વીણિયે છિયે.
(તેઓ બે) વર્ણવે છે.
(અમે બે) ભેટિયે છિયે.
(તમે બે) બબડો છો.
(તેઓ બે) શાંત પાડે છે.
(અમે બે) વખાણિયે છિયે.
(અમે બે) ધરાવિયે છિયે.
(તમે બે) લાભ કરો છો.
(તેઓ બે) લાટે છે.
(અમે બે) અડકિયે છિયે.
(તમે બે) પૂછો છો.
(અમે બે) નિંદિયે છિયે.



પાઠ ૪.

વર્તમાનકાળ સમય.

પહેલો ગણ.

क्षि (ક્ષય) ઘસાઈ જવું, ક્ષીણ થવું.
द्रु (દ્રવ્) ભરવું, ભીંજાવું [થવું].
रुह (રોહ) ઊગવું, વધવું, ઉપર ચઢવું.
स्था [તિષ્ઠ્] ઉભા રહેવું, રહેવું.
ह्वे (હ્વય્) બોલાવવું.

ચોથો ગણ.

मद् [માદ્] ગાંડા થવું, મસ્ત થવું, ભૂલવું, ચૂકવું.

शम् [શામ્] શાંત હોવું, મા- સતો રહેવું–થવું.
श्रम् [શ્રામ્] થાકી જવું.

દશમો ગણ.

क्षल् (ક્ષાલ્) ધોવું.
तड् (તાડ્) મારવું, હાંકવું, માર- મારવો.
तुल् (તોલ્) તોળવું,
पूज् શણગારવું.

वदसि ।	इच्छामि ।	रोहन्ति ।	पिबन्ति ।
वसथ ।	मुञ्चथ ।	पूजयन्ति ।	पश्यावः ।
बोधामः ।	स्पृशति ।	तिष्ठामि ।	ह्वयति ।
रक्षति ।	स्मरथ ।	स्पृहयथ ।	नयसि ।
पतामि ।	ताडयसि ।	हरतः ।	अस्थः ।
मुह्यति ।	क्षालयथ ।	जयमि ।	गणयति

सन्ति ।	सिव्यसि ।	शंसथ ।	पचन्ति ।
नश्यसि ।	लुठ्यन्ति ।	क्षाल्यति ।	पुष्यामि ।
नृत्यति ।	तुष्यामि ।	क्षयतः ।	पीडयन्ति ।
विशामः ।	अस्यथः ।	अद्मि ।	यजाम ।
पृच्छथः ।	कथयामि ।	जीवाम	श्राम्यामि ।
वहतः ।	कृपामः ।	त्यजथ ।	द्रवन्ति ।

चिन्तयति ।

(તે) પોષે છે.	(તુ) થાકે છે.	(અમે) હણી જઈયે છિયે
(હુ) નાચુ છુ.	(હુ) ઈચ્છુ છુ	(તમે) કહો છો.
(તમે) લોભ કરોછો।	(અમે બે) પિયે છિયે	(તુ) અડકે છે.
(તે) પેમે છે.	(તમે) બાગો છો.	(તેઓ) ઝબે છે
(તુ) ઈચ્છે છે	(તેઓ) ધુઓ છે.	(તમે બે) જાઓ છો।
(હુ) પૂજુ છુ	(તે) ઘમાઈ જાય છે	(તે) ચારે છે.
(તુ) નડે છે.	(તુ) કહે છે	(આપણે બે) છિયે.
(તે) ઉગે છે.	(તે) તાગે છે.	(તુ) ખુશ કરે છે
(અમે) બોલાવિયે છિયે	(તેઓ) ચારે છે.	(હુ) પેસુ છુ.
(તે) પેનો થાય છે	(તમે) ગોઠવો છો	(તેઓ) મારે છે.
(તેઓ) ધગાય છે	(તે) જાહેર કરે છે.	(અમે બે) રાધિયે છિયે.
(હુ) જીતુ છુ	(હુ) મભાડ છુ	(તમે) પૂજો છો.
(તમે) જાઓ છો।	(તેઓ બે) વમે છે	

સારાંશ તથા સવાલ.

પહેલો ગણ.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરૂષ ૧.	बोधामि	बोधावः	बोधामः
પુરૂષ ૨.	बोधसि	बोधथः	बोधथ
પુરૂષ ૩.	बोधति	बोधतः	बोधन्ति

ચોથો ગણ.

પુરૂષ ૧.	पुष्यामि	पुष्याव॰	पुष्यामः
પુરૂષ ૨	पुष्यसि	पुष्यथ	पुष्यथ
પુરૂષ ૩.	पुष्यति	पुष्यत	पुष्यन्ति

છઠ્ઠો ગણ

પુરૂષ ૧.	विशामि	विशाव	विशाम
પુરૂષ ૨	विशसि	विशथ.	विशथ
પુરૂષ ૩.	विशति	विशत	विशन्ति

દશમો ગણ

પુરૂષ ૧	चोरयामि	चोरयाव	चोरयाम॰
પુરૂષ ૨.	चोरयसि	चोरयथ	चोरयथ
પુરૂષ ૩	चोरयति	चोरयत॰	चोरयन्ति

૧ કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દન્ત્ય, ઓષ્ઠ્ય, અંતસ્થ, ઘોષ વ્યંજન અને અઘોષવ્યંજન કિયા છે તે ગણાવો

૨. इ, उ, ऋ અને ऌ ના ગુણવૃદ્ધિના રૂપ આપો.

૩ પહેલા, ચોથા, છઠ્ઠા, દશમા તથા બીજા ગણના વિશેષ લક્ષણ શા છે?

૪. વર્તમાનકાળના પુરૂષવાચક પ્રત્યયો આપો

૫. પહેલા પુરૂષના व અને म થી શરૂ થતા પ્રત્યયપર ...ની પૂર્વેના अ મા શો ફેરફાર થાય છે.

૬. ए, ओ, ऐ, અને औ પછી સ્વર આવે તો તેમને ઠેકાણે અનુક્રમે શા રૂપ મૂકવામા આવે છે? ઉદાહરણ પણ આપો

૭ કોઈ પણ વ્યંજનપછી અઘોષવ્યંજન આવે તો પૂર્વના વ્યંજનમા જે ફેરફાર થાય છે તે ઉદાહરણ સાથે સમજાવો

૮ પદાન્ત स અને र નુ શું થાય છે? એ ફેરફાર र ના સંબંધમા ક્યારે થાય છે?

૯ નીચેના ધાતુના વર્તમાનકાળના રૂપ આપો

[વિદ્યાર્થીના મનમા પાકા ઠસી જાય તેટલા માટે શિક્ષકની મરજીમા જેટલા ધાતુ આપવાની જરૂર જણાય તેટલા અહિં આપવા]

ઉપસર્ગ

ઉપસર્ગ ધાતુની પૂર્વે આવી ઘણું કરીને ધાતુના અસલ અર્થમાં ન્યૂનાધિક કરી વિશેષ અર્થ ઉપજાવે છે. મુખ્ય ઉપસર્ગ નીચે આપ્યા છે.

अति—હદ બહાર, अतिक्राम्यति તે હદ બહાર પગલુ ભરે છે, તે ઉલ્લંઘન કરે છે.

अधि—ઉપર, अधिगच्छति તે ઉપર થઈ જાય છે, તે મેળવે છે અથવા જાણી જાય છે.

अनु—પાછળ, મેળે, अनुसरति, अनुगच्छति તે પાછળ જાય છે, અનુસરે છે. [પાસે જાય છે.

अभि—તરફ, પાસે, अभिगच्छति તે તરફ જાય છે, અથવા

अव—નીચે, દૂર, अवतरति તે નીચે જાય છે, ઊતરે છે.

आ—હદ અથવા મર્યાદાના અર્થે, ઉલટાપણાના અર્થે, "સુધી" ના અર્થે, आगच्छति તે આવે છે, आरोहति તે (એટલે) સુધી વધે છે, ચઢે છે

उत्—ઉંચે, ઉપર, વિશેષ, उत्पतति તે ઉંચે જાય છે, કુદે છે उद्गच्छति તે ઉપર જાય છે, ઉંચે ચઢે છે

उप—પાસે, उपगच्छति તે પાસે જાય છે, જઈ મળે છે,

नि—અંદર, નીચે; निषीदति તે નીચે બેસે છે.

परा—"પાછુ" એવા અર્થે, ઉલટાપણાને અર્થે, पराजयते તે હારે છે;

प्रति—સામો, ઉલટુ, प्रतिभाषते તે સામા કહે છે, જવાબ દે છે.

प्र—આગળ, प्रयाति તે આગળ જાય છે

वि—નહિ, જુદુ, દૂર, વિશેષે કરીને, विश्लिष्यति તે જુદો પડે છે.

सम्—સાથે, એકઠા, *संगच्छते તે સાથે જાય છે, મળે છે.

---

* પદાંત म પછી કોઈ પણ સ્પર્શ વ્યંજન આવ્યો હોય, તો તે म્ ને બદલે વિકલ્પે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય છે અથવા તો તેને ઠેકાણે પછીના વ્યંજનના સ્થાનનો અનુનાસિક થાય છે જો પદાંત म પછી य, र કે ल् હોય, તો વિકલ્પે म્ને બદલે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર અથવા તો તેને ઠેકાણે અનુક્રમે ...

પાઠ ૫

પ્રથમા વિભક્તિ.*

૧. અકારાંત નામ.

પ્રત્યય

	એકવચન.	દ્વિવચન.	બહુવચન
પુલિંગ.	स	औ	अस्
*નપુંસકલિંગ.	म्	ई	आनि
	नृपः	नृपौ†	नृपाः‡
	फलम्	फले§	फलानि

સ્થાને બોલાતો य, व કે ल् થાય છે પરંતુ જો પદાંત म પછી ज, य ल्, र, કે ह् હોય, તો म ને બદલે અવશ્યે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર લખાય છે

* ગુજરાતી ભાષામાં સાત વિભક્તિયોને માટે પહેલી, બીજી ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, અને સાતમી એ શબ્દો વપરાય છે તે બદલ સંસ્કૃત ભાષામાં પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી પંચમી, ષષ્ઠી, સપ્તમી એ પદ વાપરવામાં આવે છે તેમજ નરજાતિ, નારીજાતિ ને નાન્યતરજાતિ કહેવાબદલ પુલિંગ, સ્ત્રીલિંગ ને નપુંસકલિંગ એમ કહેવાય છે

† अ કે आ પછી ए કે ऐ આવે, તો પાસે આવેલા સ્વરો મળી જઈને તેમને ઠેકાણે ऐ થાય છે, વળી अ કે आ પછી ओ કે औ આવે, તો પાસે આવેલા સ્વરો મળી જઈને औ થાય છે અર્થાત अ કે आ + ए કે ऐ = ऐ અને अ કે आ + ओ કે औ = औ.

‡ છેલા ચાર સ્વરો (ए, ऐ, ओ, औ) સિવાય બાકીનાં કોઈ પણ હ્રસ્વ અથવા દીર્ઘ સ્વર પછી તેજ હ્રસ્વ કે દીર્ઘ સ્વર આવે, તો પાસે આવેલા બે સ્વરો મળી જઈ તેમને ઠેકાણે દીર્ઘસ્વર થાય છે —दैत्य + अरि = दैत्यारि, कवि + ईश = कवीश. (પૃ ૬ની ટીપ ‡ પ્રથમા તથા દ્વિતીયાના રૂપને લાગુ નથી

§ જો अ કે आ પછી હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, કે ऌ હોય, તો પાસે આવેલા બે સ્વર બદલ તે તે પર સ્વરના ગુણના અક્ષર મુકાય છે, અર્થાત अ કે आ + इ કે ई = ए;— उ કે ऊ = ओ,— ऋ કે ॠ = अर्,— ऌ = अल्

नाम (પુલિંગ)

अश्व ઘોડો	नृप રાજા	मेघ વાદળ
ईश्वर ઈશ્વર.	पवन પવન, વાયુ	ग्राम ગામ (વિશેષ
कर्म કાચબો	पुत्र દીકરો, પુત્ર	वृक्ष ઝાડ [નામ)
जन લોક, માણસ	बाल છોકરો	समुद्र દરિયો
जीव જીવ, પ્રાણી	बुध ડાહ્યો, માણસ	मृग મોઢિયો.
नर પુરૂષ	मूर्ख બેવકૂફ, મૂરખ	हस्त હાથ.

(નપુંસકલિંગ)

कमल કમળ, પો-	धन દોલત.	मित्र મિત્ર, દોસ્ત
गृह ઘર [યણું	नेत्र આંખ	मुख મોઢું
जल પાણી	पर्ण પાંદડું	सुख સુખ [ગણ
दुःख દુખ	फल ફળ	हृदय હૈયું, અંતઃક

વાક્ય

नृपो* जयति ।	जीवौ मुह्यतः ।	धन नश्यति ।
अश्वा†धुत्यतन ।	हस्तौ हरतः ।	बाल स्पृहयति ।
जना‡ वदति ।	कर्म सरति ।	गहाणि॥ रक्षन्ति ।
सुखई मंगयति ।	फले पतन ।	नेत्र पश्यत ।

* વિસર્ગની પૂર્વે अ હોય તેમજ પછી अ કે ઘોષ વ્યંજન આવેલો હોય ત્યારે વિસર્ગનું उ થાય છે, અને તે उ પૂર્વના अ માં મળી ઓ થાય છે (પૃ ૧૪ ની ટીપ § જુઓ)

† પૃ ૪ ની ટીપ ‡ જુઓ

‡ વિસર્ગની પૂર્વે आ હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે, તો વિસર્ગ ઉડી જાય છે વળી વિસર્ગની પૂર્વે अ હોય ને પછી अ, સિવાયનો કોઈપણ સ્વર હોય, તોપણ વિસર્ગ લોપાય છે, અને એ લોપ કર્યાથી પાસે આવેલા સ્વરોની સંધિ થતી નથી,

*रा इम=नरा इम। बुध इच्छति=बुध इच्छति

પૃ ૧૩ ની ટીપ * જુઓ

સાદની અંદર ऋ र કે ष પછી લાગલોજ न આવ્યો હોય તો ण થાય છે વળી ऋ र કે ष અને न ની વચ્ચે સ્વર, ह ... અર્ધસ્વર મહાપ્રાણ ह તેમજ કંઠ્ય ક ઓષ્ઠ્ય વર્ગનો ... હોય, તોપણ न નો ण થાય છે પરંતુ પદને અંતે જો न ... હોય તો આ ફેરફાર થતો નથી ઉ नरान

मेघः सिञ्चति ।	रामः पूजयति ।	कमले नृत्यतः ।
मुखानि द्रवन्ति ।	पुत्रौ तुष्यतः ।	मित्राणि कथयन्ति ।
दुःखं पीडयति ।	नरा गच्छन्ति ।	बुधौ मुञ्चतः ।

जलं शुष्यति ।

રાજાઓ રક્ષે ઉ [છે	પવનો વાય છે	(બે) સમુદ્રો ભળ
(બે) છોકરા આલોટે-	પરમેશ્વર સરજે છે	ભળે છે. [રહે છે.
દીકરો ખુશ કરે છે.	વૃક્ષો ઊગે છે.	ડાહ્યો માણસ સામને
ઘોડાઓ કૂદે છે.	પાદડા પડે છે.	બેવકૂફો બકે છે.
મિત્ર પૂછે છે	હૈયું ધરાય છે.	ગોઈડા રાને છે.

૨. इकारांत નામ.

પ્રત્યય

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુલ્લિંગ.	स्	०	अस्

પ્રથમાના દ્વિવચનમા इकार દીર્ઘ થાય છે, અને બહુવચનમા अस् પ્રત્યય લાગતા इकारનો ગુણ થાય છે ; એ નિયમ પ્રમાણે

हरि	हरी	(हरे+अस्=) हरयः

નપુંસકલિંગ	०	ई	इ

इकारांत નપુંસક નામોને સ્વરાદિ પ્રત્યય લાગતા न ઉમેરવામા આવે છે, વળી પ્રથમા, દ્વિતીયાના બહુવચનમા इकार દીર્ઘ થાય છે. તેટલા માટે—

वारि	वारिणी	वारीणि

નામ (પુલ્લિંગ).

अग्नि અગ્નિ, દેવતા	ऋषि ઋષિ.	पवि વજ્ર.
अरि શત્રુ, દુશ્મન	कपि વાંદરો, વાનર.	पाणि હાથ.
असि તરવાર.	कवि કવિ.	यति યોગી, સંન્યાસી
उदधि મહાસાગર	गिरि પર્વત.	व्याधि રોગ.
धूर्जटि શિવ.	नृपति રાજા.	हरि હરિ કે ઈશ્વર

न (અવ્યય*) નહિ वारि (નપુંસકલિંગ) પાણી

* જેમને વિભક્તિના પ્રત્યય લાગતા નથી એટલે જેમના ભિન્ન રૂપાખ્યાન નથી, તેમને આ પદ કહે છે

વાક્ય

उदधिः क्षुभ्यति ।	नृपति*र्यजति ।	वारि नास्ति ।
कपयः क्षिपन्ति ।	वारीणि शुष्यन्ति ।	गिरिर्वहति ।
ऋषी चिन्तयतः ।	अग्निर्दहति ।	व्याधयो नश्यन्ति ।
अरिः पीडयति ।	कवयः शंसन्ति ।	पविः पतति ।

पाणी हरतः ।

શિવ† સંભાળે છે.	ગજાઓ લઈ જાય છે	(બે) દુશ્મનો જીતે છે.
ઋષિઓ‡ શાંત હોય છે	યોગિયો તૃષ્ણા રાખતા નથી	હરિ ગુસ્સે થાય છે
વાંદરાઓ દોડે છે.	તરવાર પડે છે.	હાથ છોડે છે.
કવિ વર્ણવે છે.		

પાઠ ૬.

દ્વિતીયા વિભક્તિ

૧. અકારાંત નામ.

પ્રત્યય

એકવચન.	દ્વિવચન.	બહુવચન.
म्	औ	आन्
बुधम्	बुधौ	बुधान्

નપુંસકલિંગ—પ્રથમા પ્રમાણે

નપુંસકલિંગ નામોની દ્વિતીયા વિભક્તિનાં રૂપો હમેશાં પ્રથમા વિભક્તિ જેવાંજ હોય છે

---

* स અથવા વિસર્ગની પૂર્વે अ તથા आ સિવાય કોઈ પણ સ્વર હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે, તો તે स् અથવા વિસર્ગનો र થાય છે

† र् પછી र આવે તો પૂર્વનો र् લોપાય છે, તથા તેના પૂર્વનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય છે

‡ વિસર્ગ પછી श्, ष् કે स् આવે તો વિસર્ગ કાયમ રહે છે, અથવા તો તે વિસર્ગને બદલે અનુક્રમે श्, ष् કે स् થાય છે

નામ (પુંલિંગ)

ओदन ભાત, રાં-	पाद પગ	व्याघ्र વાઘ
ધેલા ચોખા	पुरुष પુરૂષ, મરદ	शठ ખળ, લુચ્ચો
किङ्कर ચાકર	प्रज्ञ ડાહ્યો માણસ.	માણસ.
कोश ખજાનો, ભં-	बिडाल બિલાડો.	शर તીર
गज હાથી. [ડાર	भार ભાર, બોજો.	सिंह સિંહ.
ग्राम ગામ	मोक्ष મોક્ષ, મુક્તિ.	सूर्य સૂરજ
जनक બાપ	योध યોદ્ધો, લડ-	स्तेन ચોર
देह શરીર.	वेद વેદ [વાઈયો.	स्वर्ग સ્વર્ગ

(નપુંસકલિંગ)

अरण्य વન, જંગલ.	नगर શહેર.	वस्त्र લુગડું.
तत्त्व તત્ત્વ.	पाप પાપ.	विष ઝેર
तृण તરણું, ઘાસ.	पुस्तक પુસ્તક	सुवर्ण સોનું
धान्य અનાજ.	मांस માંસ	

વાક્ય

ईश्वरं जनः पूजयति ।	। धनं लुभ्यति ।
नृपः शठान् दण्डयति ।	स्तेनो धा य चोरयति ।
कविर्बुधौ शसति ।	पापं वदसि ।
पुत्रो जनकं सान्त्वयति ।	स्मरसि मित्राणि ।
रामो*ऽश्वमारोहति ।	बुधो मोक्षमिच्छति ।
व्याघ्रो मांसमत्ति ।	नगरं† गच्छामि ।
हरिर्हस्तौ क्षालयति ।	व्याघ्रो नरान् पीडयति ।
योधः शरान् क्षिपति ।	जलं पिबथ ।

---

* પદને અંતે ओ કે आ હોય ને તેની પછી अ આવે, તો अ પૂર્વના સ્વરમાં સમાય છે, એટલે તે બોલવાનો નથી તેમ લખવાનો નથી, અને તેને ઠેકાણે આવું ऽ અવગ્રહચિન્હ ઘણું મૂકવામાં આવે છે

† ક્રિયાપદ ગતિવાચક હોય તો જે સ્થાને જવાનું સ્થાન બતાવનાર શબ્દ દ્વિતીયા વિભક્તિમાં
વિભક્તિમાં આવે છે

पुस्तकं मार्गयामि ।
सुवर्णं तोलयामि ।
ग्रामानटाव ।
फले भक्षयामि ।
कमलानि पश्यति ।
भारं वहति किङ्कर ।

मज्ञान् वर्णयन्ति जनाः ।
वस्त्रं त्यजति मूर्खः ।
तृणान्यत्त्यश्व * ।
यतिर्देहं मुञ्चति ।
बिडालांस्ताडयति पुरुषः ।
गृहं प्रविशाम ।

ગમ વાઘો જુએ છે.
ઘોડા ખજાનો વહે છે
ડાહ્યો માણસ સ્વર્ગે ચઢે છે
સેઠો હાથિયોને ખાઈ જાય છે
(તે) કુળો ગણે છે
યોગી વન જાય છે.
યોધો (બે) તીર ફેંકે છે
પરમેશ્વર માણસોને સભાળે છે
(બે) ગાનોમાં (અમે) ફેરિયે છિયે
દીકરો બાપને ખુશી કરે છે.

(તેઓ) પગ ધુએ છે
(બે) મૂર્ખો ઝેર પીએ છે.
રાજાઓ ચોરોને સજા કરે છે.
(તેઓ) પુસ્તકો ગોઠવે છે.
(તમે) ભાત ખાઓ છો
રામને મિત્રો સભારે છે
લોક રાજાઓને વખાણે છે
ડાહ્યા માણસો લોકોને દોરે છે
(હું) મત્ય મમજુ છું
વેદો સૂરજને વખાણે છે

૨. ઇકારાંત નામ.

પ્રત્યય

	એકવચન	દ્વિવચન	બહુવચન.
પુલ્લિંગ	, ”	मागणयाम्	माण्णा म

* હ્રસ્વ ઇ {
નપુંસકલિંગ { અકારાંત નપુંસક નામોનાં રૂપો પહેલી બે વિભક્તિ સિવાય બાકીની બધી વિભક્તિમાં અકારાંત પુલ્લિંગ નામ જેવાજ થાય છે.

લિંગ	ઇકારાંત—आ	भ्याम्	भिस्
	वारिणा §	वारिभ्याम्	वारिभिः

૨ ૧૮ ની ટીપ † જુઓ।
ને બાપા વાપરવી, કારણ કે અગ સકર્મક છે
૧૮ ની ટી । § જુઓ।
૧૯ નો નિયમ તથા પૃ ૧ । ની ટીપ ॥ જુઓ।

નામ (પુંલિંગ)

अलङ्कार ઘરેણું	दण्ड લાકડી.	यजमान યજ્ઞ કરનાર
इन्द्र ઇંદ્ર	नद નદી.	यत्न પ્રયત્ન, મહેનત
उपहार ભેટ	नाविक ખલાસી.	रथ રથ
कर હાથ	पक्षिन् પક્ષી	रण લડાઈનો ગજ
कौशिक કુશનો વંશજ, કૌશિક ગોત્રનો પુરુષ	वाण બાણ, તીર.	विधि શાસ્ત્રની આજ્ઞા.
	ब्राह्मण બ્રાહ્મણ.	
	मन्त्र વેદના સૂક્તની કડી	श्लोक કવિતાની કડી
खञ्ज લંગડો.		

(નપુંસક લિંગ)

अन्न અન્ન, ખોરાક	चक्र પૈડું.	शरीर શરીર
अर्घ्य પૂજાનો માન, અર્ઘ	नख નખ.	शास्त्र શાસ્ત્ર
	पुष्प પુષ્પ	शीर्ष માથું
खनित्र ખોદાળો	यन्त्र યંત્ર, સંચો.	सूक्त વેદની કવિતાનું પદ, સૂક્ત.
गोत्र ગોત્ર, વંશ, કુળ	रत्न રત્ન, જવાહિર	

ધાતુ.

खन् ગ. ૧, ખોદવું.	प्र (ઉપ)+हृ ગ. ૧, માર મારવો.
अव (ઉપ)+गम् ગ. ૧, જાણવું	
चल् ગ. ૧, ચાલવું, ખસવું	हृ (हर्) ગ. ૧, હરવું

सह (અવ્યય) સાથે

વાક્ય

रामो ऽर्घ्येण† ऋषिं पूजयति ।
पादाभ्यां धावन्ति बालाः ।
पुण्येन हरिं पश्यति ।
कवयः श्लोकैर्नृपं वर्णयन्ति ।
बुधाः सुखेन जीवन्ति ।
नेत्राभ्यां पश्यति जनः ।
वारिणा हस्तौ क्षालयति ।
पाणिभ्यां स्पृशति शीर्षम् ।
सिंहो नखैर्गजान् दारयति ।
अग्निना गृहं दहति ।
बुधः शास्त्रैस्तत्त्वमवगच्छति ।
पत्तिभिर्गच्छति योधः ।
रामः कपिभिर्जयति रावणम् ।
गोविन्दं कौशिको ऽर्चति ।

રામ મણિયોએ શરીર શણગારે છે.
માણસ મુખવડે ગાય છે.
માણસો ભોગવડે શરીર પોષે છે.
ઋષિ મંત્રાઓવડે સ્તવે છે.
બ્રાહ્મણો (બે) સૂક્તોએ દેવને બોલાવે છે.
વિધિપૂર્વક ઈશ્વરને પૂજે છે.
(તેઓ) માથે ભાર (બહુ) વહે છે.
હરિ પ્રયત્નોએ ઋષિને ખુશી કરે છે.
રાજાઓ મિત્રોવડે ખુશી થાય છે.
(બે) શ્લોકોવડે (તે) રામને વખાણે છે.
માણસ શત્રુને તરવારે મારે છે.
રામ મારુતિ સાથે જાય છે.

પાઠ ૮.

ચતુર્થી અને પંચમી વિભક્તિ.

પ્રત્યય

		એકવચન.	દ્વિવચન.	બહુવચન.
અકારાંત પુલ્લિંગ	ચ૦	य	भ्याम्	भ्यस्
	પં૦	आत्	,,	,,
અકારાંત નપુંસક.	ચ૦ / પં૦	પુલ્લિંગ પ્રમાણે.		

* ઉપલા ચાર સ્વર (ऋ, ॠ, ऌ, ॡ) સિવાય બીજો કોઈપણ સ્વર પછી આવે તો સંધિ કરે, અથવા તો સંધિ ન કરતાં માત્ર... નો લોપ હોય તો દરેક ... તોએ ચાલે.

† પૃ. ૧૮ ની ટીપ † જુઓ.

‡ તૃતીયા વાપરવી.

शिखरात् पतन्ति गजाः ।
मोदकेभ्यो बालः स्पृहयति ।
अश्वात् पतति ।
अतिथिभ्योऽन्नं यच्छति ।
द्वीपाद्वीपमटति सार्थः ।
भृत्यं क्रोधाद्रामस्ताडयति ।
नगरादागच्छति* ।

नगरं वनाद्योजनम् ।
नमो देवेभ्यः ।
स्वस्ति हरये ।
पल्वलेभ्यो वराहा उत्तिष्ठन्ति
विनयः सुखाय भवति ।
हरये नृपतिः कुप्यति ।
निष्कान् धारयति रामाय हरिः

પાઠ ૯

ષષ્ઠી, સપ્તમી અને સંબોધન.

પ્રત્યય

		એકવચન.	દ્વિવચન	બહુવચન
કારાન્ત પુંલિંગ.	ષ૦	स्य	ओस्	नाम्
	સ	इ	,,	सु

કારાન્ત નપુંસક—પુંલિંગ પ્રમાણે.

नाम પ્રત્યય પર છતાં પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે; **ओस** તથા **सु** પ્રત્યય લાગતાં અન્ત્ય **अ** નો **ए** થાય છે.

કારાન્ત પુંલિંગ	ષ૦	अस्	ओस	नाम्
	સ૦	औ	,,	सु

औ પ્રત્યય લાગતાં પૂર્વની **इ** લોપાય છે.

અકારાન્ત નામના સંબોધનમાં મૂળરૂપજ વપરાય છે, અને કારાન્ત નામનું સંબોધન મૂળરૂપના અન્ત્ય **इ**નો **ए** કરવાથી થાય છે; બંનેના દ્વિવચન, બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાંજ છે.

ષષ્ઠી	रामस्य	रामयो	रामाणाम्
સપ્તમી	रामे	,,	रामेषु
સંબોધન	राम	रामौ	रामा
	हरे *	हर्यो	हरीणाम्
	हरौ	,,	हरिषु
	हरे	हरी	हरय

ષ૦	अस्	ओस	नाम्
સ૦	इ	,,	सु

પાના ૨૪ ની ટીપ્પણ જુઓ.

સંબોધનનું એકવચન મૂળરૂપના અંત્ય इकारનો વિકલ્પે ગુણ કરવાથી થાય છે; અને દ્વિવચન, બહુવચન, પ્રથમાના તે તે રૂપો જેવાંજ છે.

ષષ્ઠી	वारिणः	वारिणोः	वारीणाम्
સપ્તમી	वारिणि	,,	वारिषु
સંબોધન	वारे, वारि	वारिणी	वारीणि

નામ (પુલ્લિંગ).

अगद ઓસડ.
अधिपति ધણી, ઉપરી.
आचार ચાલ, યોગ્ય વર્તણુક.
कासार તળાવ, સરોવર.
खड्ग તરવાર.
ग्रीष्म ઉષ્ણ ઋતુ, ગ્રીષ્મ.
चन्द्र ચંદ્ર.
दीप દીવો.
धनपति કુબેર.
धनिक પૈસાદાર, તવંગર.
धर्म ધર્મ, ફરજ.
निधि ભંડાર, ખજાનો.
पराक्रम પુરૂષાર્થ, પરાક્રમ.
पालक રક્ષણ કરનાર, પાળનાર.
प्रकाश પ્રકાશ, તેજ.
प्रसाद મહેરબાની.
वर्ण જાતિ, રંગ.
वीर લડવૈયો.
वृष બળદ.
श्वापद શિકારીપશુ.
सुमन्त्र રામનો સારથિ.

(નપુંસકલિંગ.)

घृत ઘી.
चरित સંસારમાં વર્તવાની રીત.
चित्त ચિત્ત.
प्रमाण સાબિતી, પ્રમાણ.
युद्ध લડાઈ, સંગ્રામ.
यूथ ટોળું.
वचन વચન.
हिम હિમ, બરફ.
सौंदर्य ખુબસુરતી, મનોરંજકપણું.
लाङ्गूल પૂછડું.
हर्म्य ઘર, હવેલી.

વિશેષણ.

आह्लादक ખુશકારક.
गर्ह्य નિંદાલાયક.
चण्ड ગરમ, ઉગ્ર.
प्रथम પહેલું.
प्रशस्य વખાણવા લાયક.
लवण ખા[illegible]
श्रेष्ठ [illegible]
सम [illegible]
दीर्घ [illegible]

उप (ઉપ.) + विश् બેસવું. | ह (અવ્યય) ખરે, નક્કી, [illegible]

ટીપ—વિશેષણ વિશેષ્ય પ્રમાણે જાતિ, વચનવાળું પણ [illegible]

વાક્ય.

राणा पालको नृपः ।
समुद्रस्य जलं लवणम् ।
त्वस्य प्रसादेन जीवामि ।
शास्त्राणां तत्त्वं प्राज्ञो बोधति ।
वीरयोर्युद्धं भवति ।
वारीणां निधिरुदधिः ।
आसनेषूपविशन्ति ।
गिरेः शिखराद्रूपः पतति ।
कासारे कमलान्युद्भवन्ति ।
गजानां यूथं चरति ।
ग्रीष्मे सूर्यस्य प्रकाशश्चण्डो भवति ।
वर्णानां ब्राह्मणः श्रेष्ठः ।
ऋषीणां वचनं प्रमाणम् ।
शठानां चरितं गर्ह्यम् ।
धूर्जटौ यतीनां चित्तमस्ति ।

हरेः पुस्तकं क्वास्ति ।
नगरे जना वसन्ति ।
रामस्य पुत्रा ग्रामं गच्छन्ति ।
वनेषु श्वापदाः सन्ति ।
आचार्याः शिष्याणां धर्मं कथयन्ति ।
मनुष्याणामगदेन व्याधयो नश्य- [न्ति ।
रामस्य सारथिः सुमन्त्रो वनं रथं* नयति ।
चन्द्रस्य प्रकाशो जनानामाह्लादको भवति ।
गिरिषु वसन्ति सिंहाः ।
अरीणां सैनिकान् नृपातिर्जयति ।
योधस्य पाणौ खड्गोऽस्ति ।
कवयो लोकेषु वीराणां पराक्रमान् प्रथयन्ति ।

વાંદરાઓનાં પૂછડાં લાંબાં હોય છે.
કવિયોમાં કાળિદાસ પ્રથમ છે.
માણસનો ચાકર ગામ જાય છે.
રાજાઓ મેહેલોમાં રહે છે.
પૈસાવાળા હવેલિયોમાં રહે છે.
રામ માણસોમાં શ્રેષ્ઠ છે.
સરોવરોનું પાણી ખારૂં છે.
પર્વતોના શિખરો ઉપર બરફ છે.

ચોર બ્રાહ્મણનું ધન ચોરે છે.
(હું) વાડીઓની ખુબસુરતી વડે ખુશી થાઉં છું.
(તે) ઝાડનું પાંદડું લાવે છે.
(હું) દેવતામાં ઘી નાંખું છું.
હરિના (બે) છોકરાની ચાલ વખાણવા લાયક છે.
ઘરોમાં દીવા છે.
યક્ષો કુબેરના ચાકરો છે.

---

* પૃ. ૨૬ ની ટીપ ૬ જુઓ.

સારાંશ તથા સવાલ.

नृप—પુલ્લિંગ.

	એકવચન	દ્વિવચન.	બહુવચન
પ્રથમા	नृपः	नृपौ	नृपाः
દ્વિતીયા	नृपम्	,,	नृपान्
તૃતીયા	नृपेण	नृपाभ्याम्	नृपैः
ચતુર્થી	नृपाय	,,	नृपेभ्यः
પંચમી	नृपात्	,,	,,
ષષ્ઠી	नृपस्य	नृपयोः	नृपाणाम्
સપ્તમી	नृपे	,,	नृपेषु
સંબોધન.	नृप	नृपौ	नृपाः

कलि—પુલ્લિંગ.

પ્રથમા	कलिः	कली	कलयः
દ્વિતીયા	कलिम्	,,	कलीन्
તૃતીયા	कलिना	कलिभ्याम्	कलिभिः
ચતુર્થી	कलये	,,	कलिभ्यः
પંચમી	कलेः	,	,,
ષષ્ઠી	,,	कल्योः	कलीनाम्
સપ્તમી	कलौ	,,	कलिषु
સંબોધન.	कले	कली	कलयः

वन—નપુંસકલિંગ.

પ્રથમા	वनम्	वने	वनानि
દ્વિતીયા	,,	,,	,,
તૃતીયા	वनेन	वनाभ्याम्	वनैः
ચતુર્થી	वनाय	,,	वनेभ्यः
પંચમી	वनात्	,,	,,
ષષ્ઠી	वनस्य	वनयोः	वनानाम्
સપ્તમી	वने	,,	वनेषु
સંબોધન.	वन	वने	वनानि

सुरभि—નપુંસકલિંગ

	એકવચન.	દ્વિવચન	બહુવચન.
પ્રથમા	सुरभि	सुरभिणी	सुरभीणि
દ્વિતીયા	,,	,,	,,
તૃતીયા	सुरभिणा	सुरभिभ्याम्	सुरभिभिः
ચતુર્થી	सुरभिणे	,,	सुरभिभ्यः
પંચમી	सुरभिणः	,,	,,
ષષ્ઠી	,,	सुरभिणोः	सुरभीणाम्
સપ્તમી	सुरभिणि	,,	सुरभिषु
સંબોધન	सुरभि, सुरभे	सुरभिणी	सुरभीणि

૧. નીચેના પ્રશ્નના જવાબ દાખલાસાથે આપો?

(क) છેલ્લા ચાર સિવાય સવર્ણ સ્વરની સંધિ શી?

(ख) अ કે आ પછી હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, કે ऌ આવે તો સંધિ શી?

(ग) अ કે आ પછી ए, ऐ, ओ, औ આવે તો સંધિ શી?

(घ) હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, ऌ પછી કોઈ પણ વિવર્ણ સ્વર આવે તો સંધિ શી?

(ङ) ए કે ओ પછી अ આવે તો સંધિ શી?

(च) નામના દ્વિવચનને છેડે આવેલા ई, ऊ કે ए પછી કોઈ પણ સ્વર આવે તો, અને છેલ્લા ચાર સિવાય કોઈ પણ સ્વર પછી ऋ આવે તો, સંધિ શી?

(छ) પદને અંતે म આવે તો શું થાય?

(ज) જોડે આવેલા દંત્ય અને તાલવ્ય વ્યંજનની સંધિ શી?

(झ) જોડે આવેલા દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનની સંધિ શી?

(ञ) પહેલા ચાર વર્ગના અનુનાસિક સિવાય કોઈ ,

વ્યંજન પછી ઘોષ અક્ષર કે સ્વર આવે તો સંધિ શી?

(ङ) र् પછી र આવે તો સંધિ શી?

૨. न् નો ण् ક્યારે થાય છે?

૩. ક્યારે વિસર્ગનો ओ, ક્યારે र्, અને ક્યારે स्, ष्, કે श् થાય છે; અને ક્યારે તે લોપાય છે?

૪. પદાંત न् નો ક્યારે વિસર્ગપૂર્વક અનુસ્વાર થાય છે?

૫. નીચેના ક્રિયાપદોને અવ્યયો સાથે સંબંધ ધરાવતાં પદો કઈ વિભક્તિમાં આવે છે.

(क) ગતિવાચક ક્રિયાપદો.

(ख) ગુસ્સો, દ્વેષ, ચડસાચડસી અને અદેખાઈના અર્થનાં ક્રિયાપદો.

(ग) "દેણદાર હોવું" એવા અર્થમાં धृ ધાતુ; તથા स्पृह् ધાતુ

(घ) सह, नम॰, स्वस्ति, અને विना.

૬. કેટલાક દ્વિકર્મક ધાતુ ગણાવો.

૭. નીચેનાં નામોના રૂપાખ્યાન કરોઃ— [अकारांत કે इकारांत પુલ્લિંગ તથા નપુંસક નામો જોઈએ એટલાં મૂકવાં].

કેટલાએક ઉપયોગી અવ્યયો

अव्ययानि

अत्र અહિં.	अपि પણ.	एव એ પ્રમાણે.
अतः આથી, અહિંથી.	इति એમ, આપ્રમાણે.	एव નકી
		कथम् કેમ, શી રીતે
अद्य આજ.	इत्थं આવી રીતે.	कदा ક્યારે.
अधुना હવણાં.	इव જેમ, જાણે	किन्तु પરન્તુ, પણ

रम् રમવું.
रुच् (रोच्) પસંદ પડવું, ગમવું.
लभ् મેળવવું.
वन्द् નમવું
वृध् (वर्ध्) વધવું.
वेप् ધ્રુજવું, થરથરવું.
शङ्क् વહેમ આણવો, શંકા લેવી.
आ (ઉપ.)+शंस् આશા રાખવી, તકાસવું.
शुभ् (शोभ्) શોભવું, લાયક હોવું.
शिक्ष् શીખવું, ભણવું.
श्लाघ् વખાણવું.
सह् ખમવું.
सेव् સેવવું

ગણ ૪.

जन् [जा] ઉત્પન્ન થવું, નીપજવું.
युध् લડવું.

ગણ ૬.

मृ* [म्रिय्] મરવું.
विद् [विन्द्] મેળવવું.

ગણ ૧૦.

अव (ઉપ.)+धीर् તિરસ્કારવું, અવજ્ઞા કરવી.
मृग्† શોધવું.
नि (ઉપ.)+सूद् [निषूद्] નાશ પમાડવું.

નામ

अध्ययन ન૦ ભણવું, અભ્યાસ
असत्य ન૦ અસત્ય, જૂઠું.
अस्त्र ન૦ મંત્ર ભણીને ફેંકવાનું ચમત્કારી હથિયાર
उद्यम પુ૦ મેહેનત, ઉદ્યમ
कृष्ण પુ૦ કૃષ્ણ.
क्लेश પુ૦ દુઃખ, પીડા.
दुराचार પુ૦ ખરાબ ચાલ.
न्याय પુ૦ ન્યાયશાસ્ત્ર.
पारितोषिक ન૦ ઈનામ.
भय ન૦ બીક.
विश्वामित्र પુ૦ એક ઋષિ.
शासन ન૦ હુકમ.
सदाचार પુ૦ સારી ચાલ.
स्नेह પુ૦ પ્રેમ.
स्वास्थ्य ન૦ સ્વસ્થતા, શાંતિ.

---

* છઠા ગણના ધાતુના અન્ત્ય ऋ નો रि થાય છે અને તેમાં વિકરણપ્રત્યય अ ઉમેર્યાથી रिय થાય છે; જેમ કે मृ અને धृ ના ध्रियते અને म्रियते એવાં રૂપ થાય છે.

† આ ધાતુના ઉપાન્ત્ય સ્વરનો ગુણ થતો નથી. આ ધાતુ કેવળ આત્મનેપદી છે. પૃ. ૮ ની ટીપ † જુઓ.

देवं वन्दे ।
भयं शङ्कसे ।
भयाद्वेपते हृदयम् ।
सूर्यं प्रकाशते ।
व्याघ्रो म्रियते ।
असत्यं भाषसे ।
हरेरुदरमं श्लाघे ।
पुस्तकानि मृगयसे ।
वीरोऽरिं निषूदयते ।
मोदको बालकाय* रोचते ।
हे राम सुष्ठु शोभसे विनयेन ।
ज्ञानात्सुखं जायते ।
नारायणे रामस्य स्नेहो वर्धते ।
जनानां कल्याणाय नृपो यतते ।
आचार्यं शिष्यः सेवते ।
विश्वामित्रादस्त्राणि शिक्षते रामः ।
सदाचारेण मनुष्यः स्वास्थ्यं लभते ।
पुत्रस्य दुराचारान्मुखं नाशंसे ।

(હું) ન્યાયનો અભ્યાસ શરૂ કરૂં છું.
(તું) દુઃખ પામે છે
કૃષ્ણ છોકરાઓ જોડે રમે છે
ઝાડ હાલે છે
(તું) ગાજને મેર છે.
યોદ્ધો શત્રુઓ જોડે લડે છે
(તું) ઈનામ તકાસે છે
(હું) મિત્રોની આબાદી ઉપર ખુશી થાઉં છું
તુરયો ગજના હુકમોને તિરસ્કારે છે
(હું) વાદળને જોઉં છું
તે ઋષિયોને પગે લાગે છે

પાઠ ૧૨.

દ્વિવચન અને બહુવચન

	પુ ૧	પુ ૨	પુ ૩
દ્વિવચન.	वहे	इथे	इते
બહુવચન.	महे	ध्वे	अन्ते

---

૧ * રુચ અને એવા અર્થના બીજા ક્રિયાપદો સાથે રૂચિ ધરાવનારનું નામ ચતુર્થીમાં આવે છે
૨ કેહે. પૃ ૬ ની ટીપ * જુઓ

પરસ્મૈપદની પેઠે व ને म થી શરૂ થતા આત્મનેપદપ્રત્યયો લાગતા પૂર્વનો अ દીર્ઘ થાય છે.

वन्दावहे	वन्देथे	वन्देते
वन्दामहे	वन्दध्वे	वन्दन्ते



ધાતુ

ગણ ૧

कत्थ् વખાણવું, ઓપાવવું.	डी (डय्) ઉડવું.	स्मि (स्मय्) હસવું, મોં મલકાવવું.
क्षम् માફ કરવું.	भिक्ष्* માગવું, જાચવું.	वि (ઉપ.) + स्मि (स्मय्) આશ્ચર્ય પામવું, ચમકવું.
प्र (ઉપ) + गल्भ् બડાઈ મારવી.	याच् માગવું, જાચવું.	स्वाद् ચાખવું, ભાવવું
वृत् (वर्त्) હોવું.	स्पन्द् ધડકવું, ફરકવું.	

ગણ ૪

अनु (ઉપ.) + रुध् માનવું, અનુસરવું, તાબે રહેવું.

ગણ ૧૦

अभि+वाद् નમવું, પગે પડવું.

નામ

अपराध પુ. ગુન્હો.	चातुर्य ન. હોશિયારી.	मयूर પુ મોર.
अभ्युदय પુ. આબાદી, ચડતી.	तण्डुल પુ ચોખા.	भङ्ग પુ. ઉલ્લંઘન
आम्र ન કેરી.	द्रव्य ન. દ્રવ્ય, પૈસો	वसन्त પુ વસંત ઋતુ
उद्योग પુ ઉદ્યોગ, મેહેનત.	नयन ન. આંખ.	वातायन ન. બારી.
कपट ન. કપટ.	नारायण પુ. વિશેષ નામ.	विहग પુ પક્ષી.
गायक પુ. ગવૈયો.	निर्देश પુ ફરમાન, હુકમ.	वैयात्य ન. બેઅદબી, જંગલીપણું.
गुण પુ ગુણ.	नृत्य ન. નાચવું.	शुक પુ. પોપટ.
		सङ्गीत ન. ગાયન.
		स्वीय વિશે. પોતાનું.

* પૃ. ૨૬ ની ટીપ જુઓ

વાક્ય

मोदकान् स्वादन्ते ब्राह्मणाः ।
धनिकं द्रव्यं याचेते भिक्षुकौ ।
मित्राणामभ्युदये नरा मोदन्ते ।
मुनीनभिवादयावहे ।
स्वीयान् गुणान् कत्थेथे ।
उद्योगाद्धनं लभध्वे ।
वृथा प्रगल्भध्वे ।
बुधा मोक्षं विन्दन्ते ।
कपटं शङ्केथे ।
आकाशे विहगा डयन्ते ।
कृष्णस्य चातुर्येण विस्मयन्ते जनाः ।
मूर्खाणां वैयात्यं न सहामहे ।
वृक्षेषु कुसुमानि वर्तन्ते ।
आचार्यस्य निर्देशमनुरुध्यध्वे ।
भृत्यानामपराधान् क्षमामहे ।
रामस्य नयने स्पन्देते ।
शासनस्य भङ्गं न क्षमन्ते नृपतयः ।
गायकात्सङ्गीतं शिक्षावहे ।

(આપણે) વસંતઋતુમાં ફૂલો મેળવિયે છિયે.
(તમે) જાડું બોલો છો.
પર્વતો હાલે છે.
તારા પ્રકાશે છે.
(તમે) નાચવું શિખો છો.
નારાયણના કહ્યાણુસાર (તેના બે) મિત્રો મહેનત કરે છે.
(અમે બે) રાજાને સેવિયે છિયે.
(તમે બે) કેરીઓ ખાઓ છો.
(અમે બે) હરિ તરફથી કલ્યાણ તકાસિયે છિયે.
(બે) છોકરા વાડીમાં રમે છે.
(તમે બે) મિત્રોના ગુન્હા માફ કરો છો.
(તેઓ) ડાહ્યા માણસોના ગુણો વખાણે છે.
પોપટો બારીએ ઊડે છે.
પાપથી દુઃખ ઉત્પન્ન થાય છે.
માણસો મરે છે.
યાચકો ચોખા માગે છે.
(અમે) હવેલીની ટોચે મોર જોઇયે છિયે.

પાઠ ૧૨.

કર્મણિ રૂપ અને ભાવે રૂપ *

આ રૂપો ધાતુનો† य લગાડી આત્મનેપદના પ્રત્યયો ઉમેરવાથી થાય છે;‡ त्यज् + य + ते = त्यज्यते ; त्यज्यसे, त्यज्ये ઇ૦

જો ધાતુને છેડે ऋ હોય અને તે ऋ ની પેહેલાં જોડાક્ષર ન હોય તો આ રૂપોમા य લાગતાં તે ऋને બદલે रि મુકાય છે; જેમ કે कृનો क्रि થાય છે.

જો કોઈ ધાતુને છેડે હ્રસ્વ इ કે હ્રસ્વ उ હોય તો તે य લાગતાં દીર્ઘ થાય છે; જેમકે जि નો जी થાય છે

ધાતુ.

प्र (ઉપ) + अर्च् વિનવું.	दा§ [दी] આપવું.	रुद् રડવું.
	आ (ઉપ.) + दिश् ફરમાવવું.	श्रु સાભળવું.
कृ કરવું [ધાતુ		स्था [स्थी] ઉભા
ज्ञा જાણવું, ઓળ	पा [पी] પીવું.	हन् હણવું. [રહેવું

નામ

आदेश પુ. હુકમ.	ध्वनि પુ. અવાજ.
काष्ठ ન. લાકડું.	पौर પુ. શેહેરમા રેહેનારો, નગરવાસી
त्याग પુ. કામકું.	

---

* ગુજરાતી વ્યાકરણમા જેને સત્યભેદ કહે છે તે

† ધાતુના વિશેષ રૂપકે આદેશને આ य નથી લાગતો, પરતુ લાગલો ધાતુનેજ લાગે છે; જેમ गम [गच्छ्] ઉપરથી गच्छ्यते નહિ, પરંતુ गम्यते

‡ કર્મણિ રૂપ કે ભાવે રૂપ ગણભેદે કરી જુદા નથી થતા એટલે તે રૂપો બધાએ ધાતુઉપરથી એકસરખીજ રીતે થાય છે માત્ર ખુદ ધાતુઓમાજ અમુક ફેરફાર થાય છે, આથી કરીને જે ગણો ગુંચવણ ભરેલા ધારી આ પુસ્તકમા દાખલ નથી કર્યા તે ગણના ધાતુઓ પણ ચાલુ પાઠમા આપ્યા છે અલબત શિખનાર તેમના કર્તરિ રૂપો કરી શકશે નહિ

§ કર્મણિ રૂપ કે ભાવે રૂપનો य લાગતા ખુદ ધાતુનું જે વિશેષ રૂપ થાય છે તે અહિં કાટખુણ કૌસમાં મુકેલુ છે

વાક્ય

भिक्षा ब्राह्मणेभ्यो दीयते ।	सारथी हन्यते ।
नृपतेरादेश: क्रियते ।	अरयो अनेन वध्यन्ते ।
अग्निना काष्ठं दह्यते ।	सूर्येण प्रकाश्यते ।
शठो पुरुषैस्ताड्यते* ।	धान्यस्य राशयो नीयन्ते ।
जनैर्दृश्यामहे ।	बालकैः रुद्यते ।
व्याधिभि पीड्यध्वे ।	नरैः बुध्यते मार्गः ।
प्रेक्ष्यसे जनेन ।	नृपेणारयो जीयन्ते ।
पुत्रैः पूज्येथे ।	ईश्वरेण भूयते ।
आचार्यैर्धर्म उपदिश्यते ।	लोके प्रशस्यध्वे‡ ।
भृत्यैः सेव्यसे ।	शिष्यैर्नम्यावहे ।

मित्रैस्त्यज्ये ।

શત્રુ તીરવડે મરાય છે	હાથીઓ પકડાય છે
છોકરાના હાથ પાણીએ ધોવાય છે	કૃષ્ણનું શરીર ઘરેણાંવડે શણગાય છે
(તું) કવિઓવડે વખણાય છે	ડાહ્યા માણસોના ગુણો કવિઓવડે પ્રસિદ્ધ કરાય છે
(તમે) લોકોવડે શોધાઓ છો	શબ્દ સંભળાય છે
(હું) ચાકરોવડે સેવાઉં છું.	(બે) ઋષિ હરિવડે ખવાય છે
(આપણે) દુઃખવડે સેવા જાઈયે છિયે	(બે) તીર ફેંકાય છે
(તમે બે) લોકોવડે બોલાવાઓ છો	(તમે) રાજાવડે ફરમાવાઓ છો
	યોગી ગજાઓવડે દડાય છે.

(અમે બે) નગરવાસીઓવડે વિનવાઈયે છિયે

---

* દશમા ગણના ધાતુઓના સ્વરમાં જે ગુણ કે વૃદ્ધિનો ફેરફાર કર્તરિ રૂપમાં થાય છે તે કર્મણિ રૂપ કે ભાવે રૂપનો ય પ્રત્યય લગાડતા પહેલા પણ કરવામાં આવે છે ઉ૦—चुर કર્તરિ-ચોરયતિ, અને કર્મણિ ચોર્યતે નહિ પણ ચોર્યતે

† ૫ ૧૩ ની ટીકા જુઓ

‡ જો ધાતુમાં ઉપાન્ત્ય નકાર અનુસ્વાર હોય તો તે કેટલાએક કેટલાક સિવાય બીજે બધે ય પ્રત્યય લાગતા લોપાય છે

સારાંશ તથા સવાલ.

स्मि આત્મને. હસવું.

(વર્તમાનકાળ કર્તરિરૂપ).

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરૂષ ૧	स्मये	स्मयावहे	स्मयामहे
પુરૂષ ૨	स्मयसे	स्मयेथे	स्मयध्वे
પુરૂષ ૩	स्मयते	स्मयेते	स्मयन्ते

श्रु સાંભળવું (વર્તમાનકાળ કર્મણિરૂપ).

પુરૂષ ૧.	श्रूये	श्रूयावहे	श्रूयामहे
પુરૂષ ૨.	श्रूयसे	श्रूयेथे	श्रूयध्वे
પુરૂષ ૩	श्रूयते	श्रूयेते	श्रूयन्ते.

૧. છઠ્ઠા ગણમાં અંત્ય ऋ નો શો ફેરફાર થાય છે? તેવોજ ફેરફાર બીજા કયા પ્રસંગે થતો જોવામાં આવે છે?

૨ કર્મણિરૂપ કે ભાવે રૂપનો य પ્રત્યય લાગતાં ધાતુના અંત્ય હ્રસ્વ સ્વરનો શો ફેરફાર થાય છે? અને દશમા ગણના ધાતુનું શું થાય છે? તેમજ આ (ઉપ) + स्था, दा અને पा (પીવું) એ ધાતુઓનું શું થાય છે?

૩. નીચેના ધાતુના વર્તમાનકાળ કર્તરિરૂપ લખો.—
વૃધ્, વૃ ગ. ૬ [અહિં જોઈએ તેટલા આત્મનેપદી ધાતુ મુકવા.]

૪. रुच् ને એવા અર્થના બીજા ક્રિયાપદો સાથે રુચિ ધરાવનાર કઈ વિભક્તિમા આવે છે, તે દાખલા સાથે લખો.

૫. નીચેના ધાતુના કર્મણિ રૂપ યા ભાવે રૂપ આપો.
ગમ્, દૃશ્, સ્થા [અહિં જોઈએ તેટલા પરસ્મૈપદી અને આત્મનેપદી ધાતુ મુકવા].

૬. न અને वा નો પ્રયોગ શી રીતે થાય છે તે લખો.

પાઠ ૧૩

આકારાંત અને ઈકારાંત સ્ત્રીલિંગ નામો પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ.

પ્રત્યય

		એકવચન	દ્વિવચન	બહુવચન
આકારાંત	પ્ર०	०	ई	अस
	દ્વિ०	आम्	,,	,,
	પ્ર०	रमा	रमे	रमा
	દ્વિ०	रमाम्	,,	,,
ઈકારાંત	પ્ર०	०	औ	अम्
	દ્વિ०	म	,,	इस
	પ્ર०	नदी	नद्यौ	नद्य
	દ્વિ०	नदीम्	,,	नदी

નામ

સ્ત્રીલિંગ

अरुन्धती વસિષ્ઠ* ઋષિની વહુનુ નામ
आज्ञा હુકમ
कथा વાત, કથા
कन्या દીકરી, છોકરી
कला હુન્નર કળા.
कुमारी નપરણેલી છોકરી, કુમારી
क्षमा ક્ષમા, માફી
गङ्गा ગંગા
जननी મા
नटी નટી, સૂત્રધારની વહુ
नदी નદી.
नारी સ્ત્રી
पत्नी વહુ
पृथ्वी પૃથ્વી
प्रजा રૈયત, સંતતિ
प्रमदा જુવાન સ્ત્રી
भार्या વહુ
मही પૃથ્વી
माला માળા હાર
रजनी રાત્રિ
लज्जा લાજ,શરમ
लता વેલ
ललना સ્ત્રી
वापी વાવ
शोभा શોભા
सखी બહેનપણી
सहचरी સહિયર, સોબતણ, સોબતમાં રહેનારી

* પૃ ૧૯ ની ટીપ જુઓ

उपवन न. બાગ, વાડી.
कण्ठ पु. ડોક, ગળું.
गमन न. જવું, નીકળવું.
जनक पु. રામની વહુ સીતાનો બાપ
नारद पु. દેવઋષિનું નામ.
प्रासाद पु. મહેલ.
तल न. તળ, પૃષ્ઠ.
प्रासादतल न. અગાશી; મહેલનું ઉપલું પૃષ્ઠ.
सूत्रधार पु. નાટક મંડળીનો મુખ્ય.
हरिण पु. હરણ.

ધાતુ, ગણ ૧.

सम् (ઉપ.) + **गम्** આ. જોડાવું, મળવું.
तॄ (तर्) પ. તરવું, ઓળંગવું.
अव (ઉપ.) + **तॄ** (तर्) ઉતરવું
परि (ઉપ.) **नी** પરણવું.
शुच् પ. શોક કરવો.
अनु (ઉપ.) + **सृ** પાછળ જવું, અનુસરવું.

વાક્ય.

वसिष्ठस्य पत्न्यरुन्धती ।
नार्यो हर्म्याणां वातायनेभ्यः पश्यन्ति ।
कलाः कन्याः शिक्षन्ते ।
रामो जनकस्य कन्यां परिणयति ।
गङ्गा समुद्रं गच्छति ।
क्षमा वीरस्य भूषणम् ।
नारायणो जननीमाह्वयति ।
प्रजा नृपतिना रक्ष्यन्ते ।
उद्यानस्य शोभां पश्यति ।
नृपस्याज्ञे* अनुरुध्येते ।
उपवने नृपस्य कन्ये रमेते ।
लते मृशति ।
चन्द्रेण रजनी शोभते ।
नद्यौ संगच्छेते ।
कुमारी सख्यौ भाषते ।
वराहाः सहचरीः शोचन्ति ।
लज्जां त्यजति मूर्खः ।
नटी सूत्रधारस्य भार्या ।
ललनाः प्रासादतलमारोहन्ति ।
ब्राह्मणा महीमटन्ति ।

નારદ સ્વર્ગથી પૃથ્વી ઉપર ઉતરે છે.
કૃષ્ણ ગોવાળીઓની વાતો કહે છે.
જુવાન સ્ત્રીઓ બાગમાં રમે છે
(તે) ગળે ફૂલના (બે) હાર પહેરે છે.

---

* પૃ. ૨૦ ની ટીપ જુઓ

ગામની વહુ અરુન્ધતીને પગે
પડે છે ઇયે છિયે
(અમે બે) કુમારીઓને જો
સોબતણો હરણને અનુસરે છે
ગામમા (બે) વાવ છે

સૂત્રનાગ નદીને બોલાવે છે
હરિ નદીએ* જાય છે
વનમા વસવા માટે ગમનાની
કરવાનો† (તેની બે) મા
શોક કરે છે

પાઠ ૧૪

તૃતીયા, ચતુર્થી અને પચમી વિભક્તિ.

પ્રત્યય

		એકવચન	દ્વિવચન	બહુવચન
આકારાત અને ઈકારાત	તૃ	आ	भ्याम्	भिस्
	ચ	ए	,,	भ्यस्
	પ	अस	,,	,,

તૃતીયા વિભક્તિનો એકવચનનો પ્રત્યય લગાડતા છેલા **आ** નો ए થાય છે

ચતુર્થી, પચમી, ષષ્ઠી અને સપ્તમીના એકવચનના પ્રત્યયો લાગતા **आ**કારાત નામોમા **या** અને ઈકારાત નામોમા **आ** ઉમેરાય છે ઉ—*माला + या + ए = मालायै; नदी + आ + ए* = **नद्यै**

અથવા તો એકવચનના નીચે પ્રમાણે પ્રત્યયો ગણવા

	ચતુર્થી	પચમી	ષષ્ઠી	સપ્તમી
આકારાત	यै	यास्	यास्	याम्
ઈકારાત	ऐ	आस्	आस्	आम्

---

* પૃ ૧૮ ની ટીપ† જુઓ

† शुच् (શોક કરવો) ધાતુ સકર્મક છે માટે આ નામ દ્વિતીયામા મૂકવુ વળી આ વસવા માટે શબ્દનો અર્થ લાવવા 'વન' શબ્દ ચતુર્થીમા વાપરવો

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
તૃતીયા	मालया	मालाभ्याम्	मालाभिः
ચતુર્થી	मालायै	,,	मालाभ्यः
પંચમી	मालायाः	,,	,,
તૃતીયા	नद्या	नदीभ्याम्	नदीभिः
ચતુર્થી	नद्यै	,,	नदीभ्यः
પંચમી	नद्याः	,,	,,

નામ (સ્ત્રીલિંગ).

अवन्ती એક શહેરનું નામ.	जरा ઘડપણ.	पुरी શેહેર.
कान्ता વહાલી, વહુ.	दासी દાસી.	पूजा પૂજા.
कौशाम्बी એક શહેરનું નામ.	देवता દેવ કે દેવી.	प्रभा તેજ.
क्रीडा રમત, ખેલ.	पञ्चवटी દંડકારણ્યના એક ભાગનું નામ	महिषी પટરાણી.
चिन्ता ફિકર	पाठशाला નિશાળ	वाचा વાણી.
		व्यथा ઈજા, પીડા.
		सीता રામની વહુ.

गीत ન. ગીત.	नाग પુ. હાથી.
जग्ध पु. ઘરડો માણસ.	संदेश પુ. સંદેશો.
दूत પુ. જાસુદ.	हित ન. ફાયદાકારક, હિત.

निर् (ઉપ.) + गम् નીકળવું.	परि (ઉપ.) + तॄ* ઘેરવું.
द्युत् (द्योत्) ગ. ૧, આ. પ્રકાશવું.	नि (ઉપ.) + वृत् પાછા ફરવું.
	प्र. (ઉપ.) + हि* મોકલવું.

વાક્ય.

देवताभ्यो बलिं यच्छति ।	चित्तस्य व्यथया रामो मुह्यति।
कौशाम्ब्या निवर्तते दूतः ।	कान्तायै सन्देशः महीयते ।

---

* આ બે ધાતુઓના કર્મણિ રૂપોજ આ પુસ્તકમાં વાપર્યાં છે

अवन्त्या आगच्छति ।
कृष्णस्य पत्न्यै* फलानि रोचन्ते ।
दास्या सेव्यते महिषी ।
जरया क्षीयते शरीरम् ।
मणीना प्रभाभिर्द्योतते प्रासाद ।
लज्जया प्रविशति गृहम् ।
देवस्य पूजाया सुख लभते ।
क्रीडायै प्रविशत्युद्यानम् ।
सखीभि परिव्रियते सीता ।
सहचरीभ्यामनुगम्यते नाग ।
पञ्चवट्या निर्गच्छति राम ।
लताभ्या शोभते वृक्ष ।
गङ्गाया पुरी क्रोशौ ।
वापीभ्यो जल वहति ।
बालका पाठशालाभ्य आगच्छन्ति ।
प्रजाभ्यो हितमिच्छन्ति नृपतय ।

હરિ વાણીવડે મિત્રને શાંત કરે છે
શહેર નદીઓવડે ઘેરાયલું છે.
ક્ષમાથકી માણસ ચિત્તની સ્વસ્થતા મેળવે છે
ડાહ્યામાણસો પૃથ્વીથી સ્વર્ગ જાય છે
(તે) ઘરડા આદમીની વાર્તાથી સુખ મેળવે છે
નારાયણની વહુવડે ચોખા રંધાય છે
રાજાના હુકમે (હું) અવન્તી જાઉં છું
વસિષ્ઠ અરુન્ધતીની જોડે આવે છે
રામ દીકરીઓને ઘરેણાં આપે છે
(તે) હારવડે શરીર શણગારે છે
પટરાણી દાસીઉપર† ગુસ્સે થાય છે
(બે) કુમારીઓવડે બળિદાન કરાય છે
ફિકરથી દુઃખ ઉત્પન્ન થાય છે
સીતાબેનપણીઓપાસેથી ગીતો શીખે છે
સેનાપતિના હુકમે લશ્કરના સિપાઈઓ શહેરથી બહાર આવે છે

---

* પૃ ૩૫ ની ટીપ* જુઓ
† પૃ ૨૬ ની ટીપ† જુઓ

પાઠ ૧૫.

ષષ્ઠી, સપ્તમી અને સંબોધન વિભક્તિઓ.

પ્રત્યય

		એકવચન.	દ્વિવચન.	બહુવચન
આકારાંત અને ઈકારાંત નામો.	ષષ્ઠી	अस्	ओस्	नाम्
	સપ્તમી	आम्	,,	सु

ઈકાર પછી सु નો षु થાય છે. ओस् લાગતાં અંત્ય आ નો ए થાય છે. આકારાંત નામના સંબોધનનું એકવચન અંત્યસ્વરનો ए કરવાથી થાય છે. જેમકે हे रमे; અને ઈકારાંત નામનું સ્વર ટુંકાવવાથી થાય છે. જેમકે हे नदि; બંને પ્રકારના નામોનાં સંબોધનના દ્વિવચન, બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાં જ છે. પૃષ્ઠ ૨૭ નો નિયમ જુવો.

ષષ્ઠી	मालायाः	मालयोः	मालानाम्
સપ્તમી	मालायाम्	,,	मालासु
સંબોધન	माले	माले	मालाः
ષષ્ઠી	नद्याः	नद्योः	नदीनाम्
સપ્તમી	नद्याम्	,,	नदीषु
સંબોધન	नदि	नद्यौ	नद्यः

શબ્દ.

अयोध्या स्त्री. એક શહેરનું નામ.
इन्द्राणी स्त्री. ઇંદ્રની વહુ.
उदक न. પાણી.
कौमुदी स्त्री. ચાંદની.
गोदावरी स्त्री. નદીનું નામ.
चकोर पु. એક જાતનું પક્ષી.
छाया स्त्री. છાયા.
जयन्त पु. ઇંદ્રના પુત્રનું નામ.
तीर न. કાંઠો, તીર.
दण्डका स्त्री. એક જંગલનું નામ.
निशा स्त्री. રાત.
निशाचर पु. રાક્ષસ, દુષ્ટ માણસ.
प्रचुर विशे. પુષ્કળ.
प्रवर्तन न. પ્રેરણા.
प्रावीण्य न. હુંશિયારી.
प्रिय विशे. વહાલું.

मण्डप પુ. માંડવો
मत्स्य પુ. માછલું
माधुर्य ન. સુંદરતા, મધુરપણું
रथ्या સ્ત્રી શેરી, પોળ
र्हि ગ ૧, પરસ્મૈ. લાયક હોવું.

वल्लभ પુ. પ્રીતમ, ધણી
वाणी સ્ત્રી વાચા, ભાષા
विवाह પુ. લગ્ન
क्रीड् ગ ૧, પરસ્મૈ. રમવું, ક્રીડા કરવી

शकुन्तला સ્ત્રી એક સ્ત્રીનું નામ
शिला સ્ત્રી પથ્થર
शूद्रक પુ. એક રાજાનું નામ
सम्भार પુ. તૈયારી.
वि (ઉપ) + हृ, મજા મારવી, રમવું.

વાક્ય

अवन्त्यां शूद्रको वसति ।
गङ्गायां प्रभूतं जलं वर्त्तते ।
प्रजानां धर्मे प्रवर्तनं नृपैः क्रियते ।
उज्जयिन्यां शिवस्य पूजासु नृत्यन्ति नार्यः ।
सखि गच्छामि नद्यास्तीरम् ।
वृक्षाणां छायासु शिलायामुपविशति ।
कृष्णो भार्याया विनयं शंसति ।
चन्द्रो निशाया वल्लभः ।
गोदावर्या जले गजो विहरति ।
ग्रीष्मे नदीनामुदकेषु नृपाः प्रमदाभिः क्रीडन्ति ।
लतानां मण्डपं प्रविशन्ति ललनाः ।
वाप्यां कमलानि प्रहसन्ति ।
जनयो रामानुरुध्यत रामः ।
प्रियं पुत्रो ग्रामं गच्छति ।
सत्यां परमं स्नेहं शकुन्तलाया ।
कन्ययोर्विवाहस्य सम्भाराः क्रियन्ते ।

ગંગાના માંડવાઓ ઉપર ઝાડો છે
જયન્ત ઇંદ્રાણીનો દીકરો છે
રામના મિત્રો શહેરમાં ગયે છે
સ્વેચ્છાચારીમાં ખુશ થાય છે
તે પેશનું ફૂલ બાંધે છે [િ છે
હરિ દીકરીઓના ગુણો વખાણે
નદીઓમાં માછલાં હોય છે
(ર) અયોધ્યાના રસ્તામાં ગયા જોઉં છું [નાયક છે
શકુન્તલા નામ સ્ત્રીઓના પ્રેમને
ગામની વાણીમાં મિઠાશ છે
સીતાના (બે) દીકરા ક્યાં છે
દંડકામાં ગક્ષ્મ છે
પૃથ્વી ઉપર શિલાઓ છે [જોઉં છું
(૮) ઝાડની છાયામાં માછલાંઓ

સારાંશ તથા સવાલ.

शाला (સ્ત્રીલિંગ) જગા.

	એકવચન	દ્વિવચન.	બહુવચન
પ્રથમા	शाला	शाले	शाला
દ્વિતીયા	शालाम	,,	,,
તૃતીયા	शालया	शालाभ्याम्	शालाभि
ચતુર્થી	शालायै	,,	शालाभ्य.
પંચમી	शालाया.	,,	,,
ષષ્ઠી	,,	शालयोः	शालानाम्
સપ્તમી	शालायाम्	,,	शालासु
સમ્બોધન	शाले	शाले	शाला

दासी (સ્ત્રીલિંગ) દાસી.

પ્રથમા	दासी	दास्यौ	दास्यः
દ્વિતીયા	दासीम्	,,	दासीः
તૃતીયા	दास्या	दासीभ्याम्	दासीभिः
ચતુર્થી	दास्यै	,,	दासीभ्यः
પંચમી	दास्या.	,,	,,
ષષ્ઠી	,	दास्योः	दासीनाम्
સપ્તમી	दास्याम्	,,	दासीषु
સમ્બોધન	दासि	दास्यौ	दास्यः

૧ નીચેના નામોના રૂપો કરો —
सहचरी, प्रमदा ઇત્યાદિ

પાઠ ૧૯.

પ્રથમ ભૂતકાળ.

પરસ્મૈપદ

પ્રત્યય

	પુરૂષ ૧	પુરૂષ ૨	પુરૂષ ૩
એકવચન	अम*	स	त्
દ્વિવચન	व	तम्	ताम

આ કાળમા ધાતુની પૂર્વે† આગમ अ આવે છે

એકવચન	अबोधम	अबोध	अबोधत्
દ્વિવચન	अबोधाव	अबोधतम	अबोधताम्

પ્રથમ ભૂતકાળના પ્રત્યયો લાગતા પ્રથમ વિકરણ પ્રત્યય ઉમેરવામા આવે છે, त અને स् પ્રત્યયો પૂર્વે अस् (હોવુ) ધાતુમા ई અને अद् (ખાવુ) ધાતુમા अ વધારવામા આવે છે, ઉ — आसीत्, आदत्.

નામ.

अज पु. બકરો.
गोष्ठ પુ કોઠ, ગાયનો વાડો.
ग्रन्थ પુ પુસ્તક, ગ્રથ
तनय પુ દીકરો
दशरथ પુ એક રાજાનુ નામ, રામનો બાપ
महिष પુ પાડો
सकट ન. સકટ, સકડામણ, આફત [ણુભૂમિ
समराङ्गण ન ર.
सेना સ્ત્રી. લશ્કર

रामो रावणमहन् । | योधा रथे गदामक्षिपन् ।
सीता गोदावर्यास्तीरमगच्छत् । | ललना छायायामुपाविशताम् ।
गङ्गाया जलमपिबम् । | पुत्राणां धर्ममकथय ।

---

* પૃ ૬ની ટીપ ‡ જુઓ
† જો ઉપસર્ગસહિત ધાતુ હોય તો ઉપસર્ગની પછી એટલે ધાતુની પૂર્વે આગમ अ મૂકાય છે

सीता वने ऽत्यजात ।
सकन्येभ्या जनमरक्ष ।
गिरे शिखरादजातपनताम ।
रथ समराङ्गणमनयम ।
हरिरश्वमारोहत ।
देवानयजाव ।
अरण्ये महिपानपश्यम ।
स्तेनौ धनिकस्य धनमचारयताम् ।

दशरथस्तनयमाह्वयत् ।
ईश्वरस्य प्रसादेन हरे क्लेशा
ऽनश्यत् । [सम
पुरा भार्यया सहोज्जयिन्यामव
शिष्यावाचार्यमनमताम ।
अवन्त्यामभव ।
अयोध्यामासी ।
अग्निर्वनमदहत् ।
भिक्षुकेभ्या निष्कानयच्छम् ।

મરીવગનુ વાણી સૂકાવુ
સેનાપતિ નરકને રણભૂમિ ઉપરથી લઈ ગયો
ગામે (બે) મિત્રોએ સભાર્યા
(તુ) રામની આનવે પુરા થયો [કયા
(અમે બેએ) શ્રી (આ) ગાત પગમધરે ફરી સાજી
(તે) માણસો વાડીમાં પેઠા

(એ) નારકો તરફ દોડયા
(તમે બે) વનમાં ગયા
મ (એક) શાગથી (બાજે) શહેરે મારયો
(મ) પુસ્તક પ્રસિદ્ધ કર્યું
(તમે બે) હરિના વાડામાંથી કૂજો હૂંગી ગયા
(તમે બેએ) ગામની વાત કરી ।
કૂ તે પગ વાયા

ગા (લઈ જવ) દ્વિકર્મક છે માટે આ દ્વિતીયા વાપરવી
+ ત્યજ સકર્મક છે માટે દ્વિ તીયા વાપરવી
ગ નગાવ દ્વિ તીયા વાપરવી
§ અહિ નગર વાચક વાપરતાં નીચનો સાવના નિ ર ર યા ર ભરો જોઈએ
પદકે શ ન મતે આવેલા વ્યંજન પછી અનુનાસિક આવે તો તે વ્યંજનને બદલે તેનાજ વર્ગના અનુનાસિક વિકલ્પ મનાયમાં આવે છે. C एतद्+मुरारि=एतन्मुरारि અથવા एतद्मुरारि જો વ્યંજન પછી આવનાર અનુનાસિક તદ્ધિતપ્રત્યયનો અક્ષર હોય તો તે વ્યંજનને બદલે અનુનાસિકજ મુકાય છે. ઉ—चिन+मय= चिन्मय
| क्रय ધાતુના અને કર્મા ? ની ચાર દ્વિતીયામાં મનાયમાં આવે છે અથવા તો અનુપશ્ય કર્મ ગાથી છઠ્ઠીમા મનાય છે

પાઠ ૧૭.

પ્રથમ ભૂતકાળ (ચાલુ.)

પરસ્મૈપદ બહુવચન અને આત્મનેપદ એકવચન.

પ્રત્યય

	પુરુષ ૧	પુરુષ ૨	પુરુષ ૩
પરસ્મૈ. બહુ.	म	त	अन्
	अगच्छाम	अगच्छत	अगच्छन्
આત્મને. એક.	इ	थास्	त
	अलभे	अलभथाः	अलभत

જે ધાતુઓને આરંભે સ્વર હોય છે, તેની પહેલાં अ ને બદલે आ આગમ મૂકવામાં આવે છે. તે आ માં ધાતુની શરૂઆતનો इ કે ई મળવાથી તેનો ऐ થાય છે, અને उ કે ऊ મળવાથી औ થાય છે; ઉ.— आ + ईक्ष + त = ऐक्षत.

નામ

गोप पु. ગોવાળ.
चित्रकूट पु. એક પર્વતનું નામ.
देवी स्त्री. પટરાણી, દેવી.
धार्तराष्ट्र पु. પાંડુના પિતરાઈ ધૃતરાષ્ટ્રનો પુત્ર
नगम [illegible]
पण्डित पु. પંડિત.
पाण्डव पु. પાંડુ નામના રાજાનો પુત્ર
बलि पु. એક રાજાનું નામ
माणवक पु. શિષ્ય નામ.
मारुत पु. પવન, પવનનો અધિષ્ઠાતા દેવ.
मार्ग पु. રસ્તો.
राक्षस पु. દૈત્ય, રાક્ષસ.
लव पु. રામના પુત્રનું નામ.
वसुधा स्त्री. પૃથ્વી.
विहार पु. ભ્રમણ, પે-
दार न. મુડું. [ક્રાર.
शृगाल पु. શિયાળ.
सभा स्त्री. બેઠકની જગા, મંડળી

વાક્ય

पाण्डवानां धार्तराष्ट्रैः सह युद्धान्यभवन् ।
आचार्या धर्ममुपादिशन् ।
राम सीतया सह गोदावर्यास्तीरे ऽभ्रमत ।
मित्रस्य कल्याणायायतै ।
गोपा अजान् *ग्राममनयन् ।
पुरुषमताडयत ।
शृगालोऽम्रियन्त ।
नृपस्य सभां पण्डिताः प्राविशन् ।
उद्यमेन धनमलभथाः ।

व्याघ्रस्य विरावेण नार्या हृदयमवेपत ।
माणवकं मार्गमपृच्छाम* ।
क्लेशो रामेणासह्यत ।
देवीमभाषे ।
शवमस्पृशन् ।
प्रासादे नार्यो ऽनृत्यन् ।
नृपतेः शासनमवाधीरयथाः ।
लवस्य विनयेन ऋषयो ऽतुष्यन् ।
हरिणा जनको ऽसेव्यत ।
चित्रकूटस्य शिखरे ऽवसाम ।

नृशंसो राक्षसो ऽहन्यत ।

(અમે) ઝાડની છાયામાં બેઠા
(તેણે) આંબાના ઝુંડ સાફ કર્યાં
બ્રાહ્મણો ગંગાના જળમાં પડ્યા
ઘોડાઓ રણભૂમિ તરફ દોડ્યા
રામે બાપના હુકમો માન્યા
હરિ નારાયણ પાસેથી ગાયન શીખ્યો
(મેં) કેરીઓ ચાખી

(તમે) સોનામહોરો ગણી
જનસુદ્ધાં અયોધ્યા ગયા
(તું) જૂઠું બોલ્યો
કૃષ્ણ મિત્રની આબાદીમાં ખુશી થયો
(તમે) ત્યારે કૌશાંબીમાં રહ્યા
(તું) રામના પરાક્રમોએ આશ્ચર્ય પામ્યો
(તું) શત્રુઓથી લડ્યો
લુચ્ચો રાજાના હુકમથી મરાયો

---

* પૃ. ૨૮ ની ટીપ ૬ જુઓ.

પાઠ ૧૮.

પ્રથમ ભૂતકાળ

આત્મનેપદ—પ્રત્યય. (ચાલુ)

	પુરૂષ ૧.	પુરૂષ ૨.	પુરૂષ ૩
દ્વિવચન.	वहि	इथाम्	इताम्
બહુવચન.	महि	ध्वम्	अन्त
	अलभावहि	अलभेथाम्	अलभेताम्
	अलभामहि	अलभध्वम्	अलभन्त

ધાતુ

ध्वंस .... ગ० ૧, આત્મને. ધ્વંસ થવું; નાશ પામવું.
नि(ઉપ.)+मन्त्र ગ० ૧૦, આત્મને. તેડવું, નોતરવું.
लज्ज् .... ગ० ૬, આત્મને. શરમાવું; લાજવું.
स्पर्ध् ... . ગ० ૧, આત્મને. સરસાઈ કરવી.
स्रंस् .... ગ० ૧, આત્મને. પડી જવું.
वि(ઉપ.)+हस् ગ० ૧, પરસ્મૈ. મશ્કરીમાં હસવું.

નામ.

असुर પુ० દેવના શત્રુ, રાક્ષસ.
उपालम्भ પુ० ઠપકો, ઠોક, મ્હેણું.
कबरी સ્ત્રી० અંબોડો, વેણી.
ज्योत्स्ना સ્ત્રી० ચાંદની.
त्याग પુ० તજવું તે, ત્યાગ.
प्राची સ્ત્રી० પૂર્વદિશા.
मृग પુ० ગજ.
रमण પુ० વહાલો, ધણી.
राज्य ન० રાજ્ય.
व्याध પુ० શિકારી.
सचिव પુ० પ્રધાન.

વાક્ય

पाण्डवा राज्यमविन्दन्त ।
आचार्यात्* शिष्या अभ्यवाद-यन्त
सचिवा नृपमभाषन्त ।
नार्याः कबर्याः पुष्पे अस्रंसेताम् ।

---

* પૃષ્ઠ ૨૦ ની ટીપ * જુઓ.

जनेन व्यहरध्वम् ।
रथ्याया जनाना समूहमैक्षामहि ।
रामस्य दुःखान्यध्वंसन्त ।
मित्राणां त्यागे नालज्जेथाम् ।
वृक्षेभ्यः शुका उदडयन्त ।
मृगानहन्यॆता व्याधैः ।

जनाना सुखायायतामहि ।
देवैः सहासुरा अस्पर्धन्त ।
रमणैः सह ज्योत्स्नायामरमन्त नार्यः ।
उज्जयिन्याः कदा न्यवर्तध्वमिति जनैरपृच्छयामहि+ ।

વાદગા રાક્ષસો સાથે લઢ્યા.
(અમે બે) કાશીમાં પંડિતો સાથે બોલ્યા. હિણું સહ્યાં
(તેઓએ) સ્વસ્થતાએ મે-
(બે) તારા પૂર્વમાં પ્રકાશ્યા.
(તમે) માણસોવડે વખણાયા.
(અમે) નિશાળમાં ચોપડીઓ મેળવી.

(તમે બે) રામવડે ફરમાવાયા
(અમે) જમવાસારૂ ઋષિઓને નોતર્યા.
અયોધ્યાથી જાસુદ ક્યારે પાછો આવ્યો ?
(અમે) હરિપાસેથી મહેરબાની ન તકાસી.

સારાંશ તથા સવાલ.

ની.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુરૂષ ૧.	अनयम्	अनयाव	अनयाम
પુરૂષ ૨.	अनयः	अनयतम्	अनयत
પુરૂષ ૩	अनयत्	अनयताम्	अनयन्

द्युत्.

પુરૂષ ૧.	अद्योते	अद्योतावहि	अद्योतामहि
પુરૂષ ૨	अद्योतथाः	अद्योतेथाम्	अद्योतध्वम्
પુરૂષ ૩	अद्योतत	अद्योतेताम्	अद्योतन्त

૧. નીચેના ધાતુઓનો પ્રથમ ભૂતકાળ આપો.

अम्, अद्, ईक्ष्, मृग, सृज, रच्, नि + मन्त्र, हर, लिख, क्रीड्, डी, मृ, जन्, वृत् ઇ૦.

૨. અંત્ય વ્યંજનપછી અનુનાસિક આવે તો શો ફેરફાર થાય છે? ક્યારે આ ફેરફાર આવશ્યક છે.

+ કર્મણિરૂપમાં પ્રચ્છ નું પૃચ્છ થાય છે.

પાઠ ૧૯.

ઉકારાંત અને ऋકારાંત પુલિંગ તથા નપુંસકલિંગ નામો.

ઉકારાંત પુલિંગ નામોનાં રૂપો इકારાંત પુલિંગ નામોનાં રૂપો જેવાંજ થાયછે. તફાવત એટલોજ છે, કે इકારાંત નામોમાં જ્યાં જ્યાં इ, ई, ए અથવા य् આવે છે, ત્યાં ત્યાં उકારાંત નામોમાં અનુક્રમે उ, ऊ, ओ કે व् આવે છે.

નપુંસક उકારાંત અને ऋકારાંત નામોના રૂપો वारि ના જેવાંજ થાય છે. वारि ના અંત્ય इકારનો इ, ई કે ए થાય છે તેને બદલે उકારાંતમા અનુક્રમે उ, ऊ કે ओ અને ऋકારાંતમાં ऋ, ॠ કે अर् થાય છે.

गुरु (પુલિંગ) ગુરૂ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
स वञ्चकः कर्पूरतिलकसमीपं गत्वा साष्टाङ्गपातं प्रणम्योवाच देव
दृष्टिप्रसादं कुरु । हस्ती ब्रूते, कस्त्वं कुतः समायातः । सो ऽवदज्ज-
म्बुकोऽहं सर्वैर्वनवासिभिः पशुभिर्मिलित्वा भवत्सकाशं प्रस्थापितो
यद्विना राज्ञाऽवस्थातुं न युक्तं, तदत्राटवीराज्येऽभिषेक्तुं भवान्सर्व-
स्वामिगुणोपेतो निरूपितस्तद्यथा लग्नवेला न विचलति तथा कृत्वा
सत्वरमागम्यतां देवेन । इत्युक्त्वोत्थाय चलितः । ततोऽसौ राज्य-
लोभाकृष्टः कर्पूरतिलकः शृगालवर्त्मना धावन् महापङ्के निमग्नः ।
ततस्तेन हस्तिनोक्तं, सखे शृगाल किमधुना विधेयं. पङ्के निपति-
तोऽहं म्रिये परावृत्य पश्य । शृगालेन विहस्योक्तं, देव, मम पुच्छ-
कावलम्बनं कृत्वोत्तिष्ठ । यन्मद्वचसि प्रत्ययः कृतस्तदनुभूयतामशरणं
दुःखम् ।

સંસ્કૃત ગુજરાતી શબ્દકોશ.

अ.

अखिल વિ૦. બધુ, સઘળું
अगद પુ. ઔસડ.
अग्नि પુ. દેવતા, અગ્નિ.
अङ्गलभूमि સ્ત્રી. ઇગ્લાંડ.
अचिरात् (અવ્યય) જલદી, તરત.
अज પુ. બકરો.
अज्ञान ન. અજ્ઞાન.
अट् ગુ. ૧, પરસ્મૈ. ભટકવું, ભમવું.
अटवी સ્ત્રી. જંગલ, વન.
अतः (અવ્યય) આથી, તેથી.
अतिथि પુ. પરણો.
अतीव (અવ્યય) અત્યંત.
अत्र (અવ્યય) અહિં.
अथवा (અવ્ય) અથવા, કે, કિંવા.
अद् ગ. ૨, પરસ્મૈ. ખાવું.
अद्य (અવ્યય) આજ.
अधिपति પુ. અધિપતિ, ઉપરી.
अधुना (અવ્યય) હમણાં.
अध्ययन ન. અભ્યાસ.
अध्युषिवस् વિશે. રહેલું
अध्रुव વિશે. અધ્રુવ, અનિશ્ચિત.
अध्वखेद પુ. (अध्वन् પુ. રસ્તો અને खेद પુ. થાક) મુસાફરીનો થાક.
अनन्तरम् (અવ્યય) તરત.
अनर्थ પુ અનર્થ, અનિષ્ટ.
अनुजीविन् વિશે. ચાકરી કરનાર, ચાકર, સેવક, આશ્રિત.
अनुरञ्जन ન. પ્રસંનતા.
अनृत ન. અસત્ય, જૂઠું.
अन्तःपुर ન. જનાનખાનું.
अन्न ન અન્ન.
अन्यत्र (અવ્યય) બીજે ઠેકાણે.
अपण्डित પુ મૂર્ખ.
अपराध પુ વાંક, ગુન્હો.
अपराधलव પુ. અપરાધનો લેશ.
अपराधिन् વિશે. ગુન્હેગાર
अपाय પુ. નુકશાન, હરકત.
अपि (અવ્યય) વળી, પણ.
अभिधान પુ. નામ.

अभिभूत {अभि (ઉપ.) + भू નો ભૂ. કૃ} હરાવાયલું, જીતાયલું.
अभिरुचि સ્ત્રી. રુચિ, ઇચ્છા.
अभिलाष પુ. ચાહના, ઇચ્છા.
अभिषेक्तुम् {अभि (ઉપ.) + सिच् નો હે. કૃ} અભિષેક કરવાને, રાજા બનાવવાને
अभूमि સ્ત્રી. અવિષય, અગોચર.
अभ्युदय પુ. ચડતી.
अमरावती સ્ત્રી. ઇંદ્રની રાજધાની.
अमात्य પુ. પ્રધાન.
अम्बर ન. આકાશ.
अयोध्या સ્ત્રી. અયોધ્યા.
अरण्य ન. જંગલ.
अरि પુ. શત્રુ
अरुन्धती સ્ત્રી. અરૂંધતી.
अर्घ्य ન. અર્ઘ્ય, પૂજાનો સામાન
अर्जुन પુ. અર્જુન.
अर्थ् ગ. ૧૦, આત્મને.-प्र ઉપસર્ગ સાથે, વિનવવું
अर्थ પુ. પૈસો, ધન.
अर्ह ગ. ૧, પરસ્મૈ. લાયક થવું.
अलंकार પુ. ઘરેણું.
अलङ्घनीय વિશે. ન ઓળંગાય એવું.

अलि પુ. ભમરો.
अव् ગ. ૧, પરસ્મૈ. રક્ષવું.
अवतरत {अव (ઉપ.) + तॄ ગ. ૧, પરસ્મૈ. નો વ કૃ} ઊતરતું.
अवधीरणा સ્ત્રી. અવજ્ઞા
अवन्ती સ્ત્રી ઉજ્જયિની
अवलोक्य {अव (ઉપ) लोक् નો અવ્યય ભૂ. કૃ} જોઈને
अवस्तु ન મિથ્યા પદાર્થ
अवस्त्वारोप પુ. મિથ્યા પદાર્થની કલ્પના.
अविश्वास्य વિશે. અણભરુસાદાર.
अशरण્य વિશે. અનાથ
अश्मन् પુ. પથ્થર.
अश्रु ન. આંસુ.
अश्व પુ. ઘોડો.
अश्वपति પુ. વિશેષ નામ.
अस् ગ. ૨, પરસ્મૈ. હોવું.
अस् ગ. ૪, પરસ્મૈ. ફેંકવું.
असत्य ન. જૂઠું, અસત્ય.
असि પુ તરવાર.
असुर પુ. દૈત્ય.
अस्त्र ન. ચમત્કારી હથિયાર.
अहित ન નુકસાન, હિત.

आ.

आकाश પુ. ન આકાશ.

आङ्गलभौम પુ. અંગ્રેજ.
आचार પુ. ચાલ, યોગ્ય વર્તણુક.
आचार्य પુ. આચાર્ય.
आज्ञा સ્ત્રી. હુકમ
आत्मज પુ. દીકરો.
आत्मजा સ્ત્રી. દીકરી.
आत्मन् પુ. આત્મા, પોતે.
आदर પુ. આદર, સત્કાર.
आदेश પુ. હુકમ.
आध्यान ન. ધ્યાન.
आप् મેળવવું;— **प्र** કે **अव** ઉપસર્ગ સાથે, મેળવવું, પામવું;— **वि** ઉપસર્ગ સાથે, વ્યાપવું.
आपद् સ્ત્રી. આફત.
आम्र ન. કેરી.
आयुष्मत् વિશે. લાંબા આવરદાવાળું.
आरम्भ પુ. આરંભ, શરૂવાત.
आरोप પુ. આરોપ.
आर्या સ્ત્રી. શાણી સ્ત્રી.
आवरण ન. આચ્છાદન, અંતરાય, ઢાંકવું તે.
आश्रम પુ. આશ્રમ, મઢ.
आसन ન. આસન.
आह्लादक વિશે. સુખકારક.

इ.

इच्छा સ્ત્રી. ઇચ્છા.
इति (અવ્યય) એમ.
इत्थम् (અવ્યય) એવી રીતે.
इन्दु પુ. ચંદ્ર.
इन्द्र પુ. ઇંદ્ર.
इन्द्राणी સ્ત્રી. ઇંદ્રની સ્ત્રી.
इव (અવ્યય) પેઠે, જાણે.
इष् [**इच्छ्**] ગ. ૬, પરસ્મૈ. ઇચ્છવું.
इषु પુ. તીર.
इष्ट (**इष्** નો ભૂ. કૃ.) ઇચ્છેલું.

ई.

ईक्ष् ગ. ૧, આત્મને. જોવું;— **अप** ઉપસર્ગ સાથે, આશા રાખવી;— **प्र** ઉપસર્ગ સાથે, તપાસવું, પરીક્ષા લેવી;— **उप** ઉપસર્ગ સાથે, ઉવેખવું.
ईश्वर પુ. પરમેશ્વર.

उ.

उक्त (**वच** નો ભૂ. કૃ.) કહેલું, બોલેલું.
उञ्छ् ગ. ૬, પરસ્મૈ. વીણવું.
उटज પુ. ઝુંપડું.
उत (અવ્યય) અથવા.
उत्खात [**उत्** (ઉપ) **खन्** નો ભૂ. કૃ.] ખોદેલું.
उत्थाय [**उद** (ઉપ.) + **स्था** નો અવ્યય ભૂ. કૃ.] ઉઠીને.
उत्सङ्गवर्तिन् વિશે. (**उत्सङ्ग** પુ. ખોળો) ખોળામાં બેઠેલું.

उत्सव पु. ઓચ્છવ.
उत्साह पु. ઉત્સાહ.
उदक न. પાણી.
उदधि पु. સમુદ્ર, દરિયો.
उद्यत विशे. તત્પર.
उद्यम पु ઉદ્યમ.
उद्यमसम विशे. (सम विशे. જેવું) ઉદ્યમ જેવું.
उद्यान न. વાડી.
उद्योग पु ઉદ્યોગ.
उपकार पु. ઉપકાર.
उपदेश पु ઉપદેશ.
उपवन न. બાગ, વાડી.
उपहार पु. ભેટ.
उपानह् स्त्री. જોડો, બાસડું.
उपाय पु ઉપાય.
उपालम्भ पु ઠપકો.
उर्वशी स्त्री. વિશેષ નામ

ऋ.

ऋतुपर्ण पु विशेष नाम, એક રાજા
ऋषि पु ઋષિ.
ऋष्यमूक पु. રામનો બનેવી.

ए.

एक सर्व. એક.
एव (અવ્યય) નક્કી.
एवम् (અવ્યય) એપ્રમાણે.

ओ.

ओदन पु. ભાત.

क.

कञ्चुकिन् पु. 'અંત પુરે' વડો અધિકારી.
कण्ठ पु. કંઠ.
कत्थ् ग. १, આત્મને. વખાણવું, ઓપાવવું.
कथ् ग. १०, કહેવું.
कथम् (અવ્યય) કેમ, શી રીતે
कथा स्त्री. વાત, કથા.
कदा (અવ્યય) ક્યારે.
कनीयस् विशे. વધારે ન્હાનું નાનું.
कन्या स्त्री. કુમારિકા.
कपट न કપટ.
कपि पु. વાંદરો.
कपिल पु. એક ઋષિનું નામ.
कपोल पु. ગાલ
कबरी स्त्री. અંબોડિ, વેણી.
कम्प् ग १, આત્મને. કંપવું, હાલવું.
कमल न. કમળ.
कर पु. હાથ.
कर्ण पु કાન.
कर्तव्य न. કર્તવ્ય.
कर्तृ विशे पु न. કરનાર.

रतिलक પુ વિશેષનામ
रतिलकसमीपम् કર્પૂ-
તિલક પાસે.
र्मन् ન. કામ.
लङ्क પુ કલંક, ડાઘ
ला સ્ત્રી કળા.
लि પુ કળી.
ल्याण ન સુખ, કલ્યાણ.
वि પુ. કવિ.
वीश પુ (कवि અને ईश પુ. રાજા) કવિરાજ
ञ्चन ન. સોનું.
ान्ता સ્ત્રી વ્હાલી, વહુ.
ान्ति સ્ત્રી કાંતિ
ार्तिक પુ કાર્તિક મહિનો
ाल પુ કાળ, વખત.
ाष्ठ ન લાકડું
ासार પુ તળાવ
किङ्कर પુ ચાકર.
किन्तु (અવ્યય) પરંતુ, પણ
किरि પુ ભુંડ
किल (અવ્યય) ખરેખર
कीचक પુ વિરાટ રાજાનો સેનાપતિ
कीर्ति સ્ત્રી કીર્તિ
कुटुम्बिन પુ કુટુંબનું માણસ
कुण्ठित (कुण्ठ् નો ભૂ કૃ) અકાળાયલું, બળાયલું.
कुतः (અવ્યય) ક્યાંથી
कुत्र (અવ્યય) ક્યાં.
कुप् ગ. ૪, પરસ્મૈ. ગુસ્સે થવું.
कुमारी સ્ત્રી. કુમારિકા
कुम्भकार પુ. કુંભાર.
कुरु પુ. (બહુ) એક દેશનું નામ
कुर्वत् (कृ નો પરસ્મૈ. વ. કૃ.) કરતું.
कुर्वाण (कृ નો આત્મને. વ. કૃ.) કરતું.
कुलीन વિશે. કુળવાન.
कुशलिन् વિશે. કુશળ, સુખી.
कुस् ગ. ૪, પરસ્મૈ. ભેટવું
कुसुम ન ફૂલ.
कूप પુ. કૂવો
कूर्म પુ કાચબો.
कृ કરવું,-अधि ઉપસર્ગ સાથે, અધિકાર આપવો, ઠરાવવું.
कृत (कृ નો ભૂ. કૃ) કરાયલું.
कृति સ્ત્રી કૃત્ય, કામ
कृपा સ્ત્રી કૃપા, મહેરબાની.
कृष् ગ. ૧, પરસ્મૈ અથવા ગ. ૬, ઉભય ખેડવું
कृषीवल પુ ખેડુત
कृष्ण પુ કૃષ્ણ
कॢप् ગ ૧, આત્મને સમર્થ થવું
केवल વિશે. કેવળ

चिरम् (અવ્ય) લાંબા વખતસુધી
चुर् (चोर्) ગ ૧૦, ચોરવું
चौर्य ન ચોરી

छ

छन्दस् ન વેદ, છંદ
छाया સ્ત્રી છાયા

ज.

जगत् ન જગત
जगत्कर्तृ પુ જગતનો રચનાર, પરમેશ્વર
जन् [जा] ગ ૪, આત્મને પેદા થવું જનમવું
जन પુ માણસ, લોક
जनक પુ બાપ, સીતાનો બાપ
जननी સ્ત્રી મા
जम्बूक પુ શિયાળ
जयत् (जि ગ ૧ પરસ્મૈ નો વ કૃ) જીતતું, વિજયી
जयन्त પુ ઇન્દ્રનો પુત્ર
जट [illegible] પુત્ર
जरा સ્ત્રી ઘડપણ
जल ન પાણી
जल ગ ૧ પરસ્મૈ [illegible]
जान (जन् नो भ ृ) [illegible]
जाति સ્ત્રી જાતિ
जामातृ પુ જમાઈ
जायापती પુ (દ્વિ) વરવહુ
जि ગ ૧, પરસ્મૈ જીતવું
-वि સાથે, આત્મને જીતવું
जिह्वा સ્ત્રી જીભ
जिह्वाग्र ન (जिह्वा જીભ અને अग्र ન ટોચ) જીભનું ટેરવું
जीर्ण (जॄ નો ભૂ કૃ) જીરણ
जीव् ગ ૧, પરસ્મૈ જીવવું
जीव પુ જીવ
जीवित ન જીંદગી
जेतृ વિ જીતનાર
ज्ञा જાણવું
ज्ञाति પુ સગો.
ज्ञानामृत ન (ज्ञान ન જ્ઞાન અને अमृत ન અમૃત) જ્ઞાનરૂપી અમૃત
ज्यायस् વિ [illegible], મોટું
ज्योत्स्ना સ્ત્રી ચાંદની

ड

डिम्भ પુ બાળક
डी ગ ૧ આત્મને ઉડવું

त

तड् (ताड्) ગ ૧૦, મારવું
तडाग પુ તળાવ

तुल पु ગોળ
। (અવ્યય) તથી, પછી
। (અવ્યય) ત્યાં
त्व न તડકો.
था (અવ્યય) તે પ્રમાણે
दा (અવ્યય) ત્યારે
नय पु દીકરો
तप् ગ ૧, પરસ્મૈ તપવુ
तपस् न તપ
तमस् न અંધારૂ
तमिस्रा સ્ત્રી રાત
तरु पु ઝાડ
तस्थिवस् વિશે ઉભેલુ
तारक न તારો
तारागण पु (तारा સ્ત્રી તારો અને गण पु જથ્થો) તારાનો જથ્થો
तालु न તાળવુ
तिल पु તલ
तीर न તેડ, કાંઠો
तुन्द ग ६, ઉભય કનડવુ, દુખ દેવુ
तुल् (तोल) ગ ૧૦, તોળવુ
तुल्य વિશે તુલ્ય, સરખુ
तुष् ગ ૪, પરસ્મૈ વગાડુ
तृण न તરણ, તરખલું
तृषित વિશે તરસ્યુ
तृ ગ ૧ પરસ્મૈ ઓળગવુ, -अव સાથે, ઊતરવુ

तेजस् न તેજ
त्यज ગ ૧, પરસ્મૈ તજવુ
त्याग पु ત્યાગ
त्वष्टृ पु વિશ્વકર્મા, દેવોનો શિલ્પી

द.

दक्षिणा સ્ત્રી દક્ષિણા
दण्ड ગ ૧૦, દંડવુ, સજા કરવી
दण्ड पु લાકડી
दण्डका સ્ત્રી એ નામનુ વિધ્યાચળ ઉપરનુ જંગલ
दर्शनीय વિશે ખૂબસુરત.
दशरथ पु સૂર્યવંશી રાજા, રામનો બાપ
दह् ગ ૧, પરસ્મૈ બાળવુ
दा [કર્મણિરૂપ दी] આપવુ
दा [यच्छ्] ગ ૧, પરસ્મૈ આપવુ,-प्रति સાથે, બદલે આપવુ
दातृ વિશે દાતાર, આપનાર
दारिद्र्य न ગરીબપણુ.
दासजन पु (दास पु દાસ અને जन पु માણસ) દાસ, ચાકરમાણસ
दासी સ્ત્રી દાસી
दिवौकस् पु દેવ

ध

धन

… પુ. કુબેર.

…ान् વિશે. ધનવાન

…निक પુ. ધનાઢ્ય

…नुस् ન. કામઠું

…र्म પુ ધર્મ, ફરજ

…ातृ પુ. પેદાકરનાર, પરમેશ્વર

…ान्य ન. ધાન્ય,અનાજ

…ार्तराष्ट्र પુ. ધૃતરાષ્ટ્રનો પુત્ર

…ाव् ગ. ૧, પરસ્મૈ. દોડવું

…ीमत् વિશે. ડાહ્યુ, બુદ્ધિમાન.

…ीर् ગ. ૧૦,–अव સાથે, તિરસ્કારવું

…ूर्जटि પુ. શિવ

धृ ગ. ૧૦, ધારણ કરવું, દેણદાર હોવું

ગ. ૧. ઉભય. उद् સાથે- છોડવવું.

…ृति સ્ત્રી. ધીરજ, હિંમત

…ेनु સ્ત્રી. ગાય.

…ुव વિશે. સ્થિર.

…नि પુ અવાજ, શબ્દ.

…ंस् ગ ૧, આત્મને. નાશ પામવું.

न.

न (અવ્યય) નહિ. [નહિ.

न कदापि (અવ્યય) કદિ

नख ન. નખ.

नगर ન. શહેર.

नगरी સ્ત્રી. શહેર.

नटी સ્ત્રી. નટી.

नद પુ. મોટી નદી.

नदी સ્ત્રી. નદી.

ननान्दृ સ્ત્રી. નણંદ.

नन्दिनी સ્ત્રી. છોકરી.

नप्तृ પુ. દીકરાનો દીકરો

नभस् ન આકાશ.

नम् ગ. ૧, પરસ્મૈ. નમવું

नमस् (અવ્યય) નમસ્કાર.

नयन ન. આંખ.

नर પુ. પુરૂષ

नल પુ નળરાજા.

नव વિશે. નવું.

नश् ગ. ૪, પરસ્મૈ. નાશ પામવું.

नष्ट (नश् નો ભૂ. કૃ.) નાશ પામેલુ.

नाग પુ. હાથી.

नाट् ગ. ૧૦, ભજવવું.

नाम (અવ્યય) નામે

नामन ન. નામ.

नारद પુ એક દેવઋષિ.

नारायण પુ વિશેષ નામ.

नारी સ્ત્રી. સ્ત્રી.

नाविक પુ ખલાસી.

नाश પુ. નાશ.

नित्यम् (અવ્યય) હમેશ
निधि પુ ભંડાર
निन्द् ગ. ૧, પરસ્મૈ. નિંદવું.
निन्दा સ્ત્રી. નિંદા.
निपुण વિશે હુશિયાર
निमग्न {नि (ઉપ) + मस्ज् નો ભૂ કૃ} બુડેલું, ગિરફતાર
निरस्त {निर् (ઉપ) + अस् ગ ૪, પરસ્મૈ નો ભૂ કૃ} વિખેરાયલું, નાશ કરાયલું
निरुपित {नि (ઉપ.) + रूप् નો ભૂ કૃ} જોવાયલું, ઓળી કઢાયલું
निर्देश પુ સુચના
निर्मित {निर् (ઉપ.) + मा નો ભૂ કૃ} સરજાયલું, ઊપજાવેલું, કરાયલું
निर्वृतिमत् વિશે નિરાંતવાળું
निवृत्त {नि (ઉપ) + वृत् નો ભૂ કૃ} પાછું આવેલું.
निशा સ્ત્રી. રાત
निशाचर પુ દૈત્ય
निष्क પુ સોના મ્હોર
निष्णात {नि (ઉપ) + स्ना નો ભૂ કૃ} પ્રવીણ
निष्कल्क વિશે કુંભલિત, વર્ધ
नी ન ૧, ઉભય લઈ જવું, દોરી જવું,—आ સાથે, આણવું, લાવવું,—परि સાથે, પરણવું,—प्र સાથે રચવું
नीचैराख्य વિશે. (नीचैस् અને आख्या સ્ત્રી. નામ) જેનું नीचैस् નામ છે તે
नीति સ્ત્રી. રાજનીતિ
नृ પુ. પુરૂષ.
नृत् ગ. ૪, પરસ્મૈ. નાચવું
नृत्य ન. નૃત્ય.
नृग પુ. રાજા
नृपति પુ રાજા.
नृपत्व ન. રાજાપણું.
नृशंस વિશે. ક્રૂર, દુષ્ટ
नेत्र ન. આંખ.
नैयायिक પુ. ન્યાયવાળો
नौ સ્ત્રી. વહાણ.
न्याय પુ ન્યાયશાસ્ત્ર.
न्यायसभा સ્ત્રી. (न्याय પુ. ઈનસાફ અને सभा સ્ત્રી કચેરી) ઈનસાફની કચેરી

प.

पक्षिन् પુ. પક્ષી.
पङ्क પુ. કાદવ.
पच् ન ૧, ઉભય રાંધવું.
पञ्चवटी સ્ત્રી પંચવટી.
पण्डित પુ. પંડિત.
पण्य ન વેચાણ, દુકાન

पत् ग. १. परस्मै पडवु.
पतन न पडवु ते.
पतित (पत् नो भू कृ) पडेलुं
पत्ति पु पाळो.
त्नी स्त्री वहू
द् ग. ४, आत्मने —उत् साथे, उत्पन्न थवु,—निस् साथे, नीपजवु,—प्रति साथे, धारण करवु.
पद्म न. कमळ.
पयस् न पाणी
परकीय विशे पारकु
परम विशे अत्यंत
परवत् विशे पराधीन
परशु पु करशी
परशुराम पु पृथ्वी नक्षत्रिय करनार ब्राह्मण योद्धो
पराक्रम पु पराक्रम
परिणाम पु. परिणाम, छेवट.
परिहर्तव्य विशे. तजवा-लायक
परिहित [परि (उप)+धा नो भू कृ] पहेरेलुं
पर्ण न पांदडुं.
पर्वत पु पर्वत.
पल्वल पु. तळावडुं
पवन पु पवन
पवि पु वज्र
पशु पु. पशु.
पश्चात् (अव्यय) पछी
पश्यत् (दृश् ग १, परस्मै. नो व कृ) जोतुं,
पा [पिब्] ग १,परस्मै पीवु (कर्मणि ३५ पी)
पांसु पु धूळ
पाठ पु पाठ
पाठशाला स्त्री पाठशाळा
पाणि पु हाथ.
पाण्डव पु पांडु राजानो पुत्र.
पाद पु पग.
पादप पु झाड.
पान्थ पु मुसाफर
पाप न पाप,–विशे पापी.
पार् ग. १०, ओळंगवुं
पार पु पार, छेडो.
पारितोषिक न. इनाम.
पार्थिव पु. राजा.
पालक विशे. पाळनार.
पिण्ड पु. पिंड, प्रेतने अग्निदानमां आपेला भातनो गोळो.
पितृ पु बाप,–द्वि मावाप.
पितृव्य पु काको
पीड् ग. १०, पीडवुं
पीडा स्त्री पीडा
पुच्छकावलम्बन न (पुच्छक न पूंछडुं, अने अवलम्बन न टेको) पूंछडानो टेको

पुण्य न પુણ્ય —વિશે. પવિત્ર
पुण्यपण्य न પુણ્યરૂપી મૂલ, પુણ્યરૂપી નૂર
पुण्यवत् વિશે પુણ્યશાળી
पुत्र પુ દીકરો
पुत्रजन्मसम વિશે દીકરાના જન્મ જેવું
पुत्रीकृत વિશે (पुत्र દીકરો અને कृत કરેલું) દીકરા તરીકે માનેલું, દત્તક કરેલું
पुनर् (અવ્યય) ફરી
पुर (અવ્યય) આગ
पुरा (અવ્યય) પૂર્વે
पुरी સ્ત્રી શહેર
पुरुष પુ મરદ
पुष् ગ ૪ પરસ્મૈ પોષવું
पुष्पधन्विन् વિશે ફૂલના
पुष्पित વિશે ફૂલેલું
पुस्तक ન પુસ્તક
पूज् ૧૦, પૂજવું
पूजा સ્ત્રી પૂજા
पूजास्थान ન પૂજાનું સ્થાન
पूत (पू नो भू. क.) પવિત્ર કરાયેલું, પાવન
पृथ्वी સ્ત્રી પૃથ્વી
पृष्ट (प्रच्छ नो भू क) પૂછાયેલું
पौर પુ નગરવાસી
प्रकर्ष પુ ઉત્કૃષ્ટતા, અધિકતા
प्रकाश પુ પ્રકાશ
प्रकृति સ્ત્રી પ્રધાનમંડળ, પ્રજાજન, સ્વભાવ
प्रकृतिसिद्ध વિશે [प्रकृति સ્ત્રી સ્વભાવ, અને सिद्ध (सिध् ગ ૧ કે ૪ નો ભૂ કૃ) સિદ્ધ થયેલું] સ્વભાવસિદ્ધ સ્વાભાવિક
प्रच्छ् [पृच्छ्] ગ ૬, પર સ્મૈ પૂછવું—આ બંને (આત્મને) ધાતુ ૧લી
प्रजा સ્ત્રી રૈયત, સંતતિ
प्रज्ञ પુ પ્રજ્ઞા માણસ
प्रतनु વિશે થોડું, નાનું
प्रतिकृति સ્ત્રી છબી, નકલ
प्रतिज्ञान [प्रति (ઉપ)+ ज्ञा नो ग ક] કબૂલેલું
प्रतिपद् સ્ત્રી પડવો
प्रत्यय પુ વિશ્વાસ
प्रथ ૧૦, પ્રસિદ્ધ કરવું
प्रथम વિશે પહેલું
प्रथमसुकृत ન (प्रथम પહેલું અને सुकृत સુકૃત્ય) પહેલું નામ

प्रभव પુ. ઉત્પત્તિસ્થાન; ઉત્પત્તિ.
प्रभा સ્ત્રી. તેજ.
प्रभूत વિશે. પુષ્કળ.
प्रमदा સ્ત્રી. જુવાન સ્ત્રી.
प्रमाण ન. પ્રમાણ.
प्रयाग ન. પ્રયાગ, અલાહાબાદ
प्रवर्तन ન. પ્રેરણા.
प्रविष्ट [प्र (ઉપ.) + विश् નો ભૂ. કૃ.] પેઠેલું.
प्रशस्य વિશે. વખાણવા લાયક.
प्रसन्न [प्र (ઉપ) + सद् નો ભૂ. કૃ.] પ્રસન્ન.
प्रसाद પુ. મહેરબાની.
प्रस्थापित વિશે. મોકલેલું.
प्राची સ્ત્રી. પૂર્વ દિશા.
प्राज्ञ પુ. ડહ્યો માણુસ
प्राणिन् પુ. પ્રાણી.
प्राप्त [प्र (ઉપ.) + आप् નો ભૂ. કૃ.] પામેલુ, પહોંચેલુ.
प्रावीण्य ન. હુંશિયારી, પ્રવીણતા.
प्रासाद પુ. મહેલ.
प्रासादतल ન (प्रासाद મહેલ અને तल ન. પૃ.) અગાશી
प्रिय વિશે. વહાલુ
प्रियंवदा સ્ત્રી. શકુન્તલાની સખીનુ નામ.
प्रियतमा સ્ત્રી. વ્હાલામા વ્હાલી.
प्रियवादिन् વિશે. મીઠું બોલનાર
प्रियवादित्व ન. મીઠા બોલાપણુ.
प्रियाप्रवृत्ति સ્ત્રી. (प्रिया સ્ત્રી. વ્હાલી અને प्रवृत्ति સ્ત્રી ખબર) વ્હાલીની ખબર.
प्री [प्रीण्] ગ. ૧૦, ખુશી કરવું.
प्रीति સ્ત્રી. પ્રીતિ, પ્રસંનતા.
प्रेमन् પુ. ન. પ્રીતિ. પ્રેમ.
प्रेयस् વિશે. વધારે વ્હાલુ, વ્હાલુ.

फ.

फल ન. ફળ.
फलाशिन् વિશે. ફળ ખાનાર.

ब.

बन्धु પુ. સગો.
बल ન. બળ.
बलि પુ. બળિદાન.
बलि પુ. બળિરાજા.
बहिस् (અવ્યય) બહાર.

वहु विशे० બહુ
वाण પુ. તીર.
वान्धव પુ ભાઈ, સગો
वाल પુ છોકરો
वाहु પુ હાથ
विडाल પુ બિલાડો
विन्दु પુ ટપકુ
वुद्धि સ્ત્રી બુદ્ધિ
वुद्धिप्रभाव પુ. (वुद्धि બુદ્ધિ અને प्रभाव પુ શક્તિ) બુદ્ધિની શક્તિ
वुध ગ. ૧, ઉભય જાણવુ સમજવુ
ब्रह्मन् પુ. બ્રહ્મા ન પરબ્રહ્મ
ब्रह्मविद् વિશે બ્રહ્મને જાણનાર, તત્વજ્ઞાની
ब्रह्मारण्य ન એક જંગલનુ નામ
ब्राह्मण પુ બ્રાહ્મણ
ब्रूते (ब्रू ગ ૨ નુ આત્મને વ પુ ૩ નુ એક) કહે છે

भ

भक्ष ૧ ૧૦, ખાવુ
भगवत् વિશે દિવ્ય પૂજ્ય
भगिनी સ્ત્રી બ્હેન
भगीरथ પુ એક સૂર્યવંશી રાજા
भङ्ग પુ ભાગ
भज् ગ ૧, ઉભય સેવવુ, ભજવુ
भद्र ન સુખ, કલ્યાણ
भय પુ ભય
भयंकर વિશે ભયંકર
भर्मन् ન ઘર
भवत् સર્વ નુ, તમે, આપ
भवत्सकाश પુ. (भवत् આપ અને सकाश પુ પાસે) આપની હજુર
भविष्यति (भू ના ભવિષ્યના પુ ૩ નુ એક) થશે
भागीरथी સ્ત્રી ગંગા
भार પુ ભાર
भार्या સ્ત્રી વહુ
भावय (भू ના પ્રેરકના આજ્ઞાર્થ પુ ૨ નુ એક) કર, સમજ, બનાવ-समासान्ते પ્રેરકનુ કર્મણિરૂપ સમજાનુ જાણાય છે.
भाविन् વિશે થનાર, થનારુ
भाष् ગ ૧, આત્મને કહેવુ
भास्वन्नुक्त વિશે ચળકતા દાંતો (?)
भिक्ष् ગ ૧, આત્મને ભીખ માગવુ, ભીખ માગી

भिक्षुक પુ. માગનાર, યાચક.
भिद् ભેદવુ.
ति સ્ત્રી. બીક.
म પુ. પાડુના બીજા દીકરાનુ નામ.
रु સ્ત્રી. બીકણ (સ્ત્રી.)
भू ગ ૧, પરસ્મૈ હોવુ, થવુ; -अनु સાથે, અનુભવવુ - उत् સાથે, ઉત્પન્ન થવુ, નીપજવુ
भूतार्थ પુ સત્ય, વસ્તુતા
भूति સ્ત્રી ચડતી, આબાદી.
भूप પુ રાજા.
भूभृत् પુ રાજા.
भूमि સ્ત્રી પૃથ્વી, ભોય
भूयस् વિશે બહુ મોટુ, વધારે મોટુ.
भूरि વિશે બહુ.
भूर् ગ ૧૦, ગણગારવુ, શોભાવવુ
भृ ગ. ૧, ઉભય. ભરવુ,— भ्रियते રૂપ કર્મણિ.
भृत्य પુ ચાકર.
भोजन પુ. ભોજન, જમણ.
भोस् (અવ્યય) અરે, અહો.
भ्रातृ પુ. ભાઈ.
भ्रान्त (भ्रम् નો ભૂ. કૃ) ભમતુ.

म.

मणि પુ. મણિ.
मण्डप પુ. મડપ.
मति સ્ત્રી બુદ્ધિ.
मत्स्य પુ. માછલુ
मद् [माद्] ગ ૪, પરસ્મૈ. ગાડા થવુ, ભૂલ ખાવી.
मद પુ મદ
मदन પુ કામદેવ.
मदिराक्षी સ્ત્રી મનોહર નેનવાળી સ્ત્રી.
मधु ન. મધ.
मधुकर પુ ભમરો
मन् ગ ૪, આત્મને. વિચારવુ, માનવુ,-अनु સાથે, કબૂલ ગણવુ.
मन.सयम પુ (सयम પુ નિગ્રહ, કબજામા ગણવુ તે.) મનને કબજામા રાખવુ તે.
मनस् ન. મન.
मनु પુ વિશેષ નામ.
मन्त्र् ગ. ૧૦,-नि સાથે, આમત્રણ. નોતરવુ.
मन्त्र પુ. મંત્ર.
मयूर પુ. મોર
मरण ન. મોત.
मरुत् પુ. પવન, દેવ.
महत् વિશે. મોટુ.

महात्मन् પુ (महत् મોટુ) મહાત્મા મહાપુરૂષ
महारिपु પુ (रिपु પુ શત્રુ) મોટો શત્રુ
महिमन् પુ મહિમા
महिष પુ પાડો
महिषासुर પુ એક દૈત્યનુ નામ
महिषी સ્ત્રી પટ્ટરાણી
मही સ્ત્રી પૃથ્વી
महोत्सव પુ મહોત્સવ
मा (અવ્યય) મા, નહિ
मा ઉપસ । निर् મથે, નિપજાવવુ (निमाय्त કર્મણિ રૂપ)
मास ન માસ
माणवक પુ વિશેષ નામ
मातृ સ્ત્રી મા
माधुर्य ન મીઠાશ
मानिनी સ્ત્રી માનવાળી સ્ત્રી
मारुत પુ પવન, વાયુદેવતા
मार्ग । ૧૦, શોધવુ
मार्ग પુ માગ, રસ્તો
माला સ્ત્રી માળા
माष પુ અડદ
मासचतुष्टय ન (मास પુ મહિનો चतुष्टय ન ચારનુ) ચાર મહિના
मित्र ન મિત્ર
मित्रता સ્ત્રી મિત્રાઈ
मिलित्वा (मिल નો અભૂ કૃ) મળીને
मुक्त (मुच् નો ભૂ કૃ) થયેલુ
मुक्ति સ્ત્રી મોક્ષ
मुख ન મો
मुच् [मुञ्च] । ૬ ઉભ મૂકવુ છૂટા કરવુ
मुद् । ૧, આત્મને ખુશ થવુ
मुह् ગ ૪ પરસ્મૈ ઘેલા થવુ બેભાન થવુ
मूर्ख પુ મુરખ
मूर्खशत ન (शत ન સો) સો મુરખ
मूर्ति સ્ત્રી મૂર્તિ પ્રતિમા
मूर्तिमत् વિશે મૂર્તિમાન સાક્ષાત, પ્રત્યક્ષ
मृ (म्रियू) । ૬ આત્મને મરવુ
मृग् । ૧૦, આત્મને શોધવુ
मृग પુ હરણ
मृत्यु પુ મોત
मेघ પુ વાદળ
मेघनाद ન [illegible]
मेदिनी સ્ત્રી પૃથ્વી
मेधाविन् વિશે બુદ્ધિમાન, [illegible]
मेरु પુ [illegible]

मित्रावरुण પુ. સોમયજ્ઞ કરાવનારમાંનો એક યાજક.
मोक्ष પુ. મોક્ષ.
मोदक પુ. લાડુ.
मौन ન. મુગાપણું.

य.

यक्ष પુ. યક્ષ, કુબેરનો સેવક.
यज् ગ. ૧, ઉભય. પૂજવું, યજ્ઞ કરવો.
यजमान પુ. યજમાન, યજ્ઞ કરનાર.
यज्ञिय વિશે. યજ્ઞસંબંધી, યજ્ઞનું.
यत् ગ ૧, આત્મને. મથવું, મહેનત કરવી.
यति પુ. યોગી
यतः (અવ્યય) જેથી, કારણ કે.
यत्न પુ. પ્રયત્ન.
यत्र (અવ્યય) જ્યાં.
यथा (અવ્યય) જે પ્રમાણે, જેમ.
यदा (અવ્યય) જ્યારે.
यदि (અવ્યય) જો.
यन्त्र પુ. યંત્ર, નાયો.
यशस् ન. જશ.
यशस्विन् વિશે. પ્રખ્યાત.
याच् ગ. ૧, ઉભય. યાચવું, માગવું.
याचक પુ. યાચક, માગનાર.
यात (या નો ભૂ. કૃ) ગયેલો.
या-ઉપ. आ સાથે, આવવું; -ઉપ. सम्+आ સાથે, આવવું (समायत ભૂ.કૃ).
यातृ સ્ત્રી. દેરાણી કે જેઠાણી
यात्रिक પુ. જાત્રાળુ.
यावत् (અવ્યય) જ્યાં સુધી.
युक्त (युज् નો ભૂ. કૃ.) જોડાયેલું, યુક્ત.
युद्ध ન. લડાઈ.
युध् સ્ત્રી. લડાઈ.
युध् ગ. ૪, આત્મને. લડવું.
यूथ ન. ટોળું
योगिन् પુ. યોગી.
योजन ન. જોજન, ચાર [ગાઉ
योध પુ. લડવૈયો.

र.

रक्ष् ગ. ૧, પરસ્મૈ. બચાવવું, સંભાળવું, રક્ષણ કરવું.
रक्षण ન. રક્ષણ; બચાવ
रक्षस् ન. રાક્ષસ.
रक्षा સ્ત્રી. રક્ષા, બચાવ, રક્ષણ.
रक्षित (रक्ष् નો ભૂ. કૃ.) બચાવાયલું, રક્ષાયલું.
रक्षिन् પુ. રક્ષક;—વિશે. રક્ષણ કરનાર.

रघु पु. (બહુ) રઘુરાજાના વંશજ.
रच् ग १०, રચવુ, ગોઠવવુ.
रजनी स्त्री રાત.
रज्जु स्त्री. દોરડી.
रजस् न ધુળ, પરાગ
रति स्त्री કામદેવની સ્ત્રીનુ નામ, ચુની, મજા.
रत्न न. રત્ન.
रथ पु. રથ.
रथ्या स्त्री. શેરી.
रभ् ग १, આત્મને. હાથમા લેવુ,-आ સાથે, શરૂ કરવુ
रम् ग. १, આત્મને. રમવુ.
रमण पु. વ્હાલો, ધણી
रमा स्त्री લક્ષ્મી.
रवि पु. સૂર્ય.
रस पु. રસ.
राक्षस पु. રાક્ષસ.
राजद्वार न. (द्वार न બારણુ) દરબાર, સરકાર કચેરી.
राजन् पु. રાજા.
राज्ञी स्त्री રાણી.
राज्य न રાજ્ય.
राज्यलोभाकृष्ट विशे. (राज्य न. રાજ્ય, लोभ पु. લોભ, आकृष्ट ખેંચાયલુ), રાજ્યના લોભથી ખેંચાયલું.

रात्रि स्त्री. રાત.
राम पु. વિશેષ નામ.
रावण पु રામનો શત્રુ, લંકાનો રાજા.
राशि पु. ઢગલો.
रीति स्त्री. રીત.
रुच् ग. १, આત્મને ગમવુ.
रुद् રડવુ.
रुध् ग. ४, આત્મને.—ઉપસર્ગ अनु સાથે માનવુ, તાબે થવુ.
रुह् ग. १, પરસ્મૈ. ઊગવુ; आ સાથે, ચડવુ
रे रे (અવ્યય) અરે!

ल.

लक्ष्मण पु. રામનો ભાઈ.
लक्ष्मी स्त्री. લક્ષ્મી.
लग्नवेला स्त्री. મુહૂર્તની ઘડી.
लङ्घ् ग. १, આત્મને. ઓળંગવુ, ટપવુ.
लज्ज् ग. ६, આત્મને. શરમાવુ, શરમાવુ.
लज्जा स्त्री. લાજ.
लता स्त्री. વેલ.
लतागृह न. લતામંડપ, માંડવો.
लभ् ग. १, આત્મને. મેળવવુ.

लम्ब् ग. १, આત્મને -अव સાથે, આચરો લેવો, પકડવું.

ललना સ્ત્રી. સ્ત્રી.

लव પુ ગમનો પુત્ર.

लवण ન. મીઠું; વિશે. ખારૂ.

लाङ्गूल ન પુછડું.

लिङ्ग પુ. જાતિ (=સ્ત્રીવર્ગમા કે પુરૂષવર્ગમાં હોવાપણુ)

लुट् ગ. ૮, પરસ્મૈ. આળોટવું, લોટવુ.

लुभ् ગ. ૮, તથા ગ. ૬, પરસ્મૈ તલાસવું, લોભ રાખવો, મોહિત થવુ.

लोक પુ. લોક, દુનિયા.

लोभ પુ. લોભ.

व.

वंश પુ. વંશ, કુળ.

वक्षस् ન. છાતી.

वचन ન. વચન.

वचस् ન. વચન.

वञ्चक પુ ઠગારો.

वत्स પુ. બચ્ચું.

वद् ગ १, પરસ્મૈ. કહેવું.

वध પુ. વધ, મારવું તે.

वधू સ્ત્રી. વહુ, જુવાન સ્ત્રી.

वन ન વન

वनवासिन् વિશે. વનમા રહેનાર

वनौकस् પુ. વનમા રહેનાર.

वन्द् ગ १, આત્મને. નમવું.

वयस् ન. ઉમર

वयस्य પુ મિત્ર

वल्गु વિશે. ખુબસુરત અગવાણું, દેખાવડું

वरम् (અવ્યય) બેહેતર, ઠીક

वराह પુ ડુક્કર, ભુંડ

वर्ण् ગ १०, વખાણવું, વર્ણવુ

वर्ण પુ જાત, રંગ

वर्त्मन् ન રસ્તો

वल्लभ પુ વ્હાલો

वशा સ્ત્રી હાથણી.

वस ગ १, પરસ્મૈ. રહેવું, વસવુ;-अधि સાથે, રેહેવું.

वसत् (वस् નો વ કૃ) વસતુ

वसति સ્ત્રી રહેઠાણ

वसन ન વસ્ત્ર

वसन्त પુ વસંત ઋતુ

वसु ન ધન

वसुदेव પુ કૃષ્ણનો બાપ

वसुधा સ્ત્રી પૃથ્વી.

वस्तु ન વાસ્તવિક પદાર્થ, વસ્તુ

वस्त्र ન વસ્ત્ર

वह् ગ. १, ઉભય. વહેવું, વહવું, વઈ જવું.

वा (અવ્યય) અથવા
वाक्पटुता સ્ત્રી (પટુતા સ્ત્રી હુશિયારી) બોલવાની છટા
वाच् સ્ત્રી વાણી
वाचा સ્ત્રી વાણી
वाञ्छ ગ ૧, પરસ્મૈ ઇચ્છવું
वाणी સ્ત્રી વાણી
वात પુ પવન
वातायन ન બારી
वाद ગ ૧૦, આત્મને –अभि સાથે, નમવું
वापी સ્ત્રી વાવ
वायस પુ કાગડો
वायु પુ વાયુ
वारि ન પાણી
वार्ता સ્ત્રી વાત
वास પુ વાસ
वासित વિશે ખુશબોદાર
वासुदेव પુ કૃષ્ણ
विग्रहसंधि પુ (विग्रह પુ લડાઈ संधि પુ સલાહ) લડાઈ અને સલાહ
विचित्र વિશે, વિચિત્ર, રંગબેરંગી
वित्त ન દોલત ધન
विद् [विन्द्] ગ ૬, ઉભય મેળવવું
विद् ગ ૪, આત્મને હોવું
विद्युत् સ્ત્રી વીજળી
विद्वत्त्व ન વિદ્વત્તા વિદ્વાનપણું
विद्वस् વિશે વિદ્વાન ભણેલું
विधि પુ વિધિ, ધર્મશાસ્ત્રની આજ્ઞા
विधेय વિશે કરવા યોગ્ય
विनय પુ વિનય, નમ્રતા
विना (અવ્યય) વિના સિવાય
विपत्ति સ્ત્રી આફત
विपद् સ્ત્રી આફત
विप्रिय ન અપ્રિય, તકલીફ, –વિશે અણગમતું
विमार्ग પુ આડો રસ્તો
विमुख વિશે અવળા મોં વાળું
वियत् ન આકાશ
वियोग પુ વિયોગ
विराव પુ ચીસ
विवर ન ગુફા
विवाह પુ વિવાહ
विश् ગ ૬, પરસ્મૈ પેસવું, –आ સાથે, નમવું
विशुद्ध (वि (પ)+शुध् ગ ૪, પરસ્મૈ નો ભૂ કૃ) શુદ્ધ
विश्रामहेतोः (वि+श्रम् ગ ૪ વિસામો અને हेतु પુ કારણ, એ બે શબ્દોના સમાસ વિશ્રા-

महेतु पु नी पचमी विभ-
क्तिनु એકવચન) નિશામાં
ખાવાના સબંધથી
न न विस्स
श्वकर्मन् पु विश्वकर्मा.
श्वामित्र पु એક ઋષિ
श्वासकारण न (विश्वास
पु ભરૂસો, कारण न. કા-
રણ) વિશ્વાસનુ કારણ
ष न ઝેર
ष्णु पु વિષ્ણુ
हग पु પક્ષી.
हित [वि (उप) + धा नो
भू. કૃ] કરમાવેલુ, સ્થાપેલુ.
ीर्ग स्त्री ગલી
ीर पु शूरो, लडवैयो
वृ-उपसर्ग परि साथे, વિંટાળવુ,
ઘેરવુ.
वृक्ष पु ઝાડ
वृत् न १, આત્મને હોવુ,-नि
साथे, પાછા આવવુ
वृद्-उपसर्ग प्र साथे, शरु क-
रवु, લઈ બેસવુ
वृत्-उपसर्ग परा साथे, પાછા
વળવુ; परावृत्त्य પાછા વળીને
वृत्ति स्त्री. પરી.
वृथा (અવ્યય) ફોકટ.
वृध् ग. १, આત્મને વધવુ.
वृष पु. બળદ.
१२

वृषभध्वज पु महादेव.
वेद पु वेद.
वेधस् पु. બ્રહ્મા
वेप् ग १, આત્મને. ધ્રુજવુ,
थरथरवु
वैयात्य न मूर्खामी
व्यथा स्त्री. પીડા, દુખ.
व्यसन न दुःख, संकट, टेव,
लत
व्याघ्र पु. वाघ.
व्याध पु. पारधी.
व्याधि पु रोग
व्रज् ग. १. परस्मै. જવુ.
व्रीहि पु. ડાંગર કે ડાંગરના દાણો.

श.

शंस् ग. १, परस्मै वखाणवु
कहेवु.
शंस्-उपसर्ग आ साथे, ग.१.
आत्मने. आशा राखवी,
तकासवु.
शकुन्तला स्त्री. विशेष नाम
शङ्क् ग. १, आत्मने. वहेम
आणवो, शंका लेवी.
शङ्का स्त्री. शंका, वहेम.
शत्रु पु. दुश्मन, वैरी.
शान न. [illegible]
शत्रु पु. शत्रु, दुश्मन.

शत्रुनिग्रह પુ શત્રુ માથે ન
ડાઈ
शम् [शाम्] ગ ૪, પરસ્મૈ
શાંત થવુ
शम्बूक પુ વિશેષ નામ
शम्भु પુ શિવ, મહાદેવ
शर પુ તીર
शरद् સ્ત્રી શરદ ઋતુ
शरीर ન શરીર
शरीरस्थ વિશે શરીરમા
રહ્યુ
शय्या સ્ત્રી પથારી, સેજ
शव ન મુડદુ શબ
शान्ता સ્ત્રી રામની બહેન
शान्ति સ્ત્રી શાંતિ
शाला સ્ત્રી શાળા, સ્થળ
शास् ગણ્ય ચલાવવુ
शासत् (शास् નો વ કૃ)
ગણ્ય કરતુ
शासन ન હુકમ
शास्त्र ન શાસ્ત્ર
शिक्ष् ગ ૧, આત્મને શીખવુ
शिखर ન શિખર
शिखण्डिन् પુ પવન
शिरस् ન માથુ, શિર
शिला સ્ત્રી પત્થર
शिव ન કલ્યાણ
शिवालय ન શિવનુ દેરુ
शिशिर પુ કે ન શિશિર ઋતુ
शिशु પુ બાળક
शिष्य પુ શિષ્ય, વિદ્યાર્થી
शीर्ष ન માથુ
शुक પુ પોપટ
शुच् ગ ૧, પરસ્મૈ શોચવુ
શોક કરવો
शुभ् ગ ૧, આત્મને શોભવુ
ઘણરત હોવુ
शुभ વિશે સારુ
शुष् ગ ૪, પરસ્મૈ સુકાવુ
शूद्र પુ શૂદ્ર
शूद्रक પુ વિશેષ નામ
शृगाल પુ શિયાળ
शोभन વિશે સારુ
शोभा સ્ત્રી શોભા
श्मशान ન સ્મશાન
श्रम [श्राम्] ગ ૪, પરસ્મૈ થાકવુ
श्रवण ન સાંભળવુ
श्रि ગ ૧, ઉભય –ઉપમાં
આ માં, આશરો લેવુ
શરણે જવુ
श्रीमत् વિશે શ્રીમાન, સુખી
श्रीषेण પુ વિશેષ નામ
श्रु સાંભળવુ
श्रुति સ્ત્રી કાન, વેદ
श्रुतिमत વિશે વેદજ્ઞ સુનાર
વેદપારગત

श्रेष्ठ વિશે. શ્રેષ્ઠ.
श्रेयस् વિશે. બહેતર, કલ્યાણકારક.
श्रोतृ વિશે. સાંભળનાર, શ્રોતા.
श्लाघ् ગ. ૧, આત્મને. વખાણવું.
श्लोक પુ કે ન. કવિતા, શ્લોક, છંદ.
श्वश्रू સ્ત્રી. સાસુ.
श्वस् (અવ્યય) આવતી કાલે.
श्वापद પુ. શિકારી પ્રાણી.
श्वेन વિશે. ધોળું.

स.

संकट ન. સંકટ, સંકડામણ.
संगीत ન. ગાયન, સંગીત.
संगमोत्सुक વિશે. મેળાપને માટે આતુર, મળવાને ઇંતેજાર.
संतप्त [सं (ઉપ.) + तप् નો ભૂ. કૃ.] તપેલું, બળેલું.
संदेश પુ. સંદેશો.
संनिधि પુ. પડોશ.
संपद् સ્ત્રી. સંપત્તિ, આબાદી.
संपर्क પુ. સંબંધ, સંસર્ગ.
संभार પુ. તૈયારી.
संश्रय પુ. આશ્રય.
संसार પુ. સંસાર, ભવ, દુનિયા.
सखि પુ. મિત્ર, દોસ્તદાર.
सखी સ્ત્રી. બહેનપણી.
सचिव પુ. આપ્ત, મિત્ર.
सत्तत्त्व ન. ખરેખરું તત્ત્વ.
सत्य ન. સત્ય.
सत्यम् (અવ્યય) ખરેખાત.
सत्वरम् (અવ્યય) જલદી.
सद् [सीद्] ગ. ૧, પરસ્મૈ.
—अव સાથે, દુઃખી થવું.
सद्-ઉપસર્ગ नि સાથે [निषीद्], ગ. ૧, પરસ્મૈ. બેસવું.
सदस् સ્ત્રી. કે. ન. સભા.
सदा (અવ્યય) હમેશાં.
सदाचार પુ. સદાચાર.
सन् (अस् ના વ. કૃ. सत् નું પુ. પ્રથમાનું એ.વ.), છતો.
सभा સ્ત્રી. સભા, ઘર.
समचित्त વિશે. (सम વિશે. સરખું અને चित्त ન. ચિત્ત) સરખા દિલવાળું, સમાન ગણતું.
समराङ्गण ન. રણભૂમિ.
समर्थ વિશે. સમર્થ.
समाज પુ. સભા, મંડળ.
समुद्र પુ સમુદ્ર, દરિયો.
सरस् ન. સરોવર.
सर्प પુ સાપ.
सर्वत्र (અવ્યય) બધે.

सर्वदा (અવ્યય) હમેશા
सवितृ પુ સૂર્ય
सव्येष्टृ પુ. સારથિ
सह् ગ ૧, આત્મને. સહેવુ
सह (અવ્યય) સાથે
सहचरी સ્ત્રી સહિયર, સોબતણ, સોબતમા રહેનારી.
साक्षिन् પુ સાક્ષી
साधयितव्य વિશે કર્તવ્ય (વસ્તુ)
साधु પુ સત્પુરુષ, વિશે સારૂ
सान्त्व् ગ ૧૦, શાત પાડવુ
सारङ्ग પુ હરણ.
सारथि પુ સારથિ.
सार्थ પુ ટોળુ, કાફલો, સાથ.
साष्टाङ्गपातम् (સામાસિક અવ્યય) સાષ્ટાગ નમસ્કારસાથે
सिंह પુ. સિંહ
सिच् [सिञ्च्] ગ ६, ઉભય સિચવુ, છાટવુ
सीता સ્ત્રી વિશેષનામ
सु (નામને આરંભે અવ્યય તરીકે) સરૂ
सुकृत ન.
सुकृति સ્ત્રી } સત્કર્મ
सुचरित ન
सुख ન સુખ.
सुखभाज् વિશે સુખી
सुखलेश પુ (लेश પુ અશ) સુખનો અશ.
सुगन्धि વિશે સુવાસિત, ખુશબોદાર
सुमन्त्र પુ રામનો સારથિ
सुरभि વિશે ખુશબોદાર
सुवर्ण ન સોનુ
सुवृत्त વિશે સારી ચાલનુ
सुष्ठु (અવ્યય) બેશ, ઠીક
सुहृद् પુ મિત્ર
सूक्त ન વેદનો મત્ર
सूत्रधार પુ સૂત્રધાર
सूद् ગ ૧૦,—नि સાથે [निषूद्], નાશ કરવો, કતલ કરવુ
सूद પુ રસોઇયો
सूनु પુ દીકરો
सूर्य પુ. સૂર્ય
सृ ગ ૧, પરસ્મૈ સરકવુ, ખસવુ, જવુ
सृ–ઉપસર્ગ प्र સાથે, પસરવુ.
सृज् ગ ६, પરસ્મૈ. સરજવુ, નિપજાવવુ.
सृष्टि સ્ત્રી. સૃષ્ટિ
सेना સ્ત્રી સેના.
सेनापति પુ. સેનાપતિ, લશ્કરનો સરદાર
सेव् ગ. ૧, આત્મને સેવવુ,

–ઉપમર્ગ परि સાથે, સેવવુ, અગીકાર કરવુ.

सैनिक પુ લશ્કરી સિપાઈ, લડવૈયો. [રમ

सोम પુ સોમવલ્લી કે સોમ-

सोमवासर પુ સોમવાર.

सोढ (सह् નો ભૂ. કૃ) સહે-વાયલુ [સુરતી

सोन्दर्य ન સુંદરપણુ, ખૂબ

स्तुति સ્ત્રી વખાણ, પ્રાર્થના

स्तेन પુ ચોર

स्त्रीरत्न ન. રત્નરૂપ સ્ત્રી

स्था [तिष्ठ्] ગ ૧, પરસ્મૈ. ઊભા રહેવુ (કર્મણિરૂપ स्थी).

स्था-ઉપસર્ગ उत् સાથે, ઊઠવુ

स्निह् ગ. ૪, પરસ્મૈ સ્નેહ રાખવો

स्पन्द् ગ ૧, આત્મને ફરક-વુ, ધડકવુ

स्पर्ध् ગ. ૧, આત્મને ખરો-ખરી કરવી, સરમાઈ કરવી

स्पृश् ગ. ૬, પરસ્મૈ અડકવુ.

स्पृष्ट (स्पृश् નો ભૂ કૃ) અડકેલ

स्पृह् ગ. ૧૦, ચહાવુ, ઝખ-વુ, તૃષ્ણા રાખવી

स्फुर् ગ ૬, પરસ્મૈ. ધડકવુ, ફરકવુ, તરફડવુ

स्मि ગ. ૧, આત્મને. હસવુ, મોં મલકાવવુ—ઉપસર્ગ वि સાથે, આશ્ચર્ય પામવુ

स्मृ ગ. ૧, પરસ્મૈ. સભારવુ, યાદ રાખવુ,—ઉપસર્ગ वि સાથે, વીસરવુ, ભુલી જવુ.

स्मृति સ્ત્રી યાદદાસ્ત ; સ્મૃતિ (ધર્મશાસ્ત્ર).

स्रस् ગ ૧, આત્મને ખરવુ.

स्रष्टृ પુ. સૃટિકર્તા;—વિશે. સરજનાર.

स्वकृत्य ન પોતાની ફરજ.

स्वदेश પુ (स्व પોતાનો અને देश પુ મુલક), સ્વદેશ

स्वप्न ન શમણુ

स्वर्ग પુ સ્વર્ગ

स्वविषय પુ (विषय પુ મુ-લક) પોતાનો મુલક

स्वसृ સ્ત્રી બહેન [લ્યાણ

स्वस्ति (અવ્યય) અખડ ક-

स्वास्थ्य ન સ્વસ્થતા, શાતિ.

स्वाद् ગ ૧, આત્મને ચાખવુ, ભાવવુ

स्वामिगुणोपेत વિશે (स्वामिन् ધણી, गुण ગુણ, અને उपेत યુક્ત) ધણીના ગુણોથી યુક્ત

स्वामिन् પુ ધણી

स्वीय વિશે પોતાનુ

ह

हन હણવું
हरि પુ વિશેષ નામ
हरिण પુ હરણ
हर्म्य ન હવેલી
हलाहल ન હળાહળ ઝેર
हविस् ન બળિદાન
हस् ગ ૧, પરસ્મૈ –ઉપસર્ગ वि સાથે મશ્કરીમાં હસવું
हस्त પુ હાથ
हि–ઉપસર્ગ प्र સાથે, મોકલવું
हित વિશે હિતકારક,–ન ભલું, હિત
हिम ન બરફ
हुतभुज् પુ અગ્નિ
हृ ગ ૧, ઉભય લઈ જવું, હરી જવું–ઉપસર્ગ आ સાથે લાવું કે યજ્ઞ કરવો,–ઉપસર્ગ प्र સાથે, મારવું,–ઉપસર્ગ वि સાથે, ક્રીડા કરવી
हृदय ન હૈયું
हे (અવ્યય) અહો, અરે
ह्यस् (અવ્યય) ગઈ કાલે
ह्वे ગ ૧, ઉભય બોલાવવું

ગુજરાતી સંસ્કૃત શબ્દકોશ.

અખંડ કલ્યાણ स्वस्ति અવ્યય.
અગ્નિ अग्नि પુ , हुतभुज् પુ,
અગાશી प्रासादतल ન (પ્રાસાદ મહેલ અને तल પૃષ્ઠ).
અગોચર अभूमि સ્ત્રી.
અંગીકાર કરવુ परि (ઉપ.) + सेव् ગ. ૧, આત્મને
અજ્ઞાન अज्ञान ન
અટકાવાયલું कुण्ठित (कुण्ठ् નો ભૂ. કૃ).
અડકવું स्पृश् ગ. ૬, પરસ્મૈ.
અડકેલુ स्पृष्ट (स्पृश् નો ભૂ. કૃ.)
અડદ माष પુ.
અણગમતુ विप्रिय વિશે.
અણભરૂસાદાર अविश्वास्य વિશે.
અત્યંત अतीव અવ્યય; परम વિશે. प्रकर्ष પુ.
અથવા अथवा અવ્યય, उत અવ્યય, वा અવ્યય.
અધિકાર આપવો अधिकृ ऽ अधि (ઉપ.) + कृ.ऽ.
અધિપતિ अधिपति પુ.
અનર્થ अनर्थ પુ.
અનાજ धान्य ન.
અનાથ अशरण વિશે.
અનિષ્ટ अनर्थ પુ.
અનુભવવુ अनु (ઉપ) + भू ગ. ૧, પરસ્મૈ.
અનુસરવુ अनु (ઉપ.) + सृ ગ. ૧, પરસ્મૈ, अनु (ઉપ) + गम् [गच्छ्] ગ. ૧, પરસ્મૈ.
અને च અવ્યય.
અંતપુરનો વડો અધિકારી कञ्चुकिन् પુ.
અંતરાય आवरण ન
અંધારૂં तमस् ન [પુ.
અપરાધનો લેશ. अपराधलव
અપવિત્ર કરાયલું दूषित (दूष् નો ભૂ. કૃ).
અભિષેક કરવાને अभिषेक्तुम् ऽ अभि (ઉપ) + सिच् નો હે કૃ ऽ.
અભ્યાસ अध्ययन ન.
અંબોડો कबरी સ્ત્રી.
અરે भोस् અવ્યય; हे અવ્યય.

અર્ઘ્ય अर्घ्य न
અવજ્ઞા अवधीरणा स्त्री.
અવદશા दुर्दशा स्त्री.
અવાજ ध्वनि पु.
અવગણેહીનાણુ विमुख विशे
અવિષય अभूमि स्त्री.
અસત્ય अनृत न ; असत्य न
અસ્થિર अध्रुव विशे
અહિં अत्र અવ્યય.
અહો भोस् અવ્યય

આ.

આંખ नयन न , चक्षुस् न ,
નેત્ર न.
આંસુ अश्रु न.
આકાશ अम्बर न , वियत्
न., आकाश पु. न,
नभस् न.
આનગ पुर અવ્યય.
આગરવુ आ (ઉપ.) + चर्
न. १, पर०मै.
આચાર્ય आचार्य.
આચ્છાદન आवरण न.
આજ अद्य અવ્યય
આજ્ઞા आदेश पु ; आज्ञा स्त्री
આડિ ગલો विमार्ग पु.
આણવુ आ (ઉપ) + नी न
१, ઉભય
આત્મા आत्मन् पु.
આથી अतः અવ્ય.
આદર आदर पु.
આપ भवत् सर्व.
આપનાર दातृ विशे.
આપની હજુર भवत्सक
पु. (भवत् सर्व. આપ
सकाश पु पोरा).
આપવુ दा [यच्छ्] न.
પરસ્મૈ. (કર્મણિરૂપ द
આફત आपद् स्त्री., वि
स्त्री , विपत्ति स्त्री
આબાદ श्रीमत् विशे.
આબાદી पुष्टि स्त्री ; सा
આરંભ आरम्भ पु. [?
આરોપ आरोप पु.
આર્ય आर्य पु.
આવતી કાલે श्वस् અવ્યય.
આવવું જવું आ (ઉપ) + f
न. १, ઉભય.
આવી લેવા आ (ઉપ.)
लम्ब् न १, આત્મને.
આશા રાખવી आ (ઉપ.)
शंस् न. १, આત્મને.
આશ્રય પામવું आ (ઉપ)
श्रि न. १, આત્મને.
આશ્રય संश्रय पु.
આશ્રિત अनुजीविन् विशे.
આસન आसन न.
આળોટવુ लुट् न., ६, પરસ્મૈ

ઈ.

ગ્રેજ आङ्गलभौम પુ
ંગ્લાંડ आङ्गलभूमि સ્ત્રી.
ઈચ્છવું इष् [इच्छ्] ગ. ૬, પરસ્મૈ; वाञ्छ् ગ ૧, પરસ્મૈ.
ઈચ્છા अभिरुचि સ્ત્રી; अभिलाष પુ.; इच्छा સ્ત્રી.
ઈચ્છેલું इष्ट (इष् ગ. ૬, નો ભૂ. કૃ).
ઈજા अहित ન.; व्यथा સ્ત્રી
ઈશ્વરની કચેરી न्यायसभा સ્ત્રી.
નામ पारितोषिक ન
ઇન્દ્રની રાજધાની अमरावती સ્ત્રી

ઉ.

ઉગ્ર चण्ड વિશે.
ઉત્કૃષ્ટતા प्रकर्ष પુ.
ઉત્પત્તિ प्रभव પુ.
ઉત્પન્ન થવું जन् [जा] ગ. ૪, આત્મને; उद्(ઉપ) + भू ગ. ૧, પરસ્મૈ; उद् (ઉપ) + पद् ગ. ૪, આત્મને.
ઉત્પત્તિસ્થાન प्रभव પુ.
ઉત્સાહ उत्साह પુ.
ઉદ્યમ उद्यम પુ.
ઉદ્યમ જેવું उद्यमसम વિશે.
ઉદ્યોગ उद्योग પુ.
ઉન્હાળો ग्रीष्म પુ.
ઉપકાર उपकार પુ.
ઉપજાવાયેલું निर्मित {निर (ઉપ) + मा નો ભૂ. કૃ.}.
ઉપદેશ उपदेश પુ.
ઉપરી अधिपति પુ.
ઉપાય उपाय પુ.
ઉંમર वयस् ન.
ઉવેખવું उप (ઉપ.) ईक्ष् ગ. ૧, આત્મને.

ઊ.

ઊગવું रुह् ગ. ૧, પરસ્મૈ.
ઊઠવું उद् (ઉપ.) + स्था [तिष्ठ] ગ. ૧, પરસ્મૈ.
ઊઠીને उत्थाय {उद् (ઉપ) + स्था નો અવ્યય ભૂ. કૃ.}
ઊતરવું अवतरत् {अव(ઉપ.) + तॄ ગ. ૧, પરસ્મૈ. નો વ. કૃ.}.
ઊતરવું अव (ઉપ.) + तॄ.
ઊભા રહેવું स्था [तिष्ठ] ગ. ૧, પરસ્મૈ.
ઊભેલું तस्थिवस् વિશે.

ઋ.

ઋષિ ऋषि પુ.

એ.

એક एक સર્વ.
એકઠા મળવું सम् (ઉપ) + गम् [गच्छ्] આત્મને.
એ પ્રમાણે एवम् અવ્યય.
એમ इति અવ્યય.
એની રીતે इत्थम् અવ્યય.

ઓ.

ઓચ્છવ उत्सव પુ.
ઓપાવવું कश् ગ. ૧, આત્મને.
ઓસડ अगद પુ.
ઓળંગવું तॄ ગ ૧, પરસ્મૈ. पार् ગ ૧, लङ्घ् ગ. ૧, આત્મને., सम् કે उत् (ઉપ) + तॄ ગ. ૧, પરસ્મૈ.

ક.

કંઠ कण्ठ પુ
કથા कथा સ્ત્રી.
કદિયે નહિ न कदापि અવ્યય.
કનડવું तुद् ગ. ૬, ઉભય.
કપટ कपट ન.
કબૂલ રાખવું अनु (ઉપ.) + मन् ગ. ૪, આત્મને.
કબૂલેલું प्रतिज्ञात [प्रति (ઉપ.) + ज्ञा નો ભૂ. કૃ]
કમળ कमल ન; पद्म ન.
કંપવું कम्प् ગ ૧, આત્મને
કરતું कुर्वत् (कृनो પરસ્મૈ વ કૃ), कुर्वाण (कृनो આત્મને. વ કૃ.)
કરનાર कर्तृ વિશે.
કરવા યોગ્ય विधेय વિશે.
કરાવેલું निर्मित [निर् (ઉપ) + मा નો ભૂ. કૃ], कृत (कृ નો ભૂ. કૃ.), विहित [वि (ઉપ) + धा નો ભૂ કૃ].
કર્તવ્ય कर्तव्य ન.
કલંક कलङ्क પુ.
કલ્યાણ कल्याण ન, भद्र ન, शिव ન.
કલ્યાણકારક श्रेयस् વિશે.
કવિ कवि પુ.
કવિરાજ कवीश પુ.
કહે છે ब्रूते (ब्रू ગ ૨, નું આત્મને. વર્તમાન ત્રી. પુ. એ વ.).
કહેલું उक्त (वच् નો ભૂ. કૃ)
કહેવું कथ् ગ. ૧૦; भाष् ગ. ૧, આત્મને., शंस् ગ. ૧, પરસ્મૈ. वद् ગ. ૧, પરસ્મૈ
કળા कला સ્ત્રી
કાંઠો तीर ન.
કાચબો कच्छप પુ.
કાગડો वायस પુ.

કાચબો कूर्म પુ.
કાદવ पङ्क પુ.
કાન कर्ण પુ; श्रवण પુ; श्रुति સ્ત્રી.
કાંતિ कान्ति સ્ત્રી.
કાફલો सार्थ પુ.
કામ कर्मन् ન; कृति સ્ત્રી.
કામઠું चाप ન; धनुस् ન.
કામદેવ मदन પુ.
કાર્તિક મહિનો कार्तिक પુ.
કાળ काल પુ.
કિંવા अथवा અવ્યય.
કીર્તિ कीर्ति સ્ત્રી.
કુંભાર कुम्भकार પુ.
કુટુંબનું માણસ कुटुम्बिन् પુ.
કુબેર धनपति પુ.
કુમારિકા कन्या સ્ત્રી; कुमारी સ્ત્રી.
કુશળ कुशलिन् વિશે.
કુળ वंश પુ.
કુળવાન कुलीन વિશે.
કૂવો कूप પુ.
કૃપા कृपा સ્ત્રી.
કે अथवा અવ્યય.
કેમ कथम् અવ્યય.
કેરી आम्र ન.
કેવળ केवल વિશે.
કોદાળી खनित्र ન.
કોઠાર कोष्ठ પુ.
ક્યાં क्व અવ્યય.
ક્યાંથી कुतः અવ્યય; कुत्र અવ્યય.
ક્યારે कदा.
ક્લેશ क्लेश પુ.
ક્રીડા क्रीडा સ્ત્રી.
ક્રીડા કરવી क्रीड् ગ. ૧, આત્મને.
ક્રૂર नृशंस વિશે.
ક્રોધ क्रोध પુ.
ક્ષમા क्षमा સ્ત્રી.

ખ.

ખંડ द्वीप પુ.
ખમવું क्षम् ગ. ૧, આત્મને.
ખરવું स्रंस् ગ. ૧, આત્મને.
ખરાબ કામ दुष्कृति સ્ત્રી.
ખરાબ ચાલ दुराचार પુ.
ખરાબ માણસ दुर्जन પુ.
ખરીદાયલું क्रीत (क्री નો ભૂ. કૃ.).
ખરેખર किल અવ્યય.
ખરેખરૂં તત્ત્વ सत्त्व ન.
ખરેખાત सत्य અવ્યય.
ખલાસી नाविक પુ.
ખમવું मृ ગ. ૧, પરસ્મૈ.
ખળભળવું क्षुभ् ગ. ૯, પરસ્મૈ.
ખળાયેલું कुण्ठित (कुण्ठ् નો ભૂ. કૃ.).

ખારૂં लवण વિશે.
ખાવું अद् ગ. ૨, પરસ્મૈ ; आ (ઉપ) + हृ ગ. ૧, ઉભય.; भक्ष् ગ. ૧૦, પરસ્મૈ
ખાસડું उपानह् સ્ત્રી.
ખુશકારક आह्लादक વિશે.
ખુશબોદાર वासित વિશે.; सुगन्धि વિશે.; सुरभि વિશે.
ખુશી रति સ્ત્રી.
ખુશી કરવું प्री [प्रीण्] ગ. ૧૦; मुद् ગ. ૧, આત્મને; प्र (ઉપ.) + मुद् ગ. ૧, આત્મને.
ખૂબસુરત दर्शनीय વિશે. ખૂબસુરત (સ્ત્રી) वरतनु વિશે.
ખૂબસુરતી सौन्दर्य સ્ત્રી.
ખેડુત कृषीवल પુ.
ખેલવું क्रीड् ગ. ૧, પરસ્મૈ.
ખોદવું खन् ગ. ૧, ઉભય.
ખોદેલું उत्खात ; उत् (ઉપ.) + खन् નો ભૂ. કૃ.
ખોળામાં બેઠું उत्सङ्गवर्तिन् વિશે. (उत्सङ्ग પુ. ખોળો).

ગ.

ગઈ કાલે ह्यस् અવ્યય.
ગંગા गङ्गा સ્ત્રી.; भागीरथी સ્ત્રી.
ગણવું गण ગ. ૧૦.
ગતિ गति સ્ત્રી.
ગભરાવું क्षुभ् ગ. ૪, પરસ્મૈ.
ગમવું रुच् ગ. ૧, આત્મને.
ગયેલું गत (गम् નો ભૂ. કૃ.); यात (या નો ભૂ. કૃ).
ગરમ चण्ड વિશે.
ગરીબ दीन વિશે.
ગરીબપણું दारिद्र्य ન ; दैन्य ન.
ગવૈયા गायक પુ.
ગળવું गल् ગ. ૧, પરસ્મૈ. द्रु ગ. ૧, પરસ્મૈ.
ગાંડા થવું मद् [माद्] ગ. ૪, પરસ્મૈ.
ગાઉ कोश પુ.
ગાય धेनु સ્ત્રી.
ગાયન गान ન.; सङ्गीत ન.
ગાયની કોઢ गोष्ठ પુ. કે ન.
ગાલ कपोल પુ.
ગાવું गै ગ. ૧, પરસ્મૈ.
ગીત गीत ન.
ગુણ गुण પુ.
ગુણ જાણનાર गुणज्ञ વિશે.
ગુણવાન गुणवत् વિશે.; गुणिन् વિશે.
ગુન્હેગાર अपराधिन् વિશે.

रगाध पु.
र न.
कुप् ग. ૪, પરસ્મૈ.;
I. ૪, પરસ્મૈ
व् ग. ૧૦.
—.
व पु

ધ.

ાગત હેતુ क्षुभ् ग. ૧, આ-
ત્મને.
ધડો घट पु
ર गृह न ; मर्मन् न.
રડપણ जगा स्त्री.
ઘરડો પુરૂષ जरठ पु
રેણુ अलङ्कार पु.
ઘમાઈ જવુ क्षि (क्षय्) ગણ
૧, પરસ્મૈ.
ી घृत न.
ેરવુ परि (ઉપ.) + वृ.
ેલા થવુ मुह् ગ ૪, પરસ્મૈ.
ોડો अन्ध पु

ચ.

ચકોર चकोर पु.
ચડતી ભૂતિ स्त्री. अभ्युदय पु.
ચડવુ आ (ઉપ.) + रुह् ગ.
૧, પરસ્મૈ
ચતુરાઈ चातुर्य न.

ચદની कौमुदी સ્ત્રી.; ज्यो-
त्स्ना સ્ત્રી.
ચદ્ર इन्दु पु.; चन्द्र पु ; च-
न्द्रमस् पु.
ચમત્કારિક હથિયાર अस्त्र न.
ચરિત્ર चरित न.
ચહાવુ स्पृह् ગ. ૧૦.
ચળકતો ઘોળો (રંગ) भास्व-
रशुक्ल पु.
ચળવુ चल् ગ. ૧, પરસ્મૈ.
ચાકર किङ्कर पु ; भृत्य पु.
ચાકરમાણસ दासजन पु.
(दास पु. ચાકર, અને
जन पु. માણસ).
ચાકરી કરનાર अनुजीविन्
વિશે.
ચાખવુ स्वाद् ગ ૧, આત્મને
ચામડુ चर्मन् न.
ચાર મહિના मासचतुष्टय.
ચાલ आचार पु
ચાલવુ चर् ગ. ૧, પરસ્મૈ.,
चल् ગ ૧, પરસ્મૈ.
ચાહના अभिलाष पु.
ચિત્ત चित्त पु.
ચીભ चिर्भट पु
ચોખા तण्डुल पु.
ચોર स्तेन पु.
ચોરવુ चुर् (चोर्) ગ. ૧૦.
ચોરી चौर्य न.

છ

છતો सत् (अस् ના વ. કૃ. सत् નું પુ. ની પ્રથમાનું એ. વ.)

છંદ छन्दस् ન, श्लोक પુ

છબી प्रतिकृति સ્ત્રી

છાતી वक्षस् ન

છાયા छाया સ્ત્રી.

છૂટું કરવું मुच् [मुञ्च्] ૬, પરસ્મૈ

છૂટું થયેલું मुक्त (मुच् ના ભૂ. કૃ.)

છેડો पार પુ

છેવટ परिणाम પુ

છોકરી नान्दनी સ્ત્રી

છોકરો बाल પુ, डिम्भ પુ, तनुज પુ [છોડવ

ઝ ૧ उत्(उप)+सृ ૧. ૧

છોડી દેવું त्यज् ૧. પરસ્મૈ, वि (उप) + सृज् ૬. ૬, પરસ્મૈ

જ

જનાનખાનું अन्तःपुर ન

જનાર गन्तृ त्रि

જન્મેલું जात (जन् નો ભૂ. કૃ.)

જમાઈ जामातृ પુ

જમીન भूमि સ્ત્રી

જરૂર नूनम् અવ્યય, अविगान् અવ્યય, सर्वथा અવ્યય

જવું (ક્રિયાપદ) गम् [गच्छ्] ૧, પરસ્મૈ, व्रज् ૧ પરસ્મૈ, सृ ૧, પરસ્મૈ

જવું (ક્રિયાવાચક નામ) गमन ન

જશ यशस् ન

જાચક भिक्षुक પુ, याचक પુ

જાચવું याच् ૧. ઉભય

જાણવું ज्ञा, बुध् ૧, ૧. ઉભય अव (ઉપ) + गम् [गच्छ्] ૧ પરસ્મૈ

જાણે इव અવ્યય

જાત वर्ण પુ

જાતિ जाति સ્ત્રી

જીભનું ટેરવું जिव्हाग्र (जिव्हा સ્ત્રી. જીભ अग्र ન. ટોચ.)
જીરણ जीर्ण (जॄ નો ભૂ. કૃ.)
જીવ जीव પુ.
જીવવું जीव् ગ. ૧, પરસ્મૈ.
જુવાન સ્ત્રી. प्रमदा સ્ત્રી.
જૂઠું अनृत ન; असत्य ન.
જેથી यत्र અવ્યય.
જે પ્રમાણે यथा અવ્યય.
જેમ यथा અવ્યય
જો यदि અવ્યય.
જોઈને अवलोक्य [अव (ઉપ.) + लोक નો અવ્યય ભૂ કૃ.].
જોજન योजन પુ.
જોડેલું युक्त (युज् નો ભૂ. કૃ.), प्रपन्न [प्र (ઉપ.) + पद् ગ. ૪ નો ભૂ. કૃ].
જોડો उपानह् સ્ત્રી.
જોતું पश्यत् (दृश् ગ. ૧, પરસ્મૈ. નો. વ. કૃ.).
જોનાર द्रष्टृ વિશે.
જોવાની મહેરબાની दृष्टिप्रसाद પુ. (दृष्टि સ્ત્રી. નજર प्रसाद પુ. મહેરબાની)
જોવાયલું निरूपित [नि (ઉપ.) + रूप् નો ભૂ. કૃ.].
જોવું दृश् [पश्य्] ગ. ૧, પરસ્મૈ. ईक्ष् ગ. ૧ આત્મને; प्र (ઉપ.)+ईक्ष्.
જ્ઞાનરૂપી અમૃત ज्ञानामृत ન. (ज्ञान ન. જ્ઞાન અને अमृत ન અમૃત).
જ્યાં यत्र અવ્યય.
જ્યાં સુધી यावत् અવ્યય.
જ્યારે यदा અવ્યય.

ઝ.

ઝંખવું स्पृह् ગ. ૧૦. [પુ.
ઝાડ तरु પુ; वृक्ष પુ. पादप
ઝુપડું उटज પુ
ઝેર विष ન.

ટ.

ટેરો कलि પુ.
ટપકવું गल् ગ. ૧, પરસ્મૈ.
ટપકું बिन्दु પુ
ટેવ व्यसन ન.
ટોળું यूथ ન.

ઠ.

ઠગ शठ પુ.
ઠગારો वञ्चक પુ
ઠપકો उपालम्भ પુ.
ઠગવું अधि (ઉપ.)+कृ.
ઠીક वरम् અવ્યય.

ડ.

ડાઘ कलङ्क पु के न
ડાહ્યુ धीमत् विशे, मेधाविन् विशे
ડાહ્યો માણસ प्रज्ञ पु, प्राज्ञ पु, बुध पु
ડાળી शाखा स्त्री
ડુંગર नगन पु

ઢ

ઢગલો राशि पु
ઢાંકણું आवरण न

ત

તકીઓ त्रिप्रिय न
તકાવવું क्षुभ् ગ ૯, પરસ્મૈ
તપાસવું आ (उप)+शास् ગ ૨, આત્મને
તજવા નાયક पारसाद्य विशे
તજવું त्यज् ગ ૧, પરસ્મૈ
તારામ नराम न
તપવું तप् ગ ૧, પરસ્મૈ
તપાસવું पार (उप)+ईक्ष् ગ ૧, આત્મને
તપેલું सन्तप्त मिस्र् (उप) + तर् नो ગ ૬।
તમે भवत् સ૦ युष्मद् સ૦
તરત अचिरात् અવ્યય, त्वरम् અવ્યય, द्रुतम् અવ્યય.
તરફડવું स्फुर् ગ ૬, પરસ્મૈ
તરવાર असि पु, खड्ग पु
તરસ્યુ तृषित विशे
તલ तिल पु
તળાવ कासार पु, तडाग पु
તાંતણું पल्लव पु
તત્ત્વ तत्त्व न
તત્ત્વજ્ઞાની ब्रह्मविद् पु
તત્પર उद्यत विशे
તાબે થવું शरणम् ने ग्राम साथे गम् अनु (उप) + रुध् ગ ૯, આત્મને
તારો तारक न
તારાનો જથ્થો तारागण पु (તારા સ્ત્રી તારો અને ગણ પુ જથ્થો)
તાળવું तालु न
તિરસ્કાર अवगिरणा स्त्री
તિરસ્કારવું अव (उप) + धीर् ગ ૧૦
તીર इषु पु, शर पु, बाण पु
તીર્થ નજીક જનુ मित्रगामिन् વિશે.
તુચ્છ क्षुद्र विशे
તુલ્ય तुल्य विशे
તેજ तेजस् न, प्रभा स्त्री
ન नीर पु

થી અતઃ અવ્યય, તતઃ અવ્ય-
ય પ્રમાણે તથા અવ્યય. [પ
વેપારી સમ્भार પુ.
ગાળવું तुल् ગ. ૧૦.
થા तत् અવ્યય.
ાગ त्याग પુ.
ારે तदा અવ્યય.

થ.

થાર } भारिन् વિશે.
થાનું }
રથવું वेथ् ગ. ૧, આત્મને.
ું भू ગ. ૧, પરસ્મૈ.
ગે भविष्यति (भू ધાતુનું ભવિષ્યકાળ ત્રુ. પુ. નું એ. વ).
ાકવું श्रम् [श्राम] ગ. ૪, પરસ્મૈ.
ાકું प्रनष्ट વિશેષણ

દ

ક્ષિણા दक्षिणा સ્ત્રી.
ોહવો दुह् ગ. ૯, પરસ્મૈ
ંડવું दण्ड ગ. ૧૦.
રબાર राजद्वार ન.
રિયો उदधि પુ.; समुद्र પુ.
ાતાર दातृ વિશે.
ાસી दासी સ્ત્રી.
િયર देवृ પુ.
િવ્ય भगवत् વિશે

દિશા दिश् સ્ત્રી
દીકરા તરીકે માને- } पुत्रीकृत
લું, દત્તક કરેલું. }
વિશે.
દીકરાના જન્મ જેવું पुत्रजन्म-
सम વિશે.
દીકરી आत्मजा સ્ત્રી; पुत्री
સ્ત્રી; दुहितृ સ્ત્રી.
દીઠું दृष्ट (दृश् નો ભૂ. કૃ.)
દીલગીર दुःखित વિશે.;
विषण्ण ભૂ. કૃ.
દીવા दीप પુ.
દુઃખ क्लेश પુ.; दुःख ન.; पीडा
સ્ત્રી, व्यसन પુ.
દુઃખ દેવું तुद् ગ. ૬, ઉભય.
पीड् ગ. ૧૦.
દુઃખનો દરિયો दुःखोदधि
(दुःख ન. દુઃખ અને
उदधि પુ. દરિયો).
દુઃખી दुःखित વિશે.
દુઃખીથવું अव (ઉપ.) + सद्
[सीद्] ગ. ૧, પરસ્મૈ.
દુકાળ दुर्भिक्ष ન.
દુનિયાં लोक પુ. संसार પુ.
દુષ્ટ दुष्ट (दुष् ગ. ૪, પરસ્મૈ.
નો ભૂ. કૃ.)
દૂત दूत પુ.
દેખાતું दृश्यमान વિશે.
દેખાડવું दृ ગ. ૧૦.

દેરાણી કે જેઠાણી यातृ સ્ત્રી
દેવ दिवोकस् પુ, देव પુ, देवता સ્ત્રી, मरुत् પુ
દેવદાર देवदार પુ
દેવળ देवकुल ન
દેવોનો શિલ્પી त्वष्ट् પુ
દેશ देश પુ, जनपद ન, राष्ट्र [પુ
દેહ देह પુ
દૈત્ય असुर પુ, राक्षस પુ, रक्षस् ન, निशाचर પુ
દોડવું धाव् । १ પરસ્મૈ.
દોરડી रज्जु સ્ત્રી
દોરી જવું नी ગ १, ઉભય
દ્વેષ કરનાર द्विष्ट् પુ

ધ

ધડકવું स्पन्द । १, આત્મને, स्फुर् ગ ६, પરસ્મૈ
ધણી रमण પુ, स्वामिन् પુ
ધણીના ગુણોથી યુક્ત स्वामिगुणोपेत.
ધન अर्थ પુ, द्रव्य ન, वसु ન., वित्त ન
ધનવાન धनभाज् વિશે, धनक પુ
ધધો वृत्ति સ્ત્રી
ધરાવું तृप् । ४, પરસ્મૈ.
ધર્મ धर्म પુ
ધર્મશાસ્ત્રની આજ્ઞા ऋषि પુ
ધારણ કરવું धृ ગ १०
ધારવું गण ગ १०
ધીરજ धृति સ્ત્રી
ધ્રૂજવું वेप ગ १, આત્મને, कम्प् ગ १, આત્મને
ધૂળ पांसु પુ, रजस् ન
ધૃતરાષ્ટ્રનો પુત્ર धार्तराष्ट्र પુ
ધોવું क्षल् (क्षाल्) ગ १०
ધોળું श्वेत વિશે
ધ્યાન आध्यान ન

ન

ન ઓળખાય એવું अलक्ष्य नीय વિશે
નકલ प्रतिकृति સ્ત્રી
નક્કી एव અવ્યય
નગરવાસી पौर પુ
નદી नदी સ્ત્રી.
નણંદ ननान्दृ સ્ત્રી
નદી नद પુ, नदी સ્ત્રી.
નમવું नम् ગ १, પરસ્મૈ, नन्द् । १, આત્મને, अभि (ઉપ) + वाद् ગ १०
નમસ્કાર नमस् અવ્યય
નવું नव વિશે
ન મિલ दैन्य ન
નહિ न અવ્યય
નામ नामन् ન, अभिधान ન

ે નામ અવ્યય.
ી નારી સ્ત્રી
ા નાશ પુ.
ા પામવુ ધ્વંસ્ ગ. ૧, આત્મને.; નશ્ ગ. ૪, પરસ્મૈ. [ભૂ કૃ.]
ા પામેલું નષ્ટ (નશ્ નો
દવાલાયક ગર્હ્ય વિશેષણ
દવું નિન્દ્ ગ. ૧, પરસ્મૈ.
ંદા નિન્દા સ્ત્રી.
ગતવાળું નિર્વૃતિમત્ વિશે.
કળવુ નિર્ (ઉપ.) + ગમ્ [ગચ્છ્] ગ. ૧, પરસ્મૈ.
ધા દૃષ્ટિપ્રસાદ (દૃષ્ટિ સ્ત્રી નજર અને પ્રસાદ પુ. મહેરબાની).
નીપજવું ઉદ્ (ઉપ) + ભૂ ગ. ૧, પરસ્મૈ. નિસ્ (ઉપ) + પદ્ ગ ૪, આત્મને.
નીપજાવવુ નિર્ (ઉપ) + મા (નિર્મીયતે કર્મણિરૂપ.); સૃજ્ ગ. ૬, પરસ્મૈ.
નુકશાન અપાય પુ; અહિત ન.
નોતરવુ નિ (ઉપ.) + મન્ત્ર ગ ૧૦, આત્મને.
ન્યાયશાસ્ત્ર ન્યાય પુ.
ન્યાયશાસ્ત્ર જાણનાર નૈયાયિક પુ.
ન્હાનું પ્રતનુ વિશે.
ન્હાવુ અવ (ઉપ.) + गाह् ગ. ૧, આત્મને.

પ.

પકડવુ અવ (ઉપ.) + લમ્બ્ ગ ૧, આત્મને.
પક્ષી વિહગ પુ.
પગ પાદ પુ.
પંખી પક્ષિન્ પુ
પછી તતઃ અવ્યય; પશ્ચાત્ અવ્યય; અનન્તરમ્ અવ્યય.
પચવટી પઞ્ચવટી સ્ત્રી
પટરાણી મહિષી સ્ત્રી.
પડવું (ક્રિયાપદ) પત્ ગ. ૧, પરસ્મૈ
પડવુ (ક્રિયાવાચક નામ) પતન [ન.
પડેલું પતિત (પત્ નો ભૂ. કૃ).
પડોશ સન્નિધિ સ્ત્રી.
પણ અપિ અવ્યય; કિન્તુ અવ્યય; પરતુ અવ્યય.
પંડ આત્મન્ પુ.
પડિત પણ્ડિત પુ.
પથ્થર અશ્મન્ પુ; દૃશદ્ સ્ત્રી, શિલા સ્ત્રી.
પથારી શય્યા સ્ત્રી.
પરણવુ પરિ (ઉપ.) + ની ગ. ૧, ઉભય.
પરમેશ્વર જગત્કર્તૃ પુ; ઈશ્વર [પુ
પરાક્રમ પરાક્રમ પુ.

પગાગ रजस् न
પરાધીન परवत् विशे
પરિણામ परिणाम पु
પરિગ્રહ ग्रहन् न
પરીક્ષા લેવી परि (उप) + ईक्ष् ग. १, આત્મને
પરૂણો अतिथि पु
પર્વત गिरि पु, पर्वत पु, शिखरिन् पु
પવન पवन पु, मरुत् पु, वात पु, मारुत पु, वायु पु
પવિત્ર पुण्य न
પવિત્ર કરાયલુ पूत (पू नो भू
પશુ पशु पु [कृ]
પસરવુ प्र (उप) + सृ ग. १, પરસ્મૈ
પહેરેલુ परिहित [परि (उप) + धा नो भू कृ]
પહેના युग અવ્યય
પહેલુ प्रथम विशे
પહોંચેલુ प्राप्त [प्र (उप) + आप् नो भू कृ]
પાદડુ पर्ण न
પાછા આવવુ नि (उप) + वृत् ग. १, આત્મને
પાછા વળવુ परा (उप) + वृत् ग. १, આત્મને
પાઠ पाठ पु
પાઠશાળા पाठशाला સ્ત્રી.
પાડો महिष पु
પાણી उदक न जल वारि न, पयस न
પાપ पाप न
પાપી पाप विशे
પામવુ प्र (उप) + आप्
પામેલુ प्राप्त [प्र (उप) आप् नो भू कृ]
પાર पार पु
પારકુ परकीय विशे.
પારધી व्याध पु
પાવન पूत (पू नो भू कृ)
પાળનાર पालक विशे
પાળો पत्ति पु
પિગળવુ द्रु ग. १, પરસ્મૈ
પિંડ पिण्ड पु
પીડવુ पीड ग. १०
પીડા पीडा સ્ત્રી, व्यथा स्त्री
પીવુ पा [पिब्] ग. १, પરસ્મૈ (કર્મણિરૂપ पी)
પુણ્ય पुण्य न.
પુણ્યશાળી पुण्यवत् विशे
પુરુષ पुरुष पु, नृ पु
પુરુષાતન प्रसूत विशे
પુસ્તક ग्रन्थ पु पुस्तक न
પૂછડી पुच्छ पुच्छकावलम्बन न (पुच्छ न अने अवलम्बन न ...)
...ड़ू लाङ्गूल न

પૂછવુ प्रच्छ् [पृच्छ्] ગ. ૧, પરસ્મૈ [કૃ.].
પૂછેલુ पृष्ट (प्रच्छ् ના ભૂ
પૂજવુ पूज् ગ. ૧૦, यज् ગ ૧, ઉભય
પૂજા पूजा સ્ત્રી.
પૂજાનો સામાન अर्घ्य ન.
પૂજ્ય भगवत् વિશે.
પૂર્વેનુ સત્કર્મ प्रथमसुकृत ન. (प्रथम પહેલુ અને सुकृत ન. સત્કર્મ)
પૃથ્વી पृथ्वी સ્ત્રી, पृथिवी સ્ત્રી; वसुधा સ્ત્રી; भूमि સ્ત્રી; मही સ્ત્રી.; मेदिनी સ્ત્રી
પેઠે इव અવ્યય
પેઠેલુ प्रविष्ट {प्र (ઉપ) + विश् ના ભૂ કૃ.}
પેદા કરનાર धातृ પુ.
પેસવુ विश् ગ. ૬, પરસ્મૈ.
પૈડુ चक्र ન.
પૈસો अर्थ પુ
પોતાની ફરજ स्वकृत्य ન
પોતાનુ स्वीय વિશે.
પોતાનો સુનક स्वविषय પુ.
પોપટ शुक પુ
પોષવુ पुष् ગ ૯, પરસ્મૈ.
પ્રકાશ प्रकाश પુ.
પ્રકાશવુ द्युत् ગ. ૬, પરસ્મૈ.
પ્રખ્યાત यशस्वत् વિશે

પ્રતિમા मूर्ति સ્ત્રી.
પ્રધાન अमात्य પુ.; सचिव પુ., धीसचिव પુ, प्रकृति સ્ત્રી.
પ્રધાન મડળી प्रकृति સ્ત્રી.
પ્રમાણ प्रमाण ન.
પ્રવીણ निष्णात {नि (ઉપ) + स्ना ના ભૂ. કૃ.}
પ્રવીણતા कौशल ન, प्रावीण्य ન
પ્રસન્ન प्रसन्न {प्र (ઉપ.) + सद् ના ભૂ. કૃ}
પ્રસન્નતા अनुरञ्जन ન; प्रीति સ્ત્રી
પ્રસિદ્ધ કરવુ प्रथ् ગ. ૧૦.
પ્રાણી प्राणिन् પુ.
પ્રાર્થના स्तुति સ્ત્રી
પ્રીતિ प्रेमन् પુ. ન; प्रीति સ્ત્રી, स्नेह પુ.
પ્રેમ प्रेमन् પુ. ન
પ્રેરણા प्रवर्तन ન

ફ

ફરકવુ स्पन्द् ગ ૧, આત્મને, स्फुर् ગ. ૬ આત્મને
ફરજ धर्म પુ.
ફરમાવેલુ विहित {वि (ઉપ) + धा ના ભૂ. કૃ.}
ફરસો परशु પુ.

બુદ્ધિ बुद्धि સ્ત્રી ; मति સ્ત્રી
બુદ્ધિની શક્તિ बुद्धिप्रभाव (बुद्धि સ્ત્રી. બુદ્ધિ અને प्रभाव પુ. શક્તિ)
બુદ્ધિવાન मेधाविन् વિશે.; धीमत् વિશે.
બૂડવુ निमग्न {नि (ઉપ) + मस्ज् નો ભૂ. કૃ }.
બેટ द्वीप પુ.
બેભાન થવુ मुह् ગ ૪, પરસ્મૈ.
બેસવુ उप (ઉપ) + विश् ગ. ૬ પરસ્મૈ.; नि (ઉપ) + सद् [निषीद्] ગ. ૧, પરસ્મૈ.
બોલવાની છટા वाक्पटुता સ્ત્રી. (वाक् સ્ત્રી વાણી અને पटुता સ્ત્રી હુશિયારી).
બોલાવવુ ह्वे ગ. ૧, ઉભય.
બોલેલું उक्त (वच् નો ભૂ. કૃ)
બ્રહ્મને જાણનાર ब्रह्मविद्
...
... ...स પુ.
ભજવવુ नाट् ગ. ૧૦.
ભજવુ भज् ગ. ૧, ઉભય.
ભટકવુ अट् ગ. ૧, પરસ્મૈ
ભંડાર कोश પુ.; निधि પુ
ભમરો अलि પુ, मधुकर પુ
ભમવુ अट् ગ. ૧, પરસ્મૈ.
ભય भय પુ.
ભયંકર भयङ्कर વિશે.
ભરવુ मृ ગ ૧, ઉભય (म्रियते કર્મણિ રૂપ)
ભલું हित ન.
ભાઈ भ्रातृ પુ. बान्धव પુ
ભાત ओदन પુ.
ભાગ भाग પુ
ભાવવુ स्वाद् ગ ૧, આત્મને
ભીખમાગવી } भिक्ष् ગ. ૧
ભીખવુ } આત્મને.
ભુજ बाहु પુ.
ભુંડ किरि પુ.; वराह પુ.
ભૂલ ખાવી मद् [माद्] ગ ૪, પરસ્મૈ.
ભેટ उपहार પુ.
ભેટવુ कुस् ગ. ૪, પરસ્મૈ
श्लिष् ગ. ૪, પરસ્મૈ.
ભેદવુ भिद्.

મિથ્યાપદાર્થની કલ્પના अव-
 स्तारोप પુ.
મીઠા બોલાપણું प्रियवादित्व
 ન.
મીઠું लवण ન.
 ીઠું બોલનાર प्रियवादिन्
 વિશે.
 ુખ્ય मुख्य વિશે.; प्रधानतम
 વિશે.
 રખામી वैयात्य ન.
 ુસાફર पान्थ પુ.
 ુસાફરીનો થાક अध्वखेद પુ.
 (अध्वन् પુ. રસ્તો; खेद પુ.
 થાક.)
 ુહૂર્તની ઘડી લગ્નવેળા
 સ્ત્રી
 ૂકવું मुच् [मुञ्च] ગ. ૧,
 પરસ્મૈ.
 ૂકાયું मुक्त(मुच् નો ભૂ.કૃ.)
 ૌનપણું मौन ન.
 ેળવું प्र(ઉપ.)+आप्; अव
 (ઉપ.)+आप्, अधि(ઉપ.)
 [illegible] [गच्छ] ગ. ૧,
 [illegible] ગ. ૧,
 [illegible]

મોકલવું प्र (ઉપ)+हि.
મોકલેલું प्रस्थापित વિશે.
મોક્ષ मुक्ति સ્ત્રી; मोक्ष પુ.
મોટું महत् વિશે.; ज्यायस
 વિશે
મોટો શત્રુ महारिपु પુ
મોત मृत्यु પુ.
મોર मयूर પુ.
મ્હોં मुख ન
મ્હોં મલકાવવું स्मि ગ. ૧,
 આત્મને.

ય.

યક્ષ यक्ष પુ
યજ્ઞ કરનાર यजमान પુ.
યજ્ઞ કરવો यज् ગ ૧,ઉભય;
 आ (ઉપ)+हु ગ. ૧,
 પરસ્મૈ
યજ્ઞનું / યજ્ઞસંબંધી } यज्ञिय વિશે
યંત્ર यन्त्र ન
યાદદાસ્ત स्मृति સ્ત્રી
યાદ રાખવું स्मृ ગ. ૧,
 પરસ્મૈ

રક્ષક रक्षितृ પુ
રક્ષણ रक्षण ન , रक्षा સ્ત્રી
રક્ષણ કરનાર रक्षितृ વિશે
રક્ષણ કરવું रक्ष् ગ ૧ પરસ્મૈ
રક્ષવું अव् ગ ૧ પરસ્મૈ
રક્ષાયલું रक्षित (रक्ष् નો ભૂ કૃ)
રઘુરાજાના વંશજ रघु પુ
બ વ
રંગ वर्ण પુ
રંગબેરંગી विचित्र વિશે
રચવું रच् ગ ૧૦, प्र (ઉપ) + नी ગ ૧, ઉભય.
રડવું रुद्
રણભૂમિ समराङ्गण ન.
રત્ન रत्न ન.
રત્નરૂપ સ્ત્રી स्त्रीरत्न ન
રથ रथ પુ
રમત क्रीडा સ્ત્રી
રમવું क्रीड् ગ ૧, પરસ્મૈ , रम् ગ ૧, આત્મને
રસ रस પુ
રસ્તો वर्त्मन् ન , रीति સ્ત્રી.
રહેવું अभ्युपिरम विशे
રાખે
...वु अर्पित विशे.
...ી सर्वत्र અવ્યય

રાજનીતિ नीति સ્ત્રી.
રાજા राजन् પુ , नृप પુ , पति પુ , भूप પુ , भूभृत
पार्थिव પુ
રાજપણું नृपत्व ન.
રાજા બનાવવાને अभिषेच [अभि (ઉપ) + सिच् ...
હે. કૃ.]
રાજ્ય राज्य ન [વ
રાજ્ય કરવું शासन् (शास्
રાજ્ય ચલાવવું शास्.
રાજ્યના લોભથી ખેંચ
राज्यलोभाकृष्ट
રામની બહેન शान्ता ...
રીત रीति સ્ત્રી.
રુચિ अभिरुचि સ્ત્રી.
રૈયત प्रजा સ્ત્રી.
રોગ व्याधि પુ

લ.

લઈ જવું नी ગ ૧, ઉભય
ગ. ૧, પરસ્મૈ
લઈ બેસવું ૯. પરસ્મૈ
લજ્જાવાન ...
...ક प्रीति સ્ત્રી
લાકડું (સ્ત્રી) पीठ સ્ત્રી.
લાગે છે તેમનું अनात्र અવ્યય